શ્રી

# પ્રકરણ રત્ન સંગ્રહ

## વિભાગ ૨ જો.

પંચસંયત, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ, પુદ્ગળપરાવર્ત્ત પ્રકરણ, સમ્યક્ત્વસ્તવ પ્રકરણ અને જીવાભિગમસંગ્રહણી-પાંચ પ્રકરણોનો સંગ્રહ

: પ્રકાશક :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

શ્રી

# પ્રકરણ રત્ન સંગ્રહ

## વિભાગ [illegible]જો.

પંચસંયત, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ, [illegible]
પ્રકરણ, સમ્યક્ત્વસ્તવ પ્રકરણ અને જીવાભિ-
ગમસંગ્રહણી–પાંચ પ્રકરણોનો સંગ્રહ

સાધ્વીજી **લાભશ્રીજી**ના નામસ્મરણાર્થે તેમના પરિ-
વારના સાધ્વીઓની પ્રેરણાથી તૈયાર કરી


છપાવી પ્રસિદ્ધ કરનાર

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**

**ભાવનગર.**

વીર સંવત ૨૪૬૭ ] : : [ વિક્રમ સં. ૧૯૯૭

કિંમત આઠ આના.

# અનુક્રમણિકા.


| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રી પંચસંયત પ્રકરણ. | સાર્થ. | ગાથા ૧૦૬ | ૧ |
| ૨ | શ્રી દીવસાગરપન્નત્તિ સૂત્ર. | સાર્થ. | ગાથા ૨૨૦ | ૩૯ |
| ૩ | શ્રી પુદ્ગળપરાવર્ત પ્રકરણ. | સટીક. | ગાથા ૧૧ | ૮૯ |
| | સદરહુ પ્રકરણનો અર્થ. | | | ૯૫ |
| ૪ | શ્રી સમ્યક્ત્વસ્તવ પ્રકરણ. | સટીક. | ગાથા ૨૫ | ૯૭ |
| | સદરહુ પ્રકરણનો અર્થ. | | | ૧૧૩ |
| ૫ | શ્રી જીવાભિગમસંગ્રહણી પ્રકરણ. | સાર્થ. | ગાથા ૨૨૦ | ૧૧૭ થી ૧૬૮ |



મુદ્રક:—શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

શ્રી મહોદય પ્રીન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

# પ્રસ્તાવના.

ગુરુણીજી લાભશ્રીજીનો દીક્ષાપર્યાય ( ૫૭ ) વર્ષોનો હતો. તેઓ સં. ૧૯૯૬ ના કાર્તિક વદિ નોમે કાળધર્મ પામ્યા છે. ભાવનગરનો શ્રાવિકા સમુદાય ઉપર તેમનો અસીમ ઉપકાર છે. શ્રાવિકાવર્ગે તેમની યાદગિરિ કાયમ રાખવા સારુ એક ફંડ કરીને "**શ્રી લાભશ્રીજી શ્રાવિકાશાળા**"નું સ્થાપન તેમની હયાતીમાં કર્યું છે જે અવિચ્છિન્નપણે ચાલે છે. તે શ્રાવિકાશાળામાં શ્રાવિકાઓ અને મોટી ઉમરની કન્યાઓ પ્રકરણાદિકનો અભ્યાસ કરે છે. અધ્યાપન નિમિત્તે સ્ત્રીશિક્ષિકાઓ રાખેલ છે. સાધ્વીજી લાભશ્રીજીનો શાસ્ત્રાભ્યાસ બહુ સારો હતો. ઘણી શ્રાવિકાઓ તથા સાધ્વીઓને તેઓ અભ્યાસ કરાવતા હતા. તેમનું ચારિત્ર નિર્મળ હતું. તેમની શિષ્યા-પ્રશિષ્યાની સારી સંખ્યા છે કે જે પોતાની ફરજ બજાવે છે. એમના પરિવારના સાધ્વીઓની વારંવારની પોતાનાં ગુરુણીજીની યાદગિરિ પુસ્તકરૂપે કાયમ રાખવાની પ્રેરણાથી શ્રી જૈનધર્મ પ્રસારક સભા મારફત તેમણે ઘણાં સૂત્રો તથા પ્રકરણો વિગેરે બહાર પાડેલ હોવાથી તે સભાના સભ્યોએ તેમની પ્રિયતા પ્રકરણો તરફ વિશેષ હોવાથી પ્રથમ **પ્રકરણ-રત્નસંગ્રહ** તેમની હયાતિમાં બહાર પાડેલ છે, તેના બીજા વિભાગ તરીકે આ પુસ્તકમાં અત્યંત જરૂરી અને અપ્રસિદ્ધ પાંચ પ્રકરણો બહાર પાડી તેમની યાદગિરિ પુસ્તકરૂપે કાયમ રાખવા માટે આ પગલું ભર્યું છે.

આ વિભાગમાં પાંચ પ્રકરણો સમાવેલા છે. તેમાં મુખ્યત્વે નીચે જણાવેલ હકીકતો છે.

**૧. પ્રથમ પંચસંયત પ્રકરણ**—પંડિત શ્રી જીવવિજયજીવિરચિત ગાથા ૧૦૬ નું અર્થ સાથે આપ્યું છે. આ પ્રકરણ શ્રીભગવતી સૂત્રના ૨૫મા શતકના સાતમા ઉદ્દેશા ઉપરથી રચેલું છે. તેમાં સામાયિકાદિ પાંચ પ્રકારના સંયત ઉપર ૩૬ દ્વાર ઉતારેલા છે. પંચનિર્ગ્રંથી પ્રકરણ પ્રમાણે જ

આ પ્રકરણની રચના છે. આ પ્રકરણ બનેલું છે એવી હકીકત તજવીજ કરતાં પણ ન જણાવાથી અમે આ પ્રકરણ ગુજરાતી ભાષામાં બનાવીને છપાવેલું છે, જેમાં શ્રીભગવતી સૂત્રની ટીકામાંથી એ પ્રકરણ પૂરતો ભાગ મૂળ પણ છપાવેલ છે. ત્યારપછી આ પ્રકરણની ટબાવાળી પ્રતો લભ્ય થવાથી અમે આ બુકના પ્રારંભમાં અર્થ સાથે તે મૂકેલ છે. આ પ્રકરણ મુનિમહારાજ માટે અત્યંત ઉપયોગી છે, વાંચવાથી અનેક વસ્તુઓનો બોધ થઇ શકે તેમ છે.

૨. **બીજું શ્રી દીવસાગરપન્નત્તિ સૂત્ર**–જે ગાથાબદ્ધ પ્રકરણ જેવું છે. તેની ગાથા ૨૨૦ છે તે અર્થ સાથે દાખલ કરેલ છે. તેને માટે ઘણો જ પરિશ્રમ કરવો પડ્યો છે. પ્રતોમાં ગાથા પણ અશુદ્ધ જણાવાથી તેની ચાર પ્રતો મેળવ્યા છતાં શુદ્ધ પ્રત ન મળવાથી યથામતિ શુદ્ધ કરી કરાવીને તેના અર્થ લખ્યા છે. તેમાં જ્યાં બરાબર ન સમજાણું ત્યાં તે હકીકત સ્પષ્ટ જણાવી છે. આ સૂત્રમાં માનુષોત્તર પર્વતથી માંડીને રુચક ને કુંડળદ્વીપ તથા તે નામના સમુદ્ર સુધીની હકીકત આપવામાં આવી છે. તેમાં નવી જાણવા જેવી અનેક બાબતો સમાવેલી છે તે વાંચવાથી સમજાય તેમ હોવાથી અહીં તેનો વધારે વિસ્તાર જણાવ્યો નથી. ખાસ કરીને અસંખ્ય સમુદ્રોમાં પણ લવણસમુદ્ર પ્રમાણે બંને બાજુના દ્વીપોની જગતીથી ૯૫૦૦૦ યોજન ગોતીર્થ છે અને ત્યારપછી બાકી રહેતા મધ્ય ભાગમાં એકસરખા એક હજાર યોજન બધા સમુદ્રો ઊંડા છે એ બાબત છે. તે સિવાય અનેક દ્વીપો ને સમુદ્રોમાં અનેક દેવોની રાજધાનીઓ–નગરીઓ ઉત્પાતસ્થાનો વિગેરે છે તે બતાવેલ છે. શક્ર ને ઇશાન ઇંદ્રના ૮૪૦૦૦ ને ૮૦૦૦૦ સામાનિક દેવોની તેટલી સંખ્યામાં રાજધાનીઓ છે. બીજા પણ લોકપાળ, ત્રાયત્રિંશ દેવો વિગેરેની રાજધાનીઓ છે. રુચકદ્વીપમાં ૫૬ દિશાકુમારિકાઓ પૈકી ૪૦ દિશાકુમારિકાઓના કૂટો છે તેનું વર્ણન છે. આવી અનેક જાણવા જેવી બાબતો સમાવેલી છે.

૩. **ત્રીજું પુદ્ગળ પરાવર્ત સ્તવન**–પ્રકરણ રૂપે જ ગાથા ૧૧ નું ટીકા સાથે આપેલું છે. તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ–એ ચારે પ્રકારના

અને દરેક સૂક્ષ્મ ને બાદર મળી આઠ પ્રકારના પુદ્ગળપરાવર્તોનું સ્વરૂપ આપેલું છે. તેની મૂળ ગાથાઓનો અર્થ પણ અમે આપ્યો છે. આ નાનું સરખું પ્રકરણ પણ બહુ ઉપયોગી અને સમજવા યોગ્ય છે.

૪. **ચોથું સમ્યક્ત્વસ્તવ પ્રકરણ**–ગાથા ૨૫ નું ટીકા સાથે આપેલું છે. તેમાં સમકિતનું સ્વરૂપ અને તેના એક, બે, ત્રણ, ચાર, પાંચ ભેદો સારી રીતે સમજાવ્યા છે. પ્રકરણ ખાસ અભ્યાસ કરવા લાયક છે. આ પ્રકરણ અમે પ્રકરણરત્નસંગ્રહ ભાગ પહેલાના પ્રારંભમાં વિસ્તારયુક્ત અર્થ સાથે છપાવેલ છે. આમાં એની મૂળ ગાથા ૨૫ નો ગુજરાતી અર્થ આપ્યો છે.

૫. **પાંચમું જીવાભિગમસંગ્રહણી નામનું પ્રકરણ**–૨૨૦ ગાથાનું અર્થ સહિત આપ્યું છે. આ પ્રકરણમાં જીવાભિગમ સૂત્રમાં આપેલી જીવ સંબંધી નવ **પ્રતિપત્તિઓ** પૈકી પહેલી પ્રતિપત્તિમાં જીવના બે પ્રકાર **ત્રસ** ને **સ્થાવર** છે તેનું સ્વરૂપ આપ્યું છે. ત્રણ પ્રકારના સ્થાવર ને ત્રણ પ્રકારના ત્રસના ઉત્તરભેદો ઉપર ૨૩–૨૩ દ્વાર ઉતાર્યા છે. ઉપલક્ષણથી ૨૪ મું તે તે જીવોની સંખ્યાનું દ્વાર પણ આપ્યું છે. આ પ્રકરણમાં ઘણી હકીકતો જાણવા જેવી સમાવેલી છે તેથી તે ખાસ વાંચવા ને વિચારવા લાયક છે.

આ પ્રકરણમાં જીવ સંબંધી પ્રચલિત સ્વરૂપ કરતાં કેટલીક વિશિષ્ટતાઓ દર્શાવેલી છે પરંતુ તે પ્રકરણ જ વાંચવાની ભલામણ કરવી યોગ્ય લાગવાથી અહીં તે બતાવેલ નથી.

આ જીવાભિગમસૂત્રમાં બીજી આઠ પ્રતિપત્તિઓમાં શું શું અધિકાર છે? તે પ્રસંગોપાત જાણવા–સમજવા માટે આ નીચે બતાવીએ છીએ.

બીજી પ્રતિપત્તિમાં ૩ પ્રકારના જીવ ત્રણ વેદવાળા છે તેનું સ્વરૂપ કહ્યું છે.

ત્રીજી પ્રતિપત્તિમાં ચાર ગતિઆશ્રી ચાર પ્રકારના જીવો છે તેનું

વર્ણન બહુ વિસ્તારથી આપ્યું છે. જીવાભિગમ વૃત્તિના એમાં ૩૨૦ પૃષ્ઠ રોકયાં છે.

ચોથી પ્રતિપત્તિમાં પાંચ પ્રકારના જીવો એકેંદ્રિયાદિ છે તેનું સ્વરૂપ કહ્યું છે.

પાંચમી પ્રતિપત્તિમાં છ પ્રકારના જીવ પૃથ્વીકાયાદિ છકાયના છે તેનું સ્વરૂપ કહ્યું છે.

છઠ્ઠી પ્રતિપત્તિમાં જીવના સાત પ્રકારનું સ્વરૂપ કહ્યું છે. નારકીનો ૧, તિર્યંચના ૨, મનુષ્યના ૨, દેવના ૨ એમ ૭ પ્રકાર બતાવેલ છે.

સાતમી પ્રતિપત્તિમાં આઠ પ્રકારના જીવનું સ્વરૂપ કહ્યું છે. પ્રથમસમયનિષ્પન્ન નારકી ને અપ્રથમસમયનિષ્પન્ન નારકી એમ ચારે ગતિ આશ્રી આઠ ભેદ કહ્યા છે.

આઠમી પ્રતિપત્તિમાં નવ પ્રકારના જીવોનું સ્વરૂપ કહ્યું છે. પાંચ પ્રકારના સ્થાવર અને ચાર પ્રકારના ત્રસ.

નવમી પ્રતિપત્તિમાં દશ પ્રકારના જીવનું સ્વરૂપ કહ્યું છે. પ્રથમસમયનિષ્પન્ન એકેંદ્રિય ને અપ્રથમસમયનિષ્પન્ન એકેંદ્રિય એમ પાંચે ઇંદ્રિયવાળા જીવ આશ્રી બે બે ભેદ કરીને દશ ભેદનું સ્વરૂપ કહ્યું છે.

આ પ્રતિપત્તિઓનું સ્વરૂપ પ્રકરણરૂપે કોઇ પૂર્વપુરુષે કરેલું હોવા સંભવ છે, પરંતુ અમને લભ્ય થયેલ નથી. કોઇના જાણવામાં હોય કે જાણવામાં આવે તો તે અમને જણાવશે તો ઉપકાર માની તેને પ્રગટ કરવા પ્રયત્ન કરશું.

ઉપર પ્રમાણે આ બુકમાં આવેલાં પાંચ પ્રકરણોની ટૂંકી હકીકત છે. પ્રથમ પ્રકરણમાં કર્તાનું નામ છે. બાકીના ચારેમાં કર્તાનું નામ નથી, પરંતુ પ્રાચીન આચાર્યના રચેલા છે તે ચોક્કસ છે.

આ પાંચે પ્રકરણો પૈકી ત્રીજા, ચોથા પ્રકરણની સટીક પ્રેસકૉપી પાટણથી મુનિરાજશ્રી **પુણ્યવિજયજી**એ મોકલેલી હોવાથી તેનો આભાર

માનવામાં આવે છે. પ્રથમ પ્રકરણની ટબાવાળી પ્રત પં. ગંભીરવિજયજી મહારાજના પુસ્તકમાંથી મળી આવેલ છે. દીવસાગરપન્નત્તિની ચાર પ્રત આચાર્યશ્રી વિજયનેમિસૂરિની, આ. શ્રી વિજયમોહનસૂરિની, આ. શ્રી વિજયસિદ્ધિસૂરિની અને પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજની આવી છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે. જીવાભિગમ સંગ્રહણીની લખેલી પ્રત તો પ્રવર્તકશ્રી કાંતિવિજયજી તરફથી જ મળી છે. બીજે કોઈ સ્થળેથી મળી શકી નથી. મોકલનાર મહાપુરુષોનો આભાર માનીએ છીએ.

આ પાંચે પ્રકરણ છપાવતાં રહી ગયેલી અશુદ્ધિનું શુદ્ધિપત્ર કરાવીને આ સાથે આપવામાં આવેલ છે. આ વિભાગ છપાવવા માટે પાંચે પ્રકરણોનો અર્થ લખવામાં છદ્મસ્થપણાથી જે અશુદ્ધિ રહી ગઈ હોય કે સૂત્રવિરુદ્ધ અર્થ લખાયા હોય તેને માટે ક્ષમાયાચના છે.

સાધ્વીજી લાભશ્રીજીનું ટૂંકું ચરિત્ર શ્રી લઘુ ક્ષેત્રસમાસની બુકના પ્રારંભમાં મૂકેલું છે અને તેમના પ્રયાસથી પ્રસિદ્ધ કરેલ સૂત્ર ગ્રંથાદિનું લીસ્ટ લઘુ ચોવીશીવીશીસંગ્રહમાં આપેલ છે; તેથી અહીં તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું નથી.

કુંવરજી આણંદજી.
ભાવનગર

## ગુરુણીજી વિવેકશ્રીજીના શિષ્યા ગુલાબશ્રીજીના શિષ્યા લાભશ્રીજી. તેમની શિષ્યા ૧૧.

| | |
|---|---|
| ૧ દયાશ્રીજી | તેની શિષ્યા ઉત્તમશ્રીજી, +દર્શનશ્રીજી, +વિજ્ઞાનશ્રીજી |
| + ૨ માણેકશ્રીજી | |
| + ૩ તિલકશ્રીજી | |
| + ૪ કમળશ્રીજી | |
| + ૫ નિધાનશ્રીજી | તેની શિષ્યા બુદ્ધિશ્રીજી |
| + ૬ ક્ષમાશ્રીજી | તેની શિષ્યા હરખશ્રીજી |
| + ૭ કંચનશ્રીજી | તેની શિષ્યા +જંબુશ્રીજી |
| ૮ હરકોરશ્રીજી | તેની શિષ્યા હેમતશ્રીજી |
| ૯ તિલકશ્રીજી | તેની શિષ્યા +અમરશ્રીજી |
| +૧૦ સુભદ્રાશ્રીજી | |
| ૧૧ કાન્તિશ્રીજી | |

---

સા. ઉત્તમશ્રીજીની

| | |
|---|---|
| ૧ મંગળશ્રીજી | તેની શિષ્યા નવલશ્રીજી |
| ૨ મણિશ્રીજી | તેની શિષ્યા પુષ્પાશ્રીજી, મનોરશ્રીજી- [ તેની શિષ્યા શાન્તિશ્રીજી |
| ૩ ચંપકશ્રીજી | |

સા. હેમતશ્રીજીની

| | |
|---|---|
| ૧ રતનશ્રીજી | ૩ મહિમાશ્રીજી |
| + ૨ વિમળાશ્રીજી | ૪ પ્રધાનશ્રીજી |
| | ૫ પુષ્પાશ્રીજી |

---

+ સા. વિજ્ઞાનશ્રીજીની શિષ્યા

૧ વીરશ્રીજી — તેની શિષ્યા નંદનશ્રીજી, લલિતશ્રીજી

+ આ નિશાનીવાળા સાધ્વી કાળધર્મ પામેલા છે એમ સમજવું.

# શુદ્ધિપત્રક.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૧૨ | अहखाओ | अहक्खाओ |
| ૪ | ૧ | લાગે | લગે |
| ૧૩ | ૧૨ | सुहुमं | सुहुम |
| ૧૪ | ૧૮ | सर्लिगो | सलिंगो |
| ૧૬ | ૬ | परिशरो | परिहारो |
| ૧૯ | ૨ | सुहुममस्स | सुहुमस्स |
| ૨૪ | ૨૧ | યથાખ્યાત સંવત | યથાખ્યાત સંયત |
| ૨૫ | ૧ | કરે છે | કહે છે |
| ૨૬ | ૧ | सुहुयं | सुहुमं |
| ૨૭ | ૧૬ | ત્રીજા બન્ને ચોથા | ત્રીજા ચોથા |
| ૩૩ | ૧૫ | હવે ત્રીશમું | હવે એકત્રીશમું |
| ૩૪ | ૪ | હવે ૩૧ મું | હવે ૩૨ મું |
| ૩૪ | ૧૧ | હવે ૩૨ મું | હવે ૩૩ મું |
| ૪૬ | ૫ | जोयणसया | जोयणसयाइं |
| ૪૭ | ૧૯ | આ ગાથાનો શબ્દાર્થ બેઠો નથી | આ ન જોઇએ. |
| ૪૯ | ૨૦ | भूयवणं | चूयवणं |
| ૪૯ | ૨૧ | શતપર્ણ | સપ્તપર્ણ |
| ૪૯ | ૨૨ | ભૂતવન | ચૂતવન |
| ૫૯ | ૮ | पुंडरिं | पुंडरी |

| | | | |
|---|---|---|---|
| ६२ | २ | गुमाय | गुम्माय |
| ६७ | १५ | एयं | एया |
| ७४ | ६ | એ અરૂણ | એ અરૂણ |
| ७५ | २ | दीवाहिवइ | दीवेसु |
| ८४ | ९ | उत्तरेणं | उत्तरेण |
| ८४ | १७ | तहो | तहा |
| ८६ | ६ | सोमजणाणं | सोमंजणाणं |
| ८९ | ४ | भगवस्तव | भगवंस्तव |
| १०० | ७ | पूरं | पुरं |
| १०३ | १२ | अव्रत्तोऽपि | अव्रतोऽपि |
| १०६ | १३ | उपशभ | उपशम |
| १०८ | १९ | दोर्हिं | दोहिं |
| १२५ | ४ | तिलेर्हिं | तिलेहिं |
| १२६ | ११ | चिंतण | चिंतणं |
| १२८ | २१ | અંતમુહૂર્ત્તની | અંતર્મુહૂર્ત્તની |
| १३० | १० | सुइमुहा | सूइमुहा |
| १३२ | १९ | ફલખિટકા | ફલખિંટકા |
| १३९ | १३ | जिर्णिदेहिं | जिणिंदेहिं |
| १५८ | २० | पंय | पंच |

पंडित श्रीजीवविजयजीविरचित

# पंचसंयत प्रकरण

## अनुवाद सहित

वंदित्तु वद्धमाणं, तित्थयरं भवजियहियट्ठाए ।
सामाइयाइसंजय–सरूवलेसं पवक्खामि ॥ १ ॥

**અર્થ—શ્રીવર્દ્ધમાનસ્વામી** તીર્થંકરને નમસ્કાર કરીને ભવ્યજીવોના હિતને માટે સામાયિકાદિ પાંચ સંયત( સંયમ )નું સ્વરૂપ હું કહું છું. ૧. આ ગાથામાં મંગળ, અભિધેય ને પ્રયોજન કર્ત્તાએ બતાવ્યા છે. સંબંધ તો અર્થાપત્તિગમ્ય છે. ( ૧ ).

पण्णवण १, वेय २, रागे ३, कप्प ४, नियंठ ५, पडिसेवणा ६, नाणे ७। तित्थे ८, लिंग ९, सरीरे १०, खेत्ते ११, काल १२, गइ १३, संजय १४, निगासे १५ ॥ २ ॥ जोगुवओग १६-१७, कसाए १८, लेसा १९, परिणाम २०, बंध २१, वेएय २२। कम्मोदीरण २३, उवसंपजहण २४, सन्ना य २५, आहारे २६ ॥ ३ ॥ भव २७, आगरिसे २८, कालंतरे २९-३०, समुग्घाय ३१, खेत्त ३२, फुसणा ३३ य। भावे ३४, परिमाणे ३५, खलु अप्पाबहु ३६, संजयाणमिमे ॥ ४ ॥

**અર્થ**—આ ત્રણ ગાથામાં પાંચ પ્રકારના સંયત ઉપર ઉતારવાનાં ૩૬ દ્વારનાં નામ કહ્યાં છે. વાચકની અનુકૂળતા માટે જણાવેલ

પાંચ સંયતનાં નામ આ પ્રમાણે છે—૧. સામાયિક, ૨. છેદોપસ્થાપનીય, ૩. પરિહારવિશુદ્ધિક, ૪. સૂક્ષ્મસંપરાય ને ૫. યથાખ્યાત.

છત્રીશ દ્વારનાં નામ ત્રણ ગાથામાં કહ્યાં છે તે આ પ્રમાણે:—

૧. પ્રજ્ઞાપના, ૨. વેદ, ૩. રાગ, ૪. કલ્પ, ૫. નિયંઠ એટલે નિર્ગ્રંથ, ૬. પ્રતિસેવના( વિરાધના), ૭. જ્ઞાન, ૮. તીર્થ, ૯. લિંગ, ૧૦. શરીર, ૧૧. ક્ષેત્ર, ૧૨. કાળ, ૧૩. ગતિ, ૧૪. સંયમ, ૧૫. નિકાસ (સંનિકર્ષ), ૧૬. યોગ, ૧૭. ઉપયોગ, ૧૮. કષાય, ૧૯. લેશ્યા, ૨૦. પરિણામ, ૨૧. બંધ, ૨૨. વેદ (કર્મનું વેદવું-ઉદય), ૨૩. કર્મોદીરણ ( ઉદીરણા ), ૨૪. ઉપસંપદ ને હાન ( સ્વીકાર ને ત્યાગ ), ૨૫. સંજ્ઞા, ૨૬. આહાર, ૨૭. ભવ, ૨૮. આકર્ષ, ૨૯. કાળમાન, ૩૦. અંતર, ૩૧. સમુદ્દઘાત, ૩૨. ક્ષેત્ર, ૩૩. સ્પર્શના, ૩૪. ભાવ, ૩૫. પરિમાણ અને ૩૬. અલ્પબહુત્વ. પાંચ પ્રકારના સંયતનું સ્વરૂપ જાણવા માટે આ દ્વાર જાણવાં. ( ૨–૩–૪ ).

પ્રથમ પ્રરૂપણાદ્વાર કહે છે—

**तवसंजमजोगेसुं, सम्मजया तेउ संजया वुत्ता ।**
**विसयकसायाईणं, जेहिं कओ वा वि सम्मजओ ॥ ५ ॥**

**અર્થ**—સંયત કોને કહીએ ? ઉત્તર–બાર પ્રકારનો તપ, સત્તર પ્રકારે સંજમ તથા મન, વચન, કાયાના યોગ–તેને વિષે સમ્યક્ પ્રકારે યતનાવંત તેમજ ઉદ્યમવંત તેને પરમાત્માએ સંયત કહ્યા છે. અથવા પાંચ ઇંદ્રિયોના વિષય અને ચાર કષાયાદિ પ્રમાદ તેનો જેણે સમ્યક્ પ્રકારે જય કર્યો છે તેને સંયત કહ્યા છે. ( ૫ ).

**संजय-जय-जइ-मुणि-रिसि,–तवंस्सि-वइ-समण-साहु-निग्गंथा ।**
**अणगार–भिक्खुपमुहा, एएसि जहत्थ पज्जाया ॥ ६ ॥**

**અર્થ**—સમ્યક્ પ્રકારે જીત્યા તે **સંયત**, યતનાવંત તે **યત**, પ્રયત્નવંત તે **યતિ**, તત્ત્વ જાણે તે **મુનિ**, ઇંદ્રિયોને જીતે તે **ઋષિ**, તપસ્યા કરે તે **તપસ્વી**, વ્રત પાળે તે **વ્રતી**, સમતામાં વર્તે તે **શ્રમણ**, સાધના કરે તે **સાધુ**, બાહ્ય અભ્યંતર ગ્રંથિ વિનાના તે **નિર્ગ્રંથ**, અગાર–ઘરવિનાના હોય તે **અણગાર** અને નિર્દોષ ભિક્ષાવડે જે જીવે તે **ભિક્ષુ**. ઉપરાંત **મુમુક્ષુ, વાચંયમ, યોગી, તપોધન, શમી** ઈત્યાદિ અનેક નામો સંયતનાં કહ્યાં છે. તે યથાર્થ સદર્થવાળા શબ્દો હોવાથી પર્યાય અથવા નામાંતર કહેવાય છે. ( ૬ ).

હવે એ પાંચ સંયતનાં નામ કહે છે—

**सामाइय १ छेओवट्ठावण २, परिहारसुद्धि ३ नामो य ।**
**तो सुहुमसंपराओ ४, अहखाओ पंचमो ५ चेव ॥ ७ ॥**

**અર્થ**—સામાયિક ચારિત્રવંત તે **સામાયિકસંયત**, જેમનાં ચારિત્રના પ્રથમ પર્યાયનો છેદ કરીને નવી ઉપસ્થાપના કરવામાં આવે તે બીજા **છેદોપસ્થાપનીયસંયત**, ત્રીજા **પરિહારવિશુદ્ધિસંયત**, ચોથા **સૂક્ષ્મસંપરાયસંયત** અને પાંચમા **યથાખ્યાતસંયત** નિશ્ચયે જાણવા. ( ૭ ).

**सावज्जजोगपरिवज्जणाओ, समआयओ य सामईओ ।**
**सो इत्थभवे दुविहो, इत्तरिओ आवकहिओ य ॥ ८ ॥**

**અર્થ**—સર્વસાવદ્ય યોગના વર્જનથી સમતાનો આય જે લાભ તે છે જેમાં તેને સામાયિક સંયત કહીએ. તે અહીંઆ બે પ્રકારે કહેલ છે: ૧. ઈત્વરિક અને ૨. યાવત્કથિક. ( ૮ ).

**इत्तर थोवं कालं, सामइओ तो पवज्जए छेयं ।**
**पढमंतिमजिणतित्थे, इत्तर सामाइओ सो उ ॥ ९ ॥**

અર્થ—ઈત્વર-થોડા કાળ લાગે-એટલે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી છ માસ લગે સામાયિક ચારિત્ર હોય. તે પછી માંડલીઆ જોગ વહીને ઉપસ્થાપના કરે એટલે છેદોપસ્થાપનીય ચારિત્ર પડિવજે-અંગીકાર કરે. આ ચારિત્ર ભરત, ઐરવત ક્ષેત્રને વિષે પહેલા ને છેલ્લા તીર્થંકરને વારે હોય. તે ચારિત્રવાળાને ઈત્વરસામાયિકસંયત કહીએ. ( ૯ ).

जावज्जीवं मज्झिम-जिणाण तित्थे महाविदेहे य ।
चाउज्जामं धम्मं, फासइ सो आवकहिओ उ ॥ १० ॥

અર્થ—દીક્ષાદિવસથી માંડીને જાવજ્જીવ લગે ભરત, ઐરવતે બાવીશ જિનને વારે અને મહાવિદેહ ક્ષેત્રે સદા ય ચાર મહાવ્રતરૂપ ધર્મ પાળે તે યાવત્કથિક સામાયિકચારિત્રી કહીએ. (૧૦).

શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે—

सामाइयंमि उ कए, चाउज्जामं अणुत्तरं धम्मं ।
तिविहेण फासयंतो, सामाइयसंजओ स खलु ॥ ११ ॥

અર્થ—સામાયિક ચારિત્ર ઉચ્ચર્યે સતે ચાર મહાવ્રતરૂપ ઉત્કૃષ્ટ ચારિત્રધર્મ જાવજ્જીવ લગે ત્રિવિધે-મન, વચન, કાયાએ ફરસે-પાળે તેને નિશ્ચયે સામાયિકસંયત કહીએ. ( ૧૧ ).

छेत्तूण य परियायं, पोराणं जो ठवेइ अप्पाणं ।
धम्मंमि पंचजामे, छेओवट्ठावणो स खलु ॥ १२ ॥

અર્થ—છેદોપસ્થાપનીયનો અર્થ કહે છે-પૂર્વ પર્યાયનું મલિનપણું છેદીને જે સાધુ પોતાના આત્માને પાંચ મહાવ્રતરૂપ શુદ્ધ ધર્મને વિષે સ્થાપે તે નિશ્ચયે છેદોપસ્થાપનીયસંયત કહીએ. (૧૨).

**सो पुण दुविहो वुत्तो, साईयारो य निरइयारो य ।**
**पढमंतिम जिणतित्थे, भरहेरवएसु सो हुज्जा ॥ १३ ॥**

**અર્થ**—તે છેદોપસ્થાપનીય સંયત બે પ્રકારે કહ્યો છે: સાતિચાર છેદોપસ્થાપનીય અને નિરતિચાર છેદોપસ્થાપનીય. તે ભરત ઐરવત ક્ષેત્રને વિષે પહેલા ને છેલ્લા તીર્થંકરને વારે હોય, અન્યત્ર ન હોય. ( ૧૩ ).

**मूलगुणभंगओ साई–यारं छेत्तु पुव्वपरियायं ।**
**कीरइ पुण वयरोवण, साईयारो उ सो छेओ ॥ १४ ॥**

**અર્થ**—પાંચ મહાવ્રતરૂપ સાધુના મૂળગુણનો ભંગ થયે સતે સાતિચાર–મલિન પૂર્વપર્યાયને છેદીને આચાર્ય ફરીને શુદ્ધ વ્રતનું આરોપણ કરે તે સાતિચારછેદોપસ્થાપનીય સંયત કહીએ ( ૧૪ ).

**इत्तर सामइओ जो, जो तित्थातित्थसंकमो वावि ।**
**जह केसी–गंगेया, निरईयारो उ सो छेओ ॥ १५ ॥**

**અર્થ**—જે ભરત, ઐરવતક્ષેત્રના પહેલા, છેલ્લા તીર્થંકરના વારાના ઈત્વરસામાયિકસંયતને આપવામાં આવે તે તથા જે સાધુ એક તીર્થથી બીજા તીર્થે સંક્રમે એટલે કે ત્રેવીશમા તીર્થંકરના તીર્થના સાધુ ચોવીશમા તીર્થંકરના તીર્થમાં–શાસનમાં સંક્રમે જેમ શ્રી પાર્શ્વનાથના પરંપરાગત શિષ્ય કેશી ગણધર તથા ગાંગેય પ્રમુખ શ્રી મહાવીરના શાસનમાં આવે તેને નિરતિચારછેદોપસ્થાપનીયસંયત કહીએ. ( ૧૫ ).

**परिहरइ जो विसुद्धं तु, पंचजामं अणुत्तरं धम्मं ।**
**तिविहेण फासयंतो, परिहारियसंजओ स खलु ॥ १६ ॥**

**અર્થ**—હવે પરિહારવિશુદ્ધિનો અર્થ કહે છે–જે વિશુદ્ધ

પાંચ મહાવ્રતરૂપ ધર્મ છાંડીને સર્વોત્કૃષ્ટ–અનુત્તર ધર્મને ત્રિવિધે કરી ફરસે તે પરિહારવિશુદ્ધસંયત કહીએ. ( ૧૬ ).

**एगो वाणायरिओ, चउरो तविणो तदणुचरा चउरो ।**
**मुणि नवगं निग्गच्छई, परिहारविसुद्धिचरणाय ॥ १७ ॥**

**અર્થ**—આ ચારિત્ર પહેલા, છેલ્લા તીર્થંકરને વારે ભરત, ઐરવત ક્ષેત્રમાં હોય. તેમાં ઉત્કૃષ્ટ પરિણામવાળા નવ મુનિ ગુરુની આજ્ઞા લઇને ગચ્છથી જુદા નીકળે. નવમાંથી એક વાચનાચાર્ય થાય, ચાર મુનિ ઉત્કૃષ્ટ તપ કરે અને ચાર મુનિ તપસ્વીની સેવા કરે. આ પ્રમાણે પરિહારવિશુદ્ધિચારિત્રને માટે કરે. (૧૭).

**परिहारियाण उ तवो, जहण्णमज्झुक्कसो उ गिम्हम्मि ।**
**स चउत्थछट्ठमट्ठम, सिसिरे छट्ठट्ठमो दसमो ॥ १८ ॥**
**अट्ठम दसम दुवालस, वासासु य पारणे य आयामं ।**
**कप्पट्ठिया पइदिणं, करंति एमेव आयामं ॥ १९ ॥**

**અર્થ**—હવે પરિહારવિશુદ્ધિચારિત્રીનો તપ કહે છે–તેના જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે. ચાર મુખ્ય પરિહાર વિશુદ્ધિ ચારિત્રવાળા ગ્રીષ્મ ઋતુમાં જઘન્ય ચઉત્થ, મધ્યમ છઠ્ઠ અને ઉત્કૃષ્ટ અઠ્ઠમનો તપ કરે. શિશિર ઋતુમાં જઘન્ય છઠ્ઠ, મધ્યમ અઠ્ઠમ અને ઉત્કૃષ્ટ દશમ તપ કરે. વર્ષાઋતુમાં જઘન્ય અઠ્ઠમ, મધ્યમ દશમ ને ઉત્કૃષ્ટ દ્વાદશમ તપ કરે, (આમાં છઠ્ઠ તે બે ઉપવાસ, અઠ્ઠમ તે ત્રણ ઉપવાસ, દશમ તે ચારઉપવાસ ને દ્વાદશ તે પાંચ ઉપવાસ જાણવા ) અને પારણે આયંબિલ કરે. તથા બીજા કલ્પસ્થિતમાંથી એક વાચનાચાર્ય ને ચાર સેવા કરનાર એમ પાંચ જણા પ્રતિદિન અભિગ્રહ સહિત આયંબિલ કરે. ( ૧૮–૧૯ ).

**एवं छम्मासतवं, चरिउं परिहारिया अणुचरंति ।**
**अणुचरगे परिहारिय-पयट्ठिए जाव छम्मासा ॥ २० ॥**

**અર્થ**—આ પ્રમાણે છ માસ પર્યંત તપ કરીને પરિહાર-વિશુદ્ધિચારિત્રીયા સેવાકારી થાય અને સેવાકારી હતા તે પરિહારવિશુદ્ધિચારિત્રપદસ્થિત થાય. અને તે છ માસ પર્યંત પૂર્વે કહ્યા પ્રમાણે તપ કરે. ( ૨૦ ).

**कप्पट्ठिओ वि एवं, छम्मासतवं करेइ सेसा उ ।**
**अणुपरिहारिय भावं, वयंति कप्पट्ठियत्तं च ॥ २१ ॥**

**અર્થ**—એ જ પ્રમાણે કલ્પસ્થિત જે આચાર્ય તે પણ છ માસ પર્યંત તપ કરે અને બાકીના આઠમાંથી સાત અનુપરિહા-રિક-સેવકભાવ સ્વીકારે અને એક કલ્પસ્થિત આચાર્ય થાય. (૨૧).

**एवं सो अट्ठारस-मासपमाणो उ वण्णिओ कप्पो ।**
**संखेवओ विसेसो, विसेससुत्ताओ नायव्वो ॥ २२ ॥**

**અર્થ**—આ પ્રમાણે અઢાર માસ પ્રમાણ પરિહારવિશુદ્ધ-ચારિત્રનો કલ્પ-આચાર સંક્ષેપથી કહ્યો. વિશેષ જાણવાના ઇચ્છકે તે વિશેષ સૂત્રો-ગ્રંથોથી જાણવો. ( ૨૨ ).

**जम्मोणतीस वरिसो, परियाए ईगुणवीस वरिसो य ।**
**परिहारं पट्ठविउं, कप्पइ मणुओ हु एरिसओ ॥ २३ ॥**

**અર્થ**—જન્મથી ઓગણત્રીશ વર્ષનો અને દીક્ષાપર્યાયે ઓગણીશ વર્ષનો હોય તે મનુષ્ય જ આ પરિહારવિશુદ્ધ-ચારિત્ર આચરે. ( ૨૩ ).

**कप्पसमत्तिए तयं, जिणकप्पं वा उविंति गच्छं वा ।**
**पडिवज्जमाणगा पुण, जिणस्सगासे पवज्जंति ॥ २४ ॥**

**અર્થ**—આ પરિહારવિશુદ્ધિક કલ્પ પૂર્ણ થયે ફરીને પણ તે કલ્પ આદરે અથવા જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં આવે એટલે સ્થવિરકલ્પી થાય. આ કલ્પના અંગીકાર કરનારા આ ચારિત્ર તીર્થંકરની સમીપે આચરે–સ્વીકારે. ( ૨૪ ).

**तित्थयरसमीवासेवगस्स पासे व नेव अण्णस्स ।**
**एएसिं जं चरणं, परिहारविसुद्धियं तं तु ॥ २५ ॥**

**અર્થ**—અથવા જેણે તીર્થંકર પાસે આ ચારિત્ર પડિવજ્યું હોય તેની પાસે આ ચારિત્ર પડિવજે, અન્યની પાસે નહીં જ. એ ચારિત્રીયાનું જે ચારિત્ર તે પરિહારવિશુદ્ધિચારિત્ર કહીએ. (૨૫).

**सो परिहारो दुविहो, निव्विसमाणो निविट्ठकाओ य ।**
**पढमो तवचरणजुओ, बीओ परिहारनिक्खंतो ॥ २६ ॥**

**અર્થ**—આ પરિહારવિશુદ્ધના બે ભેદ કહ્યા છે: ૧. નિર્વિશમાન અને નિવૃત્તકાય. તેમાં પહેલા તે કે જે તેવા પ્રકારના તપ ને ચારિત્રસંયુક્ત વર્તતા હોય અને બીજો તે ચારિત્રથી નિવર્તેલા–નીકળેલા હોય. ( ૨૬ ).

હવે સૂક્ષ્મસંપરાયસંયત કહે છે—

**लोभाणुं वेदंतो, जो खलु उवसामओ व खवओ वा ।**
**सो सुहुमसंपराओ, अहखाया ऊणओ किंचि ॥ २७ ॥**

**અર્થ**—જે ઉપશમશ્રેણિવાળો અથવા ક્ષપકશ્રેણિવાળો દશમે ગુણઠાણે લોભકષાયના સૂક્ષ્મ અણુઓ–સૂક્ષ્મ ખંડો વેદતો હોય તે સૂક્ષ્મસંપરાય સંયત કહીએ. તે યથાખ્યાતથી કાંઈક ઊણો હોય.(૨૭)

**सो पुण दुविहो वुत्तो, किलिस्समाणो विसुज्झमाणो य।**
**उवसमसेढिचुओ जो, किलिस्समाणो उ सो सुहुमो ॥२८॥**

**અર્થ**—તે સૂક્ષ્મસંપરાય સંયત બે પ્રકારે કહ્યો છે: ૧. સંકિલશ્યમાન અને ૨. વિશુધ્યમાન–જે ઉપશમશ્રેણિથી પડતો દશમે ગુણઠાણે આવે તે સંકિલશ્યમાન સૂક્ષ્મસંપરાયસંયત કહીએ–તેના પરિણામ પડતા હોય માટે. ( ૨૮ ).

**उवसमगखवगसेढिं, आरूहमाणो विसुद्धपरिणामो ।**
**सो सुहुमसंपराओ, विसुज्झमाणो मुणेयव्वो ॥ २९ ॥**

**અર્થ**—ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિએ ચડતો વિશુદ્ધ પરિણામવાળો તે વિશુધ્યમાન સૂક્ષ્મસંપરાય જાણવો. (૨૯ ).

**उवसंते खीणम्मि व, जो खलु कम्मम्मि मोहणिज्जम्मि ।**
**छउमत्थो व जिणो वा, अहखाओ संजओ स खलु ॥ ३० ॥**

**અર્થ**—હવે યથાખ્યાતસંયતનું સ્વરૂપ કહે છે.–મોહનીય કર્મનો ઉપશમ થયે સતે અથવા ક્ષય થયે સતે છદ્મસ્થને અથવા કેવળીને ( જિનને ) નિશ્ચયે યથાખ્યાત ચારિત્ર હોય છે. (૩૦). અર્થાત્ અગ્યારમે ગુણઠાણે મોહનીય કર્મને ઉપશમાવે સતે અને ૧૨ મે ગુણઠાણે મોહનીય કર્મનો સર્વથા ક્ષય કર્યે સતે યથાખ્યાતચારિત્ર હોય છે. એટલે ૧૧ મે, ૧૨ મે છદ્મસ્થને અને ૧૩ મે, ૧૪ મે જિનને–કેવળીને યથાખ્યાતચારિત્ર હોય છે.

**छउमत्थो वि य दुविहो, उवपसंतो खीणमोहओ वा वि ।**
**केवलि जिणो वि दुविहो, हवइ सयोगी अयोगी य ॥ ३१ ॥**

**અર્થ**—છદ્મસ્થ યથાખ્યાતચારિત્ર બે પ્રકારે હોય છે:— ૧. ઉપશાંતમોહવીતરાગયથાખ્યાત ને ૨. ક્ષીણમોહવીતરાગ-

યથાખ્યાત. તે ૧૧ મે ને ૧૨ મે ગુણઠાણે હોય. કેવળી સંબંધી યથાખ્યાતચારિત્ર પણ બે પ્રકારે છે: ૧. સયોગિકેવળી યથાખ્યાત અને ૨. અયોગિકેવળી યથાખ્યાત. તે અનુક્રમે ૧૩ મે ને ૧૪ મે ગુણઠાણે હોય. ( ૩૧ ).

**छट्ठाइचउगुणेसुं, समइय छेया य दोसु परिहारो ।**
**सुहुमे सुहुमो उवसंताइसु चउसु य अहक्खाओ ॥ ३२ ॥**

**અર્થ**—છઠ્ઠા વિગેરે ચાર ૬–૭–૮–૯ ગુણઠાણે સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયત હોય અને છઠ્ઠે, સાતમે–બે ગુણઠાણે પરિહારવિશુદ્ધિસંયત હોય. દસમે સૂક્ષ્મસંપરાય ગુણઠાણે સૂક્ષ્મસંપરાયસંયત હોય અને ઉપશાંતાદિ ચાર ૧૧–૧૨–૧૩–૧૪ ગુણઠાણે યથાખ્યાતસંયત હોય. ( ૩૨ ).

પ્રથમ પ્રરૂપણાદ્વાર કહ્યું. હવે બીજું વેદ દ્વાર કહે છે:—

**सामाइओ तिवेओ, उवसंतो खीणवेयओ वा वि ।**
**एवं छेओवट्ठा–वणिओ थीवज्जपरिहारो ॥ ३३ ॥**

**અર્થ**—સામાયિક ચારિત્ર ત્રણે વેદે ( સ્ત્રી, પુરુષ, નપુંસકવેદે ) હોય અથવા ઉપશાંતવેદ ને ક્ષીણવેદ પણ નવમા ગુણઠાણાને અંતે હોય. છેદોપસ્થાપનીયસંયત પણ ત્રણે વેદે હોય. પરિહારવિશુદ્ધસંયત સ્ત્રીવેદ વર્જીને બે વેદે હોય ( સ્ત્રી પરિહારવિશુદ્ધસંયતી હોતી નથી ). ( ૩૩ ).

**उवसंतखीणवेओ, सुहुमो अहखायसंजओ चेव ।**
**पढम चउरो सरागी, अहखाय उवसंतखीणो वा ॥ ३४ ॥**

**અર્થ**—ઉપશમશ્રેણિવાળો ઉપશાંતવેદ હોય અને ક્ષપક-

શ્રેણિવાળો ક્ષીણવેદ હોય. સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત અવેદી હોય. ( ઇતિ વેદદ્વાર. ૨ ).

હવે ત્રીજું રાગદ્વાર કહે છે. પહેલા ચાર સંયત સરાગી હોય. દશમા ગુણઠાણા સુધી સકષાયપણું છે તેથી. યથાખ્યાત સંયત ૧૧ મે, ૧૨ મે, ૧૩ મે, ૧૪ મે વીતરાગ હોય. તેના બે પ્રકાર સમજવા: ૧. છદ્મસ્થ ને ૨. કેવળી. (૩૪). ઇતિરાગદ્વાર. ૩.

હવે ચોથું કલ્પદ્વાર કહે છે.

**ठियकप्पे चेव भवे, छेओवट्ठावणा य परिहारा ।**
**सेसा तिन्निवि मुणिणो, ठियकप्पा अठियकप्पा य ॥ ३५ ॥**

**અર્થ**—છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિ સંયત ભરત-ઐરવતક્ષેત્રમાં જ અને પહેલા છેલ્લા તીર્થંકરને વારે જ હોય, તેથી તે તો સ્થિતકલ્પ જ હોય અને બાકીના ત્રણ-સામાયિક, સૂક્ષ્મ-સંપરાય અને યથાખ્યાતસંયત સ્થિતકલ્પે અને અસ્થિતકલ્પે બંનેમાં હોય. કારણ કે આ ત્રણ સંયત ભરત, ઐરવત અને મહા-વિદેહમાં સર્વ તીર્થંકરને વારે હોય છે. [ આ કલ્પ કલ્પસૂત્રની ટીકામાં બતાવેલો ૧૦ પ્રકારનો સમજવો. ] ( ૩૫ ).

હવે કલ્પ સંબંધી બીજો પ્રકાર કહે છે:—

**सामाइओ य तिविहो, छेहापरिहारया य थेरजिणा ।**
**सेसा कप्पाईया, सुहुमा अहखायचरणा य ॥ ३६ ॥**

**અર્થ**—સામાયિકચારિત્રી જિનકલ્પી, સ્થવિરકલ્પી અને કલ્પાતીત એમ ત્રણે પ્રકારના હોય. છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિસંયત સ્થવિરકલ્પી અને જિનકલ્પી બે પ્રકારના હોય, કલ્પાતીત ન હોય. બાકીના સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત-

સંયત કલ્પાતીત જ હોય. તે શ્રેણિગત અને તીર્થંકર અથવા સામાન્ય કેવળી જાણવા. ( ૩૬ ).

હવે પાંચમું ચારિત્રદ્વાર કહે છે:—

**सामाईओ य छेओ, पुलागबउसपडिसेवणाकसाओ ।**
**परिहारसुहुमसकसायनियंठ सिणाय अहखाओ ॥ ३७ ॥**

**અર્થ**—સામાયિક અને છેદોપસ્થાપનીયસંયત પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એ ચારે પ્રકારના હોય. પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાયસંયત કષાયકુશીલ હોય અને યથાખ્યાતસંયત નિર્ગ્રંથ અને સ્નાતક બે પ્રકારના હોય. ૧૧ મે ને ૧૨ મે ગુણઠાણે નિર્ગ્રંથ નામના નિર્ગ્રંથ હોય અને ૧૩ મે ને ૧૪ મે ગુણઠાણે સ્નાતક–નિર્ગ્રંથ હોય. ( ૩૭ ).

હવે છઠ્ઠું પ્રતિસેવનાદ્વાર કહે છે:—

પ્રતિસેવના એટલે વિરાધના, તે બે પ્રકારની છે: ૧ મૂળ-ગુણ વિરાધના અને ૨. ઉત્તરગુણ વિરાધના.

**सामाइओ य छेओ, मूलुत्तरगुणविसयपडिसेवी ।**
**पडिसेवणाए रहिया, परिहारासुहुमअहखाया ॥ ३८ ॥**

**અર્થ**—સામાયિક અને છેદોપસ્થાપનીયસંયત મૂળગુણ પ્રતિસેવી એટલે પાંચ આશ્રવના સેવનાર હોય અને ઉત્તરગુણ પ્રતિસેવી એટલે દશવિધ પ્રત્યાખ્યાનના ભંગના કરણહાર હોય. પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણે સંયત પ્રતિસેવના (વિરાધના) રહિત હોય. તે ત્રણે સંયત અતિવિશુદ્ધ હોવાથી મૂળગુણ કે ઉત્તરગુણમાં દોષ લગાડે જ નહિ. ( ૩૮ ).

હવે સાતમું જ્ઞાનદ્વાર કહે છે:—

**सामाइयाइ चउण्हं, नाणा चत्तारि हुंति भयणाए ।**
**अहखायसंजयस्स य, पंचवि नाणाइ भयणाए ॥ ३९ ॥**

**અર્થ**—સામાયિકાદિ ચાર સંયતને ચાર જ્ઞાન ભજનાએ હોય એટલે કોઇને મતિ, શ્રુત બે હોય, કોઇને મતિ, શ્રુત ને અવધિ એ ત્રણ હોય, કોઇને મતિ, શ્રુત ને મનઃપર્યવ એ ત્રણ હોય અને કોઇને મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યવ એ ચારે જ્ઞાન હોય. યથાખ્યાતસંયતને પાંચે જ્ઞાન ભજનાએ હોય તેમાં ચાર જ્ઞાન સંબંધી ઉપર પ્રમાણે સમજવું અને પાંચમું કેવળજ્ઞાન કોઇકને જે ૧૩ મે ૧૪ મે ગુણઠાણે વર્તતા હોય તેને હોય. (૩૯).

હવે શ્રુતજ્ઞાન સંબંધી વિશેષ સ્વરૂપ કહે છે:—

**सामाइय छेयाणं, जहण्ण अट्ठप्पवयणमायाओ ।**
**उक्कोस चउदपुव्वा, तह सुहुमसंपरायस्स ॥ ४० ॥**

**અર્થ**—સામાયિક અને છેદોપસ્થાપનીયસંયતને જઘન્યથી આઠ પ્રવચનમાતારૂપ શ્રુત હોય અને ઉત્કૃષ્ટ ચૌદપૂર્વરૂપ શ્રુત હોય. સૂક્ષ્મસંપરાયસંયતને પણ તે જ પ્રમાણે હોય. (૪૦).

**परिहारस्स जहण्णं, होइ सुयं जाव नवमपुव्वस्स ।**
**आयारतइयवत्थुं, उक्कोसं ऊणदसपुव्वा ॥ ४१ ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધસંયતને જઘન્ય નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધીનું શ્રુતજ્ઞાન હોય અને ઉત્કૃષ્ટ કાંઇક ઊણા દશપૂર્વપ્રમાણ શ્રુત હોય. (આને કોઇક સાડાનવ પૂર્વ કહે છે) (૪૧).

**अहखायस्स जहन्नं, होइ सुयं अट्ठप्पवयणमाया ।**
**उक्कोस चउदपुव्वा, सुयवइरित्ते व से होज्जा ॥ ४२ ॥**

અર્થ—યથાખ્યાત ચારિત્રીને જઘન્ય આઠ પ્રવચન માતા-રૂપ શ્રુત હોય અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ ચૌદપૂર્વરૂપ શ્રુત હોય અથવા શ્રુતવ્યતિરિક્ત હોય–અર્થાત્ કેવળીને છાદ્મસ્થિકજ્ઞાન રહિત કહ્યા છે તેથી શ્રુતજ્ઞાનરહિત હોય. પ્રથમના બે પ્રકાર ૧૧ મે ને ૧૨ મે સમજવા. છેલ્લો પ્રકાર ૧૩ મે ૧૪ મે ગુણ-ઠાણે સમજવો. ( ૪૨ ).

હવે આઠમું તીર્થદ્વાર કહે છે:—

सामाइयसुहुमअहक्खाएय तित्थेऽहवा अतित्थेवि ।
तित्थे एव उ सेसा, छेया परिहारया चेव ॥ ४३ ॥

અર્થ—સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર તીર્થે હોય અથવા અતીર્થે હોય. તીર્થે હોય એટલે તીર્થંકરે તીર્થ પ્રવર્ત્તાવ્યા પછી હોય અને અતીર્થે હોય એટલે મરુદેવામાતાની જેમ તીર્થ પ્રવર્ત્તાવ્યા અગાઉ હોય અને અતીર્થમાં તીર્થંકર તેમ જ પ્રત્યેકબુદ્ધ હોય, બાકીના બે છેદો-પસ્થાપનીય અને પરિહારવિશુદ્ધસંયત તીર્થે જ હોય. ( ૪૩ ).

હવે નવમું લિંગદ્વાર કહે છે:—

नियलिंगे परलिंगे, गिहिलिंगे वावि दव्वओ चउरो ।
नियलिंगे चिय भावे, दुहा सलिंगो उ परिहारो ॥ ४४ ॥

અર્થ—( અહીં દ્રવ્યલિંગ બાહ્ય વેશવાચક છે અને ભાવ-લિંગ ચારિત્રગુણ ફરસવારૂપ છે. ) પરિહારવિશુદ્ધિસંયત વર્જીને બાકીના ચાર સંયત દ્રવ્યલિંગની અપેક્ષાએ નિજલિંગે એટલે મુનિવેશે પણ હોય, પરલિંગે એટલે તાપસાદિને વેશે પણ હોય અને ગૃહસ્થલિંગે એટલે ગૃહસ્થને વેશે પણ હોય અને ભાવ-

લિંગની અપેક્ષાએ તો સ્વલિંગે જ હોય. પરિહારવિશુદ્ધિસંયત દ્રવ્યભાવ બન્ને પ્રકારે સ્વલિંગે ( મુનિવેષમાં )જ હોય. ( ૪૪ ).

હવે દશમું શરીરદ્વાર કહે છે:—

**ति चउ पंच सरीरा, सामाइयछेयसंजया भणिया ।**
**तिण्णे व सरीरा पुण, परिहारा सुहुम अहखाया ॥ ४५ ॥**

**અર્થ**—સામાયિક છેદોપસ્થાપનીયસંયત ત્રણ, ચાર ને પાંચ શરીરવાળા હોય. ( ત્રણ ઔદારિક, તેજસ ને કાર્મણ. વૈક્રિય સહિત ચાર અને આહારક સહિત પાંચ સમજવા. ) પરિહાર-વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત એ ત્રણ સંયત પ્રથમના ત્રણ શરીરવાળા જ હોય ( વૈક્રિય કે આહારકશરીરી ન હોય. તેમને લબ્ધિ પ્રયુંજવાનું હોતું નથી તેથી. ) ( ૪૫ ).

હવે ૧૧ મું ક્ષેત્રદ્વાર કહે છે:—

**परिहारो कम्मभूमंमि, सेसा जम्मेण कम्मभूमिसु ।**
**संहरणेणं पुण ते, अकम्मभूमिसु वि हविज्जा ॥ ४६ ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધિસંયત પાંચ ભરત ને પાંચ ઐરવતરૂપ દશ કર્મભૂમિમાં જ હોય અને બાકીના ચાર સંયત જન્મથી તો પંદર કર્મભૂમિમાં જ હોય. પણ સંહરણથી ત્રીશ અકર્મભૂમિમાં પણ હોય. ( પરિહારવિશુદ્ધસંયતનું સંહરણ થતું નથી માટે તે કર્મભૂમિમાં જ હોય. ) ( ૪૬ ).

શ્રેણિ માંડેલ મુનિનું અને કેવળીનું પણ સંહરણ થતું નથી, પરંતુ અકર્મભૂમિમાં સંહરણ કરીને કોઈ દેવાદિ લઈ જાય ને ત્યાં ગયા પછી શ્રેણિ માંડે કે કેવળજ્ઞાન પામે તે અપેક્ષાએ ત્યાં હોય એમ કહ્યું છે.

હવે બારમું કાળદ્વાર કહે છેઃ—

सामाइयछेय ओसप्पिणीए संतीए जम्मणेणं च ।
तिचउत्थपंचमासुं, समासु उसप्पिणीए पुणो ॥ ४७ ॥

बियतियचउत्थियासुं, जम्मणओ संतओ तितुरियासुं ।
दुसमसुसमपलिभागे, सामइयं अत्थि नो छेयं ॥ ४८ ॥

तइयचउत्थसमासुं, जम्मेणोसप्पिणीए परिशरो ।
सुहुमो अहखाओ विय, संतेणं ति चउत्थपंचमीसु ॥ ४९ ॥

उस्सप्पिणीए बिइया, तइय चउत्थीसु हुज्ज जम्मणओ ।
संती भावेणं पुण, तइय चउत्थी ते हुज्जा ॥ ५० ॥

ओसप्पिणीउस्सप्पिणी-वइरित्ते दुसमसुसमपलिभागे ।
जम्मेणं संतीए, सुहुमो अहखायओ वावि ॥ ५१ ॥

संहरणेणं सव्वेवि, हुंति सव्वेसु चेव कालेसु ।
मुत्तुं परिहारमुणिं, एवं कालुत्ति वक्खायं ॥ ५२ ॥

અર્થ—સામાયિક ને છેદોપસ્થાપનીય સંયત અવસર્પિણીમાં સત્તાએ અને જન્મથી પણ ત્રીજે, ચોથે ને પાંચમે આરે હોય, અને ઉત્સર્પિણીમાં જન્મથી બીજા, ત્રીજા ને ચોથા આરે હોય, સત્તાએ વિચારતા ત્રીજા ને ચોથા આરામાં જ હોય. દુસમ–સુસમા નામના ચોથા આરાના પરિભાગરૂપ (સમાનભાવવાળા) મહાવિદેહ ક્ષેત્રમાં સામાયિક ચારિત્રી હોય છેદોપસ્થાપનીય ન હોય.

હવે પરિહારવિશુદ્ધિસંયત અવસર્પિણીમાં જન્મથી ત્રીજા, ચોથા આરામાં જ હોય અને સત્તાએ ત્રીજા, ચોથા,

પાંચમા આરામાં હોય. સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત સત્તાએ ત્રીજા, ચોથા ને પાંચમા આરાને વિષે હોય. એ ત્રણે સંયત ઉત્સર્પિણીના બીજા, ત્રીજા ને ચોથા આરામાં જન્મથી હોય. સત્તાએ ત્રીજા ને ચોથા આરામાં જ હોય. ઉત્સર્પિણી અવસર્પિણી વ્યતિરિક્ત દુસમસુસમાનો પરિભાગ જ્યાં કાયમ વર્તે છે એવા મહાવિદેહક્ષેત્રમાં જન્મથી અને સત્તાથી સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રી કાયમ હોય. સંહરણવડે તો સર્વ-સંયત સર્વકાળે એટલે બધે આરે હોય, પણ પરિહારવિશુદ્ધિસંયત ન હોય; કારણ કે તેનું સંહરણ થતું નથી. એ પ્રમાણે કાળ-દ્વાર કહ્યું. (૪૭-૪૮-૪૯-૫૦-૫૧-૫૨.)

હવે તેરમું ગતિદ્વાર કહે છે:—

**पंचण्हं वि देवगई, तिण्हं पढमाण थोव सोहम्मे ।**
**उक्कोसेणं दुण्हं, सव्वट्ठे होइ उववाओ ॥ ५३ ॥**
**तइयस्स सहस्सारे, अंतिम दुण्हं अणुत्तरे चेव ।**
**अजहण्णमणुक्कोस्सो, अहक्खाओ सिज्झओ वावि ॥ ५४ ॥**

**અર્થ**—પાંચે સંયતની દેવગતિ જ હોય; બીજી ત્રણ ગતિ ન હોય. જઘન્યથી ત્રણે સંયત સૌધર્મ દેવલોકે જાય અને ઉત્કૃષ્ટથી પ્રથમના બે સંયત સર્વાર્થસિદ્ધ સુધી જાય (ઉપજે). ત્રીજા પરિહારવિશુદ્ધસંયત ઉત્કૃષ્ટથી આઠમા સહસ્રાર દેવલોક સુધી જાય. છેલ્લા બે સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત અજઘન્યોત્કૃષ્ટ અનુત્તર વિમાનમાં જ ઉપજે. યથાખ્યાતસંયત ઉત્કૃષ્ટ સિદ્ધગતિને પણ પામે. ૧૧ મા ગુણઠાણાવાળો યથાખ્યાતસંયત અનુત્તરમાં જાય અને ૧૨-૧૩-૧૪વાળા મોક્ષે જ જાય. ( ૫૩-૫૪ )

**अविराहगाउ एए, इंदा सामाण लोगपाला उ ।**
**तायत्तीस य अहमिंद, जाव देवा हवंतेवं ॥ ५५ ॥**

**અર્થ**—એ પાંચે ચારિત્રી અવિરાધક–શુદ્ધચારિત્રી હોય તો દેવલોકમાં ઉપજતાં ઇંદ્ર થાય, સામાનિક દેવ થાય, લોકપાળ થાય, ત્રાયસ્ત્રિંશ દેવ થાય, યાવત્ ગ્રૈવેયક ને અનુત્તર વિમાન સુધી ઉપજતા અહમિંદ્ર પણ થાય. સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત સંયત તો અહમિંદ્ર જ થાય. ( ૫૫ )

**पलिया दुण्णि जहण्णा, देवठिई तिण्ह पढमयाणं तु ।**
**उक्कोसा सव्वेसिं, जा जम्मि उ होइ सुरलोए ॥ ५६ ॥**

**અર્થ**—પ્રથમના ત્રણ સંયત જઘન્યથી બે પલ્યોપમના આઉખે સૌધર્મ દેવલોકમાં ઉપજે અને ઉત્કૃષ્ટ જ્યાં જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ હોય ત્યાં તેટલે આઉખે ઉપજે એટલે પ્રથમના બે સંયત ૩૩ સાગરોપમને આઉખે ઉપજે અને પરિહારવિશુદ્ધ-સંયત ૧૮ સાગરોપમને આઉખે આઠમા દેવલોકમાં ઉપજે. (૫૬)

હવે ચૌદમું સંજમસ્થાન દ્વાર કહે છેઃ—

**पत्तेयमसंखिज्जा, संजमठाणा हवंति तिण्हं पि ।**
**सुहुमस्स असंखेज्जा, अंतोमोहुत्तिया ठाणा ॥ ५७ ॥**

**અર્થ**—પ્રથમના ત્રણ સંયતના દરેકના અસંખ્યાતા સંયમસ્થાન જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટની ગણનાએ છે. તે અસંખ્યાત લોકાકાશના પ્રદેશપ્રમાણ અસંખ્યાત જાણવા. ચોથા સૂક્ષ્મસંપરાયસંયતના પણ અસંખ્યાત સંયમસ્થાન છે, પરંતુ તે અંતર્મુહૂર્ત્તકાળની અંદર તેના સમય પ્રમાણ સમજવા. (૫૭)

**अहखायस्स य एगे, अजहन्नुक्कोस संजमट्ठाणे ।**
**थोवे अहखायस्सय, एगे सुहुममस्सऽसंखगुणा ॥ ५८ ॥**

**परिहारस्स य तत्तो, असंखगुणिया उ संजमट्ठाणा ।**
**सामाइयछेयाणं, दुण्हं तुल्ला असंखगुणा ॥ ५९ ॥**

**અર્થ**—યથાખ્યાત સંયતનું અજઘન્યોત્કૃષ્ટ એક જ સંયમસ્થાનક જાણવું. હવે એ સંયમસ્થાનોનું અલ્પબહુત્વ કહે છે. સર્વથી થોડા સ્થાન યથાખ્યાત સંયતના કારણ કે તે એક જ છે, તેથી સૂક્ષ્મસંપરાયના અસંખ્યગુણા, તે કરતાં પરિહારવિશુદ્ધસંયતના અસંખ્યાતગુણા, તે કરતાં સામાયિક ને છેદોપસ્થાપનીયના અસંખ્યગુણા–અને તે બંને પરસ્પર સરખા જાણવા. ( ૫૮–૫૯ )

હવે પન્નરમું સન્નિકર્ષ ( પર્યાય ) દ્વાર કહે છેઃ—

**पंचण्हवि पत्तेयं, चारित्तिय पज्जवा भवेऽणंता ।**
**सट्ठाणे सामाइओ, समो व छट्ठाण हिणअहिओ ॥ ६० ॥**

**परठाणे छट्ठाणो, दुण्हं तु णंतगुणहीणो छेओ ।**
**एवं तिसु छट्ठाणो, दुसु अणंतगुणहीणो ॥ ६१ ॥**

**અર્થ**—પાંચે સંયતના પ્રત્યેકના ચારિત્રપર્યાય અનંતા છે. સામાયિકસંયત સ્વસ્થાને સમાન હોય અથવા છ સ્થાનહીન અને છ સ્થાન અધિક હોય. સામાયિકસંયત પરસ્થાને એટલે છેદોપસ્થાપનીય ને પરિહારવિશુદ્ધિની અપેક્ષાએ છ સ્થાનપતિત એટલે હીન હોય, અધિક હોય અને તુલ્ય પણ હોય. બીજા બે સંયત સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાતની અપેક્ષાએ

અનંતગુણ હીન જ હોય. છેદોપસ્થાપનીય પણ સામાયિક સંયત પ્રમાણે જ જાણવું. એટલે ત્રણ સંયતની અપેક્ષાએ—હીનાધિકમાં છ સ્થાનપતિત હોય અને છેલ્લા બે સંયતની અપેક્ષાએ તો અનંતગુણહીન જ હોય. ( ૬૦–૬૧ )

**परिहारे विय एवं, सुहुमो तिण्हं अणंतगुणअहिओ ।**
**सट्ठाणेणंतगुणो, हीणो अहिओ व तुल्लो वा ॥ ६२ ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધિ માટે પણ એ જ પ્રમાણે જાણવું. સૂક્ષ્મસંપરાય પ્રથમના ત્રણની અપેક્ષાએ અનંતગુણ અધિક હોય અને સ્વસ્થાને અન્ય સૂક્ષ્મસંપરાયની અપેક્ષાએ અનંતગુણહીન હોય, અધિક હોય અથવા તુલ્ય હોય. ( ૬૨ )

**अहखायस्सय ठाणे, हीणो अणंतगुणअहक्खाओ ।**
**हेट्ठिल्लाण चउण्हं, अब्भहिओ तुल्ल सठाणे ॥ ६३ ॥**

**અર્થ**—સૂક્ષ્મસંપરાય યથાખ્યાત ચારિત્રને સ્થાને અનંતગુણહીન હોય અને યથાખ્યાત સંયત હેઠળના ચારે સંયતની અપેક્ષાએ અનંતગુણ અભ્યધિક હોય, અને સ્વસ્થાને યથાખ્યાત તુલ્ય હોય. ( યથાખ્યાત ચારિત્રી સર્વના સરખા પર્યાય હોય તેથી. ) ( ૬૩ )

છ પ્રકારની હાનિ આ પ્રમાણે–અનંતભાગ હાનિ, અસંખ્યાતભાગ હાનિ, સંખ્યાતભાગ હાનિ, સંખ્યાતગુણ હાનિ, અસંખ્યાતગુણ હાનિ, અનંતગુણ હાનિ.

છ પ્રકારની વૃદ્ધિ આ પ્રમાણે–અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ, અનંતગુણ વૃદ્ધિ.

**पढमाण दोन्ह तुल्ला, जहन्नगा चरणपज्जवा थोवा ।**
**परिहारस्स जहण्णा--णंतगुणा उक्कसाणंता ॥ ६४ ॥**

**અર્થ**—( હવે પાંચ પ્રકારના સંયતના પર્યાયોનું અલ્પબહુત્વ કહે છે. )

પહેલા બે સંયતના જઘન્ય પર્યાયો થોડા છે તે બંનેના પરસ્પર તુલ્ય છે. તેથી પરિહારવિશુદ્ધિના જઘન્ય પર્યાયો અનંતગુણ હોય છે અને તેથી તેના જ ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાયો અનંતગુણ હોય છે. ( ૬૪ ).

**पढमाण दोण्ह तुल्ला, उक्कोसा पज्जवा अणंतगुणा ।**
**तो सुहुमस्स जहन्ना, अनंतगुणा चरणपज्जाया ॥ ६५ ॥**

**અર્થ**—તે કરતાં પ્રથમના બે સંયતના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાયો અનંતગુણા હોય છે, પરસ્પર તુલ્ય હોય છે. તે કરતાં સૂક્ષ્મસંપરાયના જઘન્ય ચારિત્રપર્યાયો અનંતગુણા હોય છે.(૬૫)

**तस्सेव य उक्कोसा--णंतगुणा हुंति तो अहक्खाए ।**
**अजहण्णमणुक्कोसा–णंतगुणा सन्निगसदारं ॥ ६६ ॥**

**અર્થ**—તે કરતાં તેના જ ઉત્કૃષ્ટ પર્યાય અનંતગુણા હોય છે. તેથી યથાખ્યાતસંયતના અજઘન્યોત્કૃષ્ટ અનંતગુણા ચારિત્રપર્યાય હોય છે. આ પ્રમાણે સંનિકર્ષદ્વાર પૂર્ણ થયું. ( ૬૬ ).

હવે સોળમું યોગદ્વાર તથા ૧૭ મું ઉપયોગદ્વાર કહે છે.—

**मणवयकाईय जोगा, पंचवि अहखायओ अजोगोवि ।**
**दुविहुवओगा चउरो, सुहुमो सागारउवओगो ॥ ६७ ॥**

**અર્થ**—પાંચે સંયત મન, વચન ને કાયયોગવાળા હોય, યથાખ્યાતસંયત ચૌદમે ગુણુઠાણે અયોગી પણ હોય.

પ્રથમના ચાર સંયત સાકાર ને અનાકાર બંને પ્રકારના ઉપયોગવાળા હોય. સૂક્ષ્મસંપરાય સાકાર ઉપયોગવાળા જ હોય તેના કારણમાં તેવો સ્વભાવ જ જાણવો. ( ૬૭ ).

હવે ૧૮ મું કષાયદ્વાર કહે છે:—

**आइदुगि चउतिदुगइगकसाया, परिहारओ चउ कसाओ ।**
**सुहुमो एगकसाओ, खीणुवसंतो अहक्खाओ ॥ ६८ ॥**

**અર્થ**—પ્રથમના બે સંયત સકષાયી હોય તે ચાર, ત્રણ, બે ને એક કષાયવાળા હોય. ચારે કષાયવાળા નવમા ગુણુઠાણુાના છઠ્ઠા ભાગ સુધી હોય, ત્યારપછી સાતમે ભાગે ક્રોધનો ક્ષય કરે ત્યારે ત્રણ કષાયવાળા હોય, આઠમે ભાગે માનનો ક્ષય કરે ત્યારે બે કષાયવાળા હોય, નવમા ગુણુઠાણુાને અંતે માયાનો ક્ષય કરે ત્યારે એક કષાયવાળા હોય, પરિહારવિશુદ્ધિ ચારે કષાયવાળા હોય ( છઠ્ઠે, સાતમે ચારે કષાય હોય છે તેથી ) સૂક્ષ્મસંપરાયસંયત દશમે ગુણુઠાણે હોવાથી એક સંજ્વલન-લોભકષાયવાળા હોય, યથાખ્યાતસંયત ૧૧ મે, ૧૨ મે, ૧૩ મે, ૧૪ મે ગુણુઠાણે હોવાથી તે લોભકષાયનો ૧૧ મે ઉપશમ ને પછી ક્ષય કરેલ હોવાથી અકષાયી હોય. ( ૬૮ ).

હવે ઓગણીશમું લેશ્યાદ્વાર કહે છે:—

**आइदुगे छल्लेसा, परिहारो होइ सुद्धतिल्लेसो ।**
**सुहुमो सुक्को सुक्को, अहखाय अलेसओ वावि ॥ ६९ ॥**

**અર્થ**—પ્રથમના બે સામાયિક ને છેદોપસ્થાપનીય સંયત છએ લેશ્યાવાળા હોય. પરિહારવિશુદ્ધિસંયત શુદ્ધ ત્રણ ( તેજો, પદ્મ ને શુક્લ) લેશ્યાવાળા હોય, સૂક્ષ્મસંપરાયસંયત શુક્લ લેશ્યાવાળો હોય, યથાખ્યાત સંયત ૧૧ મે ૧૨ મે ૧૩ મે પરમશુક્લ લેશ્યાવાળા હોય અને ચૌદમે ગુણઠાણે અલેશ્યી પણ હોય. ( ૬૯ ).

હવે વીશમું પરિણામ દ્વાર કહે છે:—

**वड्ढंत हायमाणय, अवट्ठिय परिणामया पढम तिण्णि ।**
**नो अवट्ठिओ उ सुहुमो, अहखाओ हायमाणो नो ॥ ७० ॥**

**અર્થ**—પ્રથમના ત્રણ સંયત વર્ધમાન પરિણામે હોય, હાયમાન પરિણામે હોય અને અવસ્થિત પરિણામે પણ હોય. સૂક્ષ્મસંપરાયસંયત વિશુદ્ધમાન વધતે પરિણામે હોય, ક્લિશ્યમાન ઘટતે પરિણામે હોય, અવસ્થિત ન હોય. યથાખ્યાતસંયત ૧૧ મે, ૧૨ મે વધતે પરિણામે હોય, ૧૩ મે ગુણઠાણે અવસ્થિત પરિણામી હોય. હાયમાન ન જ હોય. ( ૭૦ ).

**समयमवट्ठियभावो, जहन्न उक्कोस सत्तसमया उ ।**
**वड्ढंतहायमाणा, समयंतमुहुत्त तिण्हंपि ॥ ७१ ॥**

**અર્થ**—અવસ્થિત પરિણામનો ભાવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સાત સમય સુધી હોય. વર્ધમાન ને હાયમાન પરિણામ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત સુધી પ્રથમના ત્રણ સંયતને હોય. ( ૭૧ ).

**वड्ढंतहायमाणो, सुहुमो समयो मुहुत्त उक्कोसो ।**
**अहखाय वड्ढमाणो, जहन्नउक्कोस अंतमुहू ॥ ७२ ॥**

**અર્થ**—સૂક્ષ્મસંપરાયસંયત વર્ધમાન ને હાયમાન પરિણામે જઘન્ય એક સમય ને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત હોય ( તે ગુણઠાણાનો કાળ જ તેટલો છે ), યથાખ્યાતસંયત વર્ધમાન પરિણામે બારમે ગુણઠાણે, જઘન્ય કે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત જ હોય ( એ ગુણઠાણાનો કાળ જ એટલો છે તેથી તે પ્રમાણે સમજવું. ) ( ૭૨ ).

**समओ जहण्णवट्ठिय, उक्कोसो पुव्वकोडी देसूणा ।**
**अहखाय संजओ खलु, वुत्तं परिणामदारमिणं ॥ ७३ ॥**

**અર્થ**—યથાખ્યાતસંયત અવસ્થિત પરિણામે જઘન્ય એક સમય નિશ્ચયે અને ઉત્કૃષ્ટ દેશોઊણા ક્રોડપૂર્વ હોય ( તેરમા સંયોગી ગુણઠાણાનો કાળ તેટલો જ છે માટે ). આ પ્રમાણે પરિણામ દ્વાર કહ્યું. ( ૭૩ ).

હવે એકવીશમું બંધ દ્વાર કહે છે:—

**सामाइयछेयपरिहार-गाय बंधंति सत्त वा अट्ठ ।**
**मोहाउवज्जियाओ, सुहुमो बंधेइ छच्चेव ॥ ७४ ॥**

**अहखाओ पुण एगं, सायं बंधेइ बंधरहिओ वा ।**

**અર્થ**—સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ-એ ત્રણ સંયત સાત અથવા આઠ કર્મ બાંધે ( આયુ ન બાંધે ત્યારે સાત ને આયુ બાંધે ત્યારે આઠ સમજવા ). સૂક્ષ્મસંપરાય સંયત મોહનીય ને આયુકર્મ વર્જીને બાકીના છ કર્મ બાંધે ( ૭૪ ). યથાખ્યાતસંવત ૧૧ મે, ૧૨ મે, ૧૩ મે એક સાતાવેદની બાંધે અને ૧૪ મે અબંધક હોય.

હવે બાવીશમું વેદન દ્વાર કરે છે:—

**वेदंति अट्ठ चउरो, अहखाओ सत्त वा चउ वा ॥ ७५ ॥**

**અર્થ**—ચારે પ્રકારના સંયત આઠે કર્મને વેદે (અનુભવે), દશમા ગુણઠાણા સુધી આઠે કર્મને વેદવાપણું છે માટે. યથાખ્યાત સંયત ૧૧ મે, ૧૨ મે સાત કર્મ વેદે અને ૧૩ મે, ૧૪ મે ચાર અઘાતિકર્મ જ વેદે. ( ૭૫ ).

હવે ત્રેવીશમું ઉદીરણા દ્વાર કહે છે:—

**आइल्ल तिन्नि अड सत्त, छच्च वा आउवेयणियवज्जा ।**
**आउयवेयणिमोहणिवज्जा छ च पंच वा सुहुमो ॥ ७६ ॥**
**पुव्वुत्ताओ पंच व, दुण्णि उदीरइ नामगोयाओ ।**
**कम्माणं पयडीओ, अणुदिरगो वावि अहखाओ ॥ ७७ ॥**

**અર્થ**–પ્રથમના ત્રણ સંયત આઠ, સાત અથવા છ કર્મને ઉદીરે એટલે પ્રમત્તસંયત આઠને ઉદીરે અથવા આયુ વિના સાતને ઉદીરે અને સાતમા, આઠમા ને નવમા ગુણઠાણે આયુ ને વેદની બેને વર્જીને બાકીના છ કર્મને ઉદીરે. સૂક્ષ્મસંપરાય સંયત એ છ કર્મને અથવા આયુ, વેદનીય અને મોહનીય કર્મને વર્જીને પાંચને ઉદીરે. (૭૬).

યથાખ્યાતસંયત ૧૧ મે, ૧૨ મે ગુણઠાણે પૂર્વોક્ત પાંચને ઉદીરે અને બારમાને અંતે તેમ જ તેરમે ગુણઠાણે નામકર્મ ને ગોત્રકર્મ એ બે કર્મપ્રકૃતિને ઉદીરે. ૧૪ મે ગુણઠાણે અણુદીરક હોય એટલે એકે કર્મપ્રકૃતિને ઉદીરે નહીં. ( ૭૭ ).

હવે ચોવીશમું ઉપસંપદહાન દ્વાર એટલે શેને તજતો શું મેળવે ? તે કહે છે—

**चइऊणय सामइयं, छेयं सुहुयं असंयमं वावि ।**
**देसविरइ उवसंपज्जइ, सामाइय चारित्ती ॥ ७८ ॥**

**અર્થ**—સામાયિકચારિત્રી સામાયિકસંયમને છાંડીને-તજીને ચડતો થકો છેદોપસ્થાપનીય ચારિત્ર અને સૂક્ષ્મસંપરાય સંયમ પ્રાપ્ત કરે અને પડતો થકો અસંયમ અથવા દેશવિરતિ ભાવને પામે. ( ૭૮ ).

**छेओवट्ठावणियं, चइउं सामाइयं व परिहारं ।**
**सुहुमं असंजमं वा, पडिवज्जइ देसविरइं वा ॥ ७९ ॥**

**અર્થ**—છેદોપસ્થાપનીય ચારિત્રી છેદોપસ્થાપનીયને તજીને તીર્થને સંક્રમે સામાયિક ચારિત્ર આદરે અથવા ચડતે પરિણામે પરિહારવિશુદ્ધિ ચારિત્રને તથા સૂક્ષ્મસંપરાયસંયમને પ્રાપ્ત કરે અથવા પડતે પરિણામે અસંયમને કે દેશવિરતિને પડિવજે-સ્વીકારે. ( ૭૯ ).

**परिहारं परिहरिउं, छेयं अस्संजमं च पडिवज्जे ।**
**सुहुमाओ पढमदुगं, अहखायं अविरइं वावि ॥ ८० ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધસંયત પરિહારવિશુદ્ધિ ચારિત્રને તજીને છેદોપસ્થાપનીયને આદરે અથવા પડતો અસંયમને આદરે. સૂક્ષ્મસંપરાયસંયત સૂક્ષ્મસંપરાયને તજીને પડે તો સામાયિક કે છેદોપસ્થાપનીયને આદરે અને ચડતો યથાખ્યાત ચારિત્રને આદરે. જો કાળ કરે તો અવિરતિભાવને પામે. ( દેવગતિમાં જ ગમન હોવાથી ચોથે ગુણઠાણે જાય ) ( ૮૦ ).

**अहखायं पुण चइउं, सुहुमं अस्संजमं च सिद्धिं वा ।
उपसंपज्जइ जीवो, उपसंपज्जहाण दारमिणं ॥ ८१ ॥**

**અર્થ**—યથાખ્યાતચારિત્રી જીવ યથાખ્યાતને તજીને પડતો સૂક્ષ્મસંપરાય આદરે અથવા કાળ કરે તો અસંયતપણું પામે ( દેવપણામાં ) અને ચડતા પરિણામે સિદ્ધિપદને પણ પામે. આ પ્રમાણે ઉપસંપદહાન દ્વાર કહ્યું. ( ૮૧ ).

હવે પચીશમું સંજ્ઞાદ્વાર કહે છે—

**पढमा तिण्णि वि दुविहा, नो उवउत्ता दुवे य सण्णासु ।**

**અર્થ**—પ્રથમના ત્રણ સંયત આહારાદિ સંજ્ઞામાં અથવા ક્રોધાદિ સંજ્ઞામાં ઉપયુક્ત–ઉપયોગવાળા હોય અથવા ન પણ હોય. ઉપરના બે ચારિત્રવાળા સંજ્ઞામાં–ઉપયુક્ત ન જ હોય.

હવે ૨૬ મું આહાર દ્વાર કહે છે—

**सामाइयाइ चउरो, आहारा दुविह अहखाओ ॥ ८२ ॥**

**અર્થ**—પ્રથમના સામાયિકાદિ ચાર ચારિત્રવાળા આહારક જ હોય ( ત્રણે પ્રકારના આહારમાંથી રોમ અને કવળ બે પ્રકારના આહાર કરનારા હોય. ) યથાખ્યાતસંયત આહારક ને અનાહારક બંને પ્રકારના હોય. ( તે કેવળીસમુદ્ઘાતમાં ત્રીજા બંને ચોથા-પાંચમા સમયે તેમજ ચૌદમે ગુણઠાણે અણાહારી હોય.)(૮૨).

હવે સત્તાવીશમું ભવદ્વાર કહે છેઃ—

**इक्कं च भवग्गहणं, पंचण्ह वि संजयाण उ जहन्नं ।
उक्कोसेणं अट्ठ उ, दोण्हं तिण्हं तु तिण्णेव ॥ ८३ ॥**

**અર્થ**—પાંચે સંયત જઘન્યથી વર્તમાન એક જ ભવ કરીને સિદ્ધિપદને પામે, પ્રથમના બે સંયત અપ્રતિપાતી સમકિતવાળા ઉત્કૃષ્ટ આઠ ભવ કરે અને બાકીના ત્રણ સંયત ઉત્કૃષ્ટ ત્રણ ભવ કરે. (૮૩).

હવે અઠ્ઠાવીશમું આકર્ષદ્વાર કહે છે:—

**उक्कोसा उ सयग्गस्स, वीसपुहुत्तं च तिण्णि चउर दुवे ।**
**एगभवे आगरिसा, जहण्णओ इक्क सव्वेसिं ॥ ८४ ॥**

**અર્થ**—(આકર્ષ એટલે એક ભવમાં તેટલી વાર તે તે સંયમ પામે એમ સમજવું. અર્થાત્ તે તે સંયમ જાય ને પાછું આવે તેને આકર્ષ કહીએ ).

ઉત્કૃષ્ટ આકર્ષ એક ભવમાં સામાયિકસંયત માટે શતાગ્રશતપૃથક્ત્વ હોય, છેદોપસ્થાપનીયને વીશપૃથક્ત્વ હોય. પરિહારવિશુદ્ધિને ત્રણ હોય ( એક ભવમાં ત્રણ વાર પરિહારવિશુદ્ધિચારિત્ર ગ્રહણ કરાતું હોવાથી ), સૂક્ષ્મસંપરાયને ચાર આકર્ષ હોય ( એક ભવમાં બે વખત ઉપશમશ્રેણી કરાતી હોવાથી સંક્લિશ્યમાન ને વિશુદ્ધમાન એમ બે બે પ્રકારે સૂક્ષ્મસંપરાય સંયમ હોય તેથી ) યથાખ્યાતને બે આકર્ષ હોય (૧૧ મે ગુણઠાણે આ આકર્ષ સમજવા ). પાંચે પ્રકારના સંયતને જઘન્ય એક આકર્ષ હોય. (૮૪).

હવે આખી ભવશ્રેણીમાં આકર્ષ કેટલા થાય ? તે કહે છે:—

**सहसग्गसो सहस्सं, नवसय उवरिं च सत्त नव पंच ।**
**नाणाभवआगरिसा, जहण्णओ दुन्नि पंचेव ॥ ८५ ॥**

અર્થ—સામાયિકસંયતને ઉત્કૃષ્ટ હજારપૃથક્ત્વ આકર્ષ થાય છે. છેદોપસ્થાપનીયને ઉત્કૃષ્ટ નવસોથી હજાર સુધી હોય છે. પરિહારવિશુદ્ધિને સાત, સૂક્ષ્મસંપરાયને નવ અને યથાખ્યાતને પાંચ આકર્ષ હોય છે. જઘન્યથી પાંચે સંયતને બે આકર્ષ હોય છે. (૮૫).

પરિહારવિશુદ્ધિ ઉત્કૃષ્ટ એક ભવમાં ત્રણ વાર પ્રાપ્ત થાય છે અને ત્રણ ભવમાં પ્રાપ્ત થઇ શકે છે તેથી પહેલા ભવમાં ત્રણ, બીજા ભવમાં ત્રણ ને ત્રીજા ભવમાં એક એમ કુલ ૭ આકર્ષ થાય છે.

સૂક્ષ્મસંપરાયના એક ભવમાં ચાર આકર્ષ થાય છે અને તે ત્રણ ભવમાં પ્રાપ્ત થાય છે, તેથી પહેલા ભવમાં ચાર, બીજા ભવમાં ચાર અને ત્રીજા ભવમાં એક એમ કુલ નવ આકર્ષ થાય છે.

યથાખ્યાતચારિત્ર ત્રણ ભવમાં પ્રાપ્ત થાય છે, તેમાં પહેલા ભવમાં બે, બીજા ભવમાં બે અને ત્રીજા ભવમાં એક એમ કુલ ૫ આકર્ષ થાય છે.

હવે ઓગણત્રીશમું સંયતપણાની સ્થિતિ(કાળ)નું દ્વાર કહે છે:-

**एगं पडुच्चकालो, उकिट्ठ देसूण नवहिं वासेहिं ।**
**ऊणा उ पुव्वकोडी, समइयं छेया अहक्खाओ ॥ ८६ ॥**

અર્થ—એક જીવ આશ્રી સામાયિક, છેદોપસ્થાપનીય ને યથાખ્યાતચારિત્ર કાંઇક ઊણા નવ વર્ષે ન્યૂન ક્રોડ પૂર્વ સુધી રહે. (૮૬).

**देसूणे गुणतीसइवासूणा पुव्वकोडि परिहारे ।**
**सुहुमं अंतमुहुत्तं, सव्वेसि जहन्नओ समओ ॥ ८७ ॥**

અર્થ—દેશેઊણા ઓગણત્રીશ વર્ષે ન્યૂન ક્રોડપૂર્વ પરિહારવિશુદ્ધિનો ઉત્કૃષ્ટકાળ છે. એટલે કાંઇક ઊણા ઓગણત્રીશ વર્ષની

વર્ષે જ પરિહારવિશુદ્ધિ ચારિત્ર આદરી શકાય છે. તેનું ક્રોડ પૂર્વનું આયુ હોય ત્યારે ઉપર પ્રમાણે કાળ તેને માટે લાભે. સૂક્ષ્મસંપરાયનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત્ત હોય ( દશમા ગુણઠાણાનો એટલો જ કાળ છે તેથી ). જઘન્યથી તો પાંચે પ્રકારના સંયતનો એક સમય કાળ હોય. ( તે ચારિત્રપરિણામ થાય તેને બીજે સમયે કાળ કરે તેને માટે સમજવો. ) ( ૮૭ ).

**सव्वे पडुच्च काले, समइयअहखाययाण सव्वद्धं ।**
**सुहुमाण एगसमओ, अंतमुहुत्तं च उक्कोसो ॥ ८८ ॥**

અર્થ—કાળે એટલે કાળદ્વારમાં સર્વને એટલે અનેક જીવોને આશ્રીને સામાયિકસંયત ને યથાખ્યાતસંયત સર્વકાળે હોય ( મહાવિદેહક્ષેત્રમાં નિરંતર હોવાથી ). સૂક્ષ્મસંપરાયનો કાળ જઘન્ય એક સમય ને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત સમજવો. ત્યારપછી જરૂર વિરહ પડે. (૮૮).

**छेयाण जहण्णेणं, अड्ढाइज्जासया य वासाणं ।**
**उक्कोसेणं पण्णास-कोडिलक्खा उ अयराणं ॥ ८९ ॥**

અર્થ—છેદોપસ્થાપનીય સંયતનો અનેક જીવ આશ્રી જઘન્યકાળ અઢીસો વર્ષનો સમજવો ( ઉત્સર્પિણીમાં પ્રથમ પ્રભુનું શાસન અઢીસો વર્ષ જ પ્રવર્તવાનું હોવાથી ) ઉત્કૃષ્ટો પચાસ લાખક્રોડ સાગરોપમનો હોય. ( અવસર્પિણીમાં પ્રથમ પ્રભુનું શાસન તેટલો કાળ પ્રવર્તતું હોવાથી ) આ ચારિત્ર પહેલા છેલ્લા પ્રભુના શાસનમાં જ હોવાથી આ કાળ સમજવો ( મહાવીરપ્રભુના શાસનનો કાળ મધ્યમ સમજવો ).

**परिहारविसुद्धिणं, जहण्ण देसूण दोण्णिवाससया ।**
**उक्कोसेणं देसूणाओ, दो पुव्वकोडिओ ॥ ९० ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધિચારિત્રનો દેશૂણ બસો વર્ષનો જઘન્યકાળ હોય તે આ પ્રમાણે-વીરપ્રભુના શાસનમાં તેમના કેવળજ્ઞાન પામ્યા પછી તરત જ સો વર્ષના આયુષ્યવાળો, ૨૯ વર્ષની વયે પ્રભુની પાસે પરિહારવિશુદ્ધચારિત્ર અંગીકાર કરે. ત્યારપછી બીજો સો વર્ષના આયુષ્યવાળો ૨૯ વર્ષની વયે તેના આયુષ્યને અંતે પરિહારવિશુદ્ધિચારિત્ર આદરે. એ અપેક્ષાએ દેશે એટલે ૫૮ વર્ષે ન્યૂન બસો વર્ષ જઘન્યે પરિહારવિશુદ્ધિ સંયત લાભે. ( આ ચારિત્ર તીર્થંકર પાસે અથવા જેણે તીર્થંકર પાસે આદરેલ હોય તેની પાસે જ લેવાય છે ).

ઉત્કૃષ્ટ દેશૂણા બે ક્રોડ પૂર્વ પરિહારવિશુદ્ધચારિત્રી લાભે તે આ પ્રમાણે-કોઇ ક્રોડપૂર્વના આયુષ્યવાળો ૨૯ વર્ષની વયે પ્રથમ તીર્થંકરની પાસે પરિહારવિશુદ્ધિ સંયમ આદરે. તેના ભવને અંતે બીજો કોઈ ક્રોડપૂર્વના આયુવાળો ૨૯ વર્ષની વયે તેની પાસે પરિહારવિશુદ્ધિચારિત્ર આદરે એ અપેક્ષાએ દેશે એટલે ૫૮ વર્ષે ન્યૂન બેક્રોડપૂર્વ પરિહારવિશુદ્ધસંયતી લાભે.

હવે ત્રીશમું અંતરદ્વાર કહે છે:—

**एगं पडुच्च अंतर-मंतमुहुत्तं जहन्न पंचण्हं ।**
**उक्कोसेण अवड्ढं पुग्गलपरियट्टदेसूणा ॥ ९१ ॥**

**અર્થ**—એક જીવને આશ્રીને પાંચે સંયતનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્ત હોય એટલે તે તે સંયમથી પડીને ફરી પાછા અંતર્મુહૂર્ત્ત તે તે ચારિત્ર આદરે. ઉત્કૃષ્ટ અંતર એક જીવઆશ્રી-

દેશૂણુ અર્ધ પુદ્ગલપરાવર્ત કાળનું હોય એટલે એક વાર તે તે સંયમ પામીને તેથી પતિત થઈ સંસારમાં પરિભ્રમણ કરે. તે સમકિત પામેલો હોવાથી અર્ધ પુદ્ગલપરાવર્ત કાળે તો પાછો સમકિત પામી તે તે સંયમ સ્વીકારે. તેને આશ્રીને ઉત્કૃષ્ટ અંતર જાણવું. (૯૧).

**सव्वे पडुच्च सामाइय-अहखायाण अंतरं नत्थि ।**
**सुहुमाण एगसमओ, जहण्णमुक्कोस छम्मासा ॥ ९२ ॥**

અર્થ—સર્વ એટલે અનેક જીવને આશ્રીને સામાયિક ને યથાખ્યાતસંયતને અંતર ન હોય. એ બે સંયમવાળા તો સર્વ કાળે હોય. સૂક્ષ્મસંપરાયસંયત માટે જઘન્ય અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ છ માસનું જાણવું. એટલે એક સૂક્ષ્મસંપરાયી થયા પછી બીજો જીવ જઘન્યે એક સમયને આંતરે જ સૂક્ષ્મસંપરાયસંયતી થાય. ઉત્કૃષ્ટ અંતર છ માસનું પડે. એટલે છ માસે તો જરૂર કોઈ પણ સૂક્ષ્મસંપરાયસંયતી થાય. (૯૩).

**छेयाण जहण्णेण, अंतर तेवट्ठिवाससहसाइं ।**
**उक्कोसेणं अट्ठारस-सागरकोडिकोडिओ ॥ ९३ ॥**

અર્થ—છેદોપસ્થાપનીય સંયતનું અનેક જીવને આશ્રયીને જઘન્ય અંતર ૬૩,૦૦૦ [૧]વર્ષનું હોય અને ઉત્કૃષ્ટઅંતર અઢાર કોડાકોડી સાગરોપમનું હોય. તે આ પ્રમાણે—દુપ્પસહસૂરિથી પદ્મનાભ તીર્થંકર સુધીનું અંતર તે જઘન્ય અંતર જાણવું.

---

૧. અહીં ૬૩,૦૦૦ વર્ષથી થોડું અધિકું અને અઢાર કોડાકોડી સાગરોપમથી થોડું ઊણું એમ સમજવું.

તેમાં અવસર્પિણીનો છઠ્ઠો આરો અને ઉત્સર્પિણીનો પહેલો ને બીજો આરો એમ ત્રણ આરા એકવીશ એકવીશ હજાર વર્ષના જાણવા. ઉત્કૃષ્ટ અંતર ગઈ ચોવીશીના ૨૪ મા તીર્થંકરથી વર્તમાન ચોવીશીના પહેલા તીર્થંકર સુધીનું સમજવું. તેમાં ઉત્સર્પિણીનો ચોથો, પાંચમો ને છઠ્ઠો આરો અને અવસર્પિણીનો પહેલો, બીજો અને ત્રીજો આરો–એમ છ આરા ૧૮ કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળા જાણવા. ( ૯૩ ).

**परिहाराण जहण्णं, चउरासीतिं च वाससहस्साइं ।**
**उक्कोसंतर अट्ठारस,–सागरकोडिकोडिओ ॥ ९४ ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધિનું જઘન્ય અંતર ૮૪ હજાર[1] વર્ષનું જાણવું. તેમાં અવસર્પિણીનો પાંચમો ને છઠ્ઠો અને ઉત્સર્પિણીનો પહેલો ને બીજો એમ ચાર આરા એકવીશ એકવીશ હજાર વર્ષના જાણવા. ઉત્કૃષ્ટ અંતર [2]અઢાર કોડાકોડી સાગરોપમનું ઉપર પ્રમાણે જાણવું. ( ૯૪ ).

હવે ત્રીશમું સમુદ્‌ઘાતદ્વાર કહે છે:—

**सामाइयछेयाणं, छ समुग्घाया य तिण्णि परिहारे ।**
**अहखायस्स उ एगो, केवलिओ नत्थि सुहुमस्स ॥ ९५ ॥**

**અર્થ**—સામાયિક ને છેદોપસ્થાપનીય સંયતને કેવળીસમુદ્‌ઘાત સિવાયના છ ( વેદના, કષાય, મરણ, તૈજસ, વૈક્રિય ને આહારક ) સમુદ્‌ઘાત હોય. પરિહારવિશુદ્ધિ લબ્ધિ પ્રયુંજતા

---

૧. અહીં ચોરાશી હજાર વર્ષથી કાંઇક ન્યૂન અંતર સમજવું.
૨. અહીં અઢાર કોડાકોડી સાગરોપમથી ન્યૂન સમજવું.

નથી માટે ત્રણ (વેદના, કષાય ને મરણ) સમુદ્દઘાત હોય, યથાખ્યાતને એક કેવળિસમુદ્દઘાત હોય અને સૂક્ષ્મસંપરાયસંયતી વિશેષ ઉપયોગવંત છે તેથી તેને સમુદ્દઘાત હોતો નથી. ( ૯૫ ).

હવે ૩૧ મું ક્ષેત્રદ્વાર કહે છે:—

**लोगस्स असंखिज्जे, भागे उ चउण्ह होइ ओगाहो।**
**अहखाय असंखिज्जे, असंखभागेसु लोए वा ॥ ९६ ॥**

અર્થ—ચારે સંયતની અવગાહના લોકના અસંખ્યાતમે ભાગે હોય, યથાખ્યાતની લોકને અસંખ્યાતમે ભાગે, એવા અસંખ્યાતા ભાગોમાં અથવા આખા લોકમાં હોય. ( આ બે છેલ્લી અવગાહના કેવળીસમુદ્દઘાતની વેળાએ હોય.) ( ૯૬ ).

હવે ૩૨ મું સ્પર્શનાદ્વાર કહે છે:—

**एवं चेव य फुसणा,**

અર્થ—એ જ પ્રમાણે–અવગાહના પ્રમાણે સ્પર્શના જાણવી, પરંતુ કાંઇક અધિક જાણવી.

હવે ૩૪ મું ભાવદ્વાર કહે છે:—

**चउरो भावे खओवसमियम्मि ।**
**अहखाओ पुण होज्जा, उवसमिए वा वि खइए वा ॥९७॥**

અર્થ—ચારે સંયત ક્ષયોપશમિક ભાવે હોય, યથાખ્યાત ચારિત્રી ઉપશમભાવે અથવા ક્ષાયિકભાવે હોય, ઉપશમભાવે ૧૧ મે ગુણઠાણે હોય અને ક્ષાયિકભાવે ૧૨ મે ૧૩ મે, ૧૪ મે હોય. (૯૭).

હવે પાંત્રીશમું સંખ્યા પરિમાણદ્વાર કહે છે:—

**पडिवज्जंत समइया, इक्काई जाव सहसपोहुत्तं ।**
**कोडिसहस्सपुहुत्तं, उक्कोस जहण्ण पडिवन्ना ॥ ९८ ॥**

**અર્થ**—સામાયિકચારિત્ર નવું સ્વીકારનાર કોઈ સમયે ન પણ હોય અને હોય તો એક, બે, ત્રણ, યાવત્ હજાર પૃથક્ત્વ પામીએ. પૂર્વપ્રતિપન્ન સામાયિકચારિત્રી હજાર ક્રોડ પૃથક્ત્વ એટલે બે હજાર ક્રોડથી નવ હજાર ક્રોડ પામીએ. ( સામાન્યકાળે બે હજાર ક્રોડ ને ઉત્કૃષ્ટ કાળે નવ હજાર ક્રોડ પામીએ. ) (૯૮).

**छेया पवज्जमाणा, एगाईसयपुहुत्तमुक्कोसा ।**
**थोवुक्कोस पवण्णा, कोडिसयपुहुत्त नो वावि ॥ ९९ ॥**

**અર્થ**—છેદોપસ્થાપનીય ચારિત્રી નવા અંગીકાર કરનારા એક, બે, ત્રણ, યાવત્ શત પૃથક્ત્વ ઉત્કૃષ્ટા પામીએ. પૂર્વપ્રાતપન્નગ ઉત્કૃષ્ટા જો પામીએ તો સો કોટિ પૃથક્ત્વ એટલે બસો ક્રોડથી નવસો ક્રોડ પામીએ અને કોઈ કાળે ન પણ પામીએ; કારણ કે એ ચારિત્ર ભરત, ઐરવતક્ષેત્રમાં અને પહેલા, છેલ્લા તીર્થંકરને વારે જ પામીએ તેથી મધ્યના બાવીશ તીર્થંકરના સમયમાં ન પામીએ. ( ૯૯ ).

**परिहारपवज्जंता, इक्काई जाव सयपुहुत्तंता ।**
**पडिवन्ना जइ हुंति उ, सहसपुहुत्तंत एगाइ ॥ १०० ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધિસંયમવાળા પ્રતિપદ્યમાન પામીએ તો જઘન્ય એક, બે, ત્રણ, યાવત્ શત પૃથક્ત્વ ( બસોથી નવસો ) પામીએ અને ઉત્કૃષ્ટા પ્રતિપન્નચારિત્રી હોય તો હજાર પૃથક્ત્વ પામીએ. ( બાકી ઘણો કાળ તો તે ન જ પામીએ કારણ કે

પહેલા, છેલ્લા તીર્થંકરના સમયમાં પણ અમુક વર્ષો સુધી જ પામી શકાય છે ) ( ૧૦૦ ).

**पडिवज्जंता सुहुमा, इक्काई जा सयं तु बासट्ठा ।**
**अट्ठसयं खवगाणं, उवसमगाणं तु चउपण्णा ॥ १०१ ॥**

**અર્થ**—સૂક્ષ્મસંપરાયચારિત્રી પ્રતિપદ્યમાન જો પામીએ તો એક, બે, ત્રણ ઉત્કૃષ્ટા એકસો બાસઠ પામીએ. તેમાં એકસો આઠ ક્ષપકશ્રેણિવાળા પામીએ ને ચોપન ઉપશમશ્રેણિવાળા પામીએ.(૧૦૧)

**पुव्वपवन्ना जइ ते, इक्काई हुंति जा सयपुहुत्तं ।**
**अहखायपवज्जंता, एगाई जा बिसट्ठसयं ॥ १०२ ॥**

**અર્થ**—સૂક્ષ્મસંપરાય પૂર્વપ્રતિપન્ન જો હોય તો જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ શતપૃથક્ત્વ પામીએ. યથાખ્યાતચારિત્રી પ્રતિપદ્યમાન એક, બે, ત્રણ યાવત્ ૧૬૨ પામીએ. ( ૧૦૨ ).

**अट्ठसयं खवगाणं, चउपन्नुवसायगाण जइ हुंति ।**
**पुव्वपवन्ना थोवुक्कोसा कोडीपुहुत्तमिमे ॥ १०३ ॥**

**અર્થ**—૧૬૨ માં એકસો ને આઠ ક્ષપક હોય અને ચોપન ઉપશામક હોય, કોઇ કાળે પ્રતિપદ્યમાન ન પણ હોય. પૂર્વપ્રતિપન્ન તો ઉપશામક નિરંતર હોય. તે સંખ્યાએ ક્રોડપૃથક્ત્વ એટલે બે ક્રોડથી નવ ક્રોડ હોય. ( જઘન્યકાળે બે ક્રોડ ને ઉત્કૃષ્ટકાળે નવ ક્રોડ હોય. ) ( ૧૦૩ ).

હવે છત્રીશમું અલ્પબહુત્વદ્વાર કહે છેઃ—

**सुहुम परिहार अहखाय, छेय सामाइया य पंचावि ।**
**थोवा संखिज्जगुणा, जहुत्तरं ते मुणेयव्वा ॥ १०४ ॥**

**અર્થ**—સૂક્ષ્મસંપરાય, પરિહારવિશુદ્ધિ, યથાખ્યાત, છેદોપસ્થાપનીય ને સામાયિક–એ પાંચ સંયતમાં સૂક્ષ્મસંપરાય થોડા ને બીજા ચાર અનુક્રમે એક બીજાથી સંખ્યાતગુણા જાણવા. તે આ પ્રમાણે:–

૧. સૂક્ષ્મસંપરાય થોડા તે ઉત્કૃષ્ટા પણ શતપૃથક્ત્વ પામીએ.

૨. પરિહારવિશુદ્ધિ તે કરતાં સંખ્યાતગુણા. તે સહસ્રપૃથક્ત્વ પામીએ.

૩. યથાખ્યાત તેનાથી સંખ્યાતગુણા. તે સદા ક્રોડપૃથક્ત્વ પામીએ.

૪. છેદોપસ્થાપનીય તેનાથી સંખ્યાતગુણા. તે જો પામીએ તો સો ક્રોડપૃથક્ત્વ પામીએ, પણ તે સદાકાળ ન પામીએ.

૫. સામાયિકચારિત્રી તે કરતાં સંખ્યાતગુણા. તે સદા સહસ્રક્રોડપૃથક્ત્વ એટલે બે હજાર ક્રોડથી નવ હજાર ક્રોડ પામીએ.

આ પાંચ સંયતમાં સામાયિકસંયત ને યથાખ્યાતસંયત સદા પામીએ. એનો વિરહ ન જ હોય અને બીજા ત્રણ સંયત કોઇ કાળે ન પણ હોય.

આ પ્રમાણે અલ્પબહુત્વદ્વાર કહ્યું. હવે કેટલીક વિશેષ વાત કહે છે—

**परिहार सुहुम अहखायाणं जंबूम्मि तिण्ह वुच्छेओ ।**
**सामाइय छेया पुण, दुप्पसहो जाव होहिंति ॥ १०५ ॥**

**અર્થ**—પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત આ ત્રણ ચારિત્ર જંબૂસ્વામીના નિર્વાણ સાથે વિચ્છેદ ગયા છે

અને સામાયિક ને છેદોપસ્થાપનીય એ બે સંયમ દુષ્પસહસૂરિ પર્યંત એટલે પાંચમા આરાના છેડા સુધી રહેવાના છે. (૧૦૫).

भगवइपणवीससए, सत्तमउद्देसगाणुसारेणं ।
संजयसंगहणीयं, रइया बुहजीवविजएण ॥ १०६ ॥

અર્થ—શ્રી ભગવતીસૂત્રના પચવીશમા શતકના સાતમા ઉદ્દેશાને અનુસારે આ સંયતસંગ્રહણી પંડિત શ્રી જીવવિજયે રચી છે. (૧૦૬).

ઇતિ શ્રી પંચસંયતસંગ્રહણી
સાનુવાદ સંપૂર્ણ.

पूर्वाचार्यविरचित

# श्री दीवसागरपन्नत्ति सूत्र

अनुवादयुक्त

पुक्खरवरदीवड्ढं, परिक्खिवइ मानुसोत्तरे सेले ।
पायारसरिसरूवे, विभयंतो माणुसं लोयं ॥ १ ॥

અર્થ—માનુષોત્તર નામે પર્વત ફરતા પ્રાકાર ( ગઢ ) જેવા સ્વરૂપવાળો અને અસંખ્ય દ્વીપસમુદ્રોથી મનુષ્યલોકને જુદો પાડતો સતો પુષ્કરવરાર્ધદ્વીપને વીંટીને રહ્યો છે. ૧.

सत्तरिसिक्कवीसाइं, जोयणसयाइं सो समुविद्धो ।
चत्तारि य तीसाइं, मूले कोसं च ओगाढो ॥ २ ॥

અર્થ—એ પર્વત સતરસો ને એકવીશ યોજન ઊંચો છે અને ચારસો ત્રીશ યોજન ને એક ગાઉ જમીનમાં અવગાઢ છે. ૨.

दस बावीसाइं अहे, वित्थिन्नो होइ जोयणसयाइं ।
सत्त य तेवीसाइं, वित्थिन्नो होइ मज्झम्मि ॥ ३ ॥

चत्तारि य चउवीसे, वित्थारो होइ उवरि सेलस्स ।
अड्ढाइज्जे दीवे य, दो व समुद्दे अणुपरीई ॥ ४ ॥

અર્થ—તે પર્વત નીચે જમીન ઉપર એક હજાર ને બાવીશ યોજન વિસ્તારમાં છે અને મધ્યમાં સાતસો ને ત્રેવીશ યોજન વિસ્તારમાં છે. ઉપર મથાળે ચારસો ને ચોવીશ યોજન વિસ્તારમાં છે અને તે અઢીદ્વીપ ને બે સમુદ્રની ફરતો ફરી વળેલો છે. ૩–૪.

**तस्सुवरि माणुसनगस्स, कूडा दिसिविदिसि होंति सोलस उ ।**
**तेसिं नामावलियं, अहक्कमं कित्तइस्सामि ॥ ५ ॥**

**અર્થ**—તે માનુષોત્તર પર્વતની ઉપર દિશા ને વિદિશામાં મળીને સોળ કૂટ છે. તેની નામાવળી યથાક્રમે કહું છું. ૫.

**पुव्वेण तिण्णि कूडा, दक्खिणओ तिण्णि तिण्णि अवरेणं ।**
**उत्तरओ तिण्णि भवे, चउद्दिसिं माणुसनगस्स ॥ ६ ॥**

**અર્થ**—માનુષોત્તર પર્વત ઉપર પૂર્વદિશાએ ત્રણ કૂટ, દક્ષિણ દિશાએ ત્રણ કૂટ, પશ્ચિમ દિશાએ ત્રણ કૂટ અને ઉત્તર દિશાએ ત્રણ કૂટ—એમ ચાર દિશાએ કુલ બાર કૂટ છે. ૬.

**वेरुलियमसारे खलु, तह हंसगब्भे य होति अंजणगे ।**
**अंकमये अरिट्ठे, रयए तह जायरूवे य ॥ ७ ॥**
**नवमे य सिलप्पवहे, तत्तो फलिहे य लोहियक्खे य ।**
**वयरामए य कूडे, परिमाणं तेसिं वोच्छामि ॥ ८ ॥**

**અર્થ**—તે કૂટોનાં નામો આ પ્રમાણે–૧ વૈડુર્ય, ૨ મસાર (મસારગલ્લ), ૩ હંસગર્ભ, ૪ અંજન, ૫ અંકમય, ૬ અરિષ્ટ, ૭ રજત, ૮ જાતરૂપ (સુવર્ણ), ૯ શીલપ્રવાહ, ૧૦ સ્ફટિક, ૧૧ લોહિતાક્ષ ને ૧૨ વજામય–એ પ્રમાણે બાર કૂટ છે. હવે તેનું પરિમાણ કહું છું. ૭–૮.

**एएसिं कूडाणं, उस्सेहो पंच जोयणसयाइं ।**
**पंचेव जोयणसए, मूलम्मि हुंति वित्थिण्णा ॥ ९ ॥**
**वेरुलियमसारे तिण्णि, पनत्तरि जोयणसयाइं ।**
**मज्झंमि अड्ढाइज्जे य, सए सिहरतले वित्थिडा कूडा॥१०॥**

અર્થ—એ કૂટો ઊંચા પાંચસો યોજન છે. મૂળમાં વિસ્તાર પાંચસો યોજન છે. વૈડુર્ય ને મસાર ( વિગેરે ) કૂટો મધ્યમાં ત્રણુસો ને પંચોતેર યોજન છે અને શિખર પર મથાળે અઢીસો યોજન વિસ્તારવાળા છે. ૯—૧૦.

एगं चेव सहस्सं, पंचेव सयाइं एगसीयाइं ।
मूलम्मि उ कूडाइं, सविसेसो परिरओ होइ ॥ ११ ॥

અર્થ—એ કૂટોની મૂળમાં પરિધિ એક હજાર પાંચસો ને એકાશી યોજન ઝાઝેરી છે. ૧૧.

एगं चेव सहस्सं, छलसीयं च तह य होइ सयमेगं ।
मज्झम्मि उ कूडाणं, विसेसहीणो परिक्खेवो ॥ १२ ॥

અર્થ—મધ્યમાં એક હજાર એકસો ને છાશી યોજનથી કાંઇક હીણુ ( ઓછી ) તે કૂટોની પરિધિ છે. ૧૨.

सत्तेव जोयणसया, एक्काणउयं च जोयणा होंति ।
सिहरतले कूडाणं, विसेसहीणो परिक्खेवो ॥ १३ ॥

અર્થ—શિખર ઉપર તે કૂટોની પરિધિ સાતસો ને એકાણુ યોજનથી કાંઇક ઓછી છે. ૧૩.

उसेसयं सियाभद्दे, तत्तो भद्दे भवे सुभद्दे य ।
अट्ठे व सव्वतुरदे, आणंदे चेव नंदे य ॥ १४ ॥

नंदिसेणे य मोडे य, गोथूभे य सुदंसणे ।
पलिओवमठिईया, नागसुवन्ना परिवसंति ॥ १५ ॥

અર્થ—હવે તે કૂટના સ્વામી દેવોનાં નામો કહે છે— ૧ ઉસેસય, ૨ શ્વેતભદ્ર, ૩ ભદ્ર, ૪ સુભદ્ર, ૫ અષ્ટ, ૬ સર્વર્તુરદ,

૭ આનંદ, ૮ નંદ, ૯ નંદિસેણુ, ૧૦ મોડ, ૧૧ ગોસ્તૂપ અને ૧૨ સુદર્શન. એ દેવો પલ્યોપમના આયુવાળા અને નાગકુમાર ને સુવર્ણકુમાર નિકાયના ત્યાં વસે છે. ૧૪-૧૫.

**दक्खिणपुव्वेणं रयण–कूडा गरुल वेणुदेवस्स ।**
**सव्वरयण पुव्वुत्तरेण तं वेणुदालिस्स ॥ १६ ॥**

**અર્થ**—દક્ષિણપૂર્વ ( અગ્નિકોણુ )માં જે રત્નકૂટ છે તેનો સ્વામી ગરુલ એટલે સ્વર્ણકુમારના ઇંદ્ર વેણુદેવ છે. પૂર્વઉત્તર-( ઈશાનકોણુ )માં સર્વરત્ન નામનો જે કૂટ છે તે સ્વર્ણકુમારના વેણુદાલી ઇંદ્રનો છે. ૧૬.

**रयणस्स अवरपासे, तिणिवि समइत्थिऊण कूडाइं ।**
**कूडं वेलंबस्स उ, वेलंबसहिय सया होइ ॥ १७ ॥**

**અર્થ**—રત્નકૂટની પશ્ચિમે રહેલા ત્રણ કૂટોને ઉલ્લંઘીને આગળ જતાં નૈઋતકોણુમાં જે કૂટ છે તે વેલંબ નામનો છે અને વેલંબ નામના વાયુકુમારના ઇંદ્રથી સદા અધિષ્ઠિત છે ૧૭.

**सव्वरयणस्स अवरेण, तिण्णि समइत्थिऊण कूडाइं ।**
**कूडं पभंजनस्स, पभंजणं आढियं होइ ॥ १८ ॥**

**અર્થ**—સર્વરત્નમય કૂટની પશ્ચિમે જે ત્રણ કૂટ છે તેનું ઉલ્લંઘન કરીને આગળ જતાં વાયવ્યકોણુમાં જે કૂટ છે તે પ્રભંજન નામનો પ્રભંજન નામના વાયુકુમારના ઇંદ્રનો છે. ૧૮.

**तीसं च सयसहस्सा, दस य सहस्सा हवंति बोधव्वा ।**
**गोतित्थेहि विरहियं, खेत्तं नलिणोदगसमुद्दो ॥ १९ ॥**

**અર્થ**—પુષ્કરવર દ્વીપની ફરતા આવેલા નલિનોદક અથવા

પુષ્કરવર નામના સમુદ્રનું ત્રીશ લાખ ને દશ હજાર યોજન, ગોતીર્થવિરહિત ક્ષેત્ર છે ( અર્થાત્ બત્રીશ લાખ યોજન પ્રમાણુ એ સમુદ્રમાંથી બે બાજુના ૯૫૦૦૦–૯૫૦૦૦ યોજન ગોતીર્થના મળીને એક લાખ ને નેવું હજાર યોજન બાદ કરતાં એટલું ક્ષેત્ર છે. ) ૧૯.

**विक्खंभपरिक्खेवो, सो चेव समो उ होइ नलिणोदे ।**
**दस चेव जोयणसए, उव्विद्धो नवियसोउव्वो ॥ २० ॥**

**અર્થ**—નલિનોદક સમુદ્રના વિષ્કંભનો પરિધિ પ્રથમના ક્રમ પ્રમાણે (ત્રણગણો ઝાઝેરો) જાણવો. તે નલિનોદક અથવા પુષ્કર-વરોદ સમુદ્ર ગોતીર્થ વિનાના મધ્યભાગમાં એક હજાર યોજન ઊંડો સમતળવાળો છે. ૨૦. ( છેલ્લા શબ્દનો અર્થ બેઠો નથી. )

**एगा जोयणकोडी, छव्वीसा दसजोयणसयाइं ।**
**गोतित्थेण विरहियं, सुरारसे सागरे खित्ते ॥ २१ ॥**

**અર્થ**—૬૪ લાખ યોજન પ્રમાણુ વારુણીવરદ્વીપ પછી એક ક્રોડ, છવીશ લાખ ને દશ હજાર યોજનનો ગોતીર્થ રહિત મદિરાના રસ જેવા પાણીવાળો સુરારસ અથવા વારુણીવર નામનો સમુદ્ર છે. ( તેમાં પણ એક ક્રોડ ને ૨૮ લાખ યોજનના પ્રમાણુમાંથી ગોતીર્થના એક લાખ ને નેવું હજાર યોજન બાદ કરતાં આ પ્રમાણુ આવે છે. ) ૨૧.

**पंचेव य कोडी उ, दसुत्तरी दस य जोयणसहस्सा ।**
**गोतित्थेण विरहियं, खीरवरे सागरे खेत्तं ॥ २२ ॥**

**અર્થ**—બે ક્રોડ ને છપ્પન લાખ યોજનના પ્રમાણુવાળા

ક્ષીરવરદ્વીપ પછી પાંચ ક્રોડ, દશ લાખ ને દશ હજાર યોજન પ્રમાણ ગોતીર્થ રહિત ક્ષીરવરસમુદ્રનું ક્ષેત્ર છે ( આમાં પણ પાંચ ક્રોડ ને બાર લાખ યોજનમાંથી એક લાખ ને નેવું હજાર યોજન બાદ કરતાં આ પ્રમાણ આવે છે. ) ૨૨.

**वीसं जोयणकोडी, छायाला दस य जोयण सहस्सा ।**
**गोतित्थेहिं विरहियं, खेत्तं घयसागरे होइ ॥ २३ ॥**

**અર્થ**—દશ ક્રોડ ને ચોવીશ લાખ યોજન પ્રમાણ ઘૃતવરદ્વીપ પછી વીશ ક્રોડ, છેંતાળીશ લાખ ને દશ હજાર યોજન પ્રમાણ ગોતીર્થ વિરહિત ઘૃતસાગર અથવા ઘૃતવરસમુદ્રનું ક્ષેત્ર છે. (આમાં પણ વીશ ક્રોડ ને ૪૮ લાખ યોજનના પ્રમાણમાંથી ગોતીર્થના ૧,૯૦,૦૦૦ યોજન બાદ કરતાં આ પ્રમાણ આવે છે. ) ૨૩.

**एगासीइ कोडीणं, नउया दस चेव जोयणसहस्सा ।**
**गोतित्थेण विरहियं, खोयरसे सागरे खेत्तं ॥ २४ ॥**

**અર્થ**—ચાળીશ ક્રોડ ને ૯૬ લાખ યોજન પ્રમાણ ઇક્ષુવરદ્વીપ પછી એકાશી ક્રોડ, નેવું લાખ ને દશ હજાર યોજન પ્રમાણ ગોતીર્થ વિરહિત ક્ષોદરસ એટલે ક્ષોદવર અથવા ઇક્ષુરસ એટલે ઇક્ષુવર સમુદ્રનું ક્ષેત્ર છે. ૨૪. ( આમાં પણ એકાશી ક્રોડ ને બાણુ લાખ યોજનના પ્રમાણમાંથી ૧,૯૦,૦૦૦ યોજન ગોતીર્થના બાદ કરતાં આ પ્રમાણ આવે છે. )

### નંદીશ્વરદ્વીપ.

**तेवट्ठं कोडिसयं, चउरासीइं च सयसहस्साइं ।**
**नंदीसरवरदीवे, विक्खंभो चक्कवालेणं ॥ २५ ॥**

**અર્થ**—એકસો ત્રેસઠ ક્રોડ ને ચોરાશી લાખ યોજન પ્રમાણ

નંદીશ્વર નામના દ્વીપનો વિષ્કંભ ચક્રવાળપણે છે. ( આ આઠમો દ્વીપ ઇક્ષુવર સમુદ્રથી બમણા પ્રમાણવાળો છે. ). ૨૫.

**एगासी एगनउयाउ, पंचाणउइं भवे सहस्साइं ।**
**तिण्णेव जोयणसए, ओगाहित्ताण अंजणगा ॥ २६ ॥**

**અર્થ**—એકાશી ક્રોડ, એકાણુ લાખ, પંચાણુ હજાર અને ત્રણસો યોજન નંદીશ્વરદ્વીપમાં જઇએ ત્યારે ચાર દિશાએ ચાર અંજનગિરિ આવે છે. ( નંદીશ્વરદ્વીપના મધ્યભાગમાંથી અંજન-ગિરિની જમીન પરની પહોળાઇના અર્ધભાગના ૪,૭૦૦ યોજન બાદ કરતાં આ પ્રમાણ આવી શકે છે. ) ૨૬.

**चुलसीइसहस्साइं, उव्विद्धाओ गया सहस्समहो ।**
**धरणियले वित्थिण्णा, अणूणगो ते दससहस्से ॥ २७ ॥**

**અર્થ**—એ ચારે અંજનગિરિ ચોરાશી હજાર યોજન ઊંચા છે, એક હજાર યોજન જમીનમાં છે અને પૃથ્વીતળ ઉપર અન્યૂન દશ હજાર યોજન વિસ્તારે છે ( અહીં ઉપરની ગણત્રીમાં ૯૪૦૦ યોજન ગણ્યા છે. ગાથા ૩૧ મીમાં પણ કહ્યાં છે. તેથી આ ૧૦,૦૦૦ યોજનનું પ્રમાણ મતાંતરે છે, એમ લોકપ્રકાશમાં કહેલ છે ). ૨૭.

**जत्थिच्छसि विक्खंभं, अंजणगाउ उवरिवित्ताणं ।**
**तं तिगुणयंति काउं, अट्ठावीसाए विभयाहि ॥ २८ ॥**

**અર્થ**—એ અંજનગિરિનો વિષ્કંભ જ્યાં જાણવાને ઇચ્છે ત્યાં જેટલા યોજન ઉપર ચડીએ તેનો દશમો ભાગ મૂળના ૯,૪૦૦ યોજનમાંથી બાદ કરતાં જે પ્રમાણ આવે તેટલો વિષ્કંભ જાણવો; કારણ કે નીચેના વિષ્કંભમાંથી ત્રણે ગુણ્યા ૨,૮૦૦ એટલે ૮,૪૦૦

યોજન છેવટે ઉપર જતાં ઘટે છે ૧,૦૦૦ રહે છે. ( જમીન ઉપર ૯,૪૦૦ ને મથાળે એક હજાર યોજન વિસ્તારમાં હોવાથી દરેક હજારે એકસો યોજન ઉપર ચડતાં ઘટે ને નીચે ઉતરતાં વધે. ) ૨૮. ( ગાથાનો શબ્દાર્થ બેઠો નથી )

नव चेव सहस्साइं, पंचेव य होंति जोयणसया ।
अंजनगपव्वयाणं, मूलम्मि उ होइ विक्खंभो ॥ २९ ॥

અર્થ—અંજનગિરિનો મૂળમાં વિસ્તાર નવ હજાર ને પાંચસો યોજન જાણવો. ( જમીનમાં એક હજાર યોજન હોવાથી વિસ્તારમાં સો યોજન વધે છે. ) ૨૯.

तीसं चेव सहस्सा, बायालीसं च जोयणा ऊणा ।
अंजणगपव्वयाणं, मूलम्मि उ परिरओ होइ ॥ ३० ॥

અર્થ—અંજનગિરિની મૂળમાં પરિધિ ( ૯૫૦૦ યોજનની ) ત્રીશ હજાર ને ૪૨ યોજન કાંઈક ન્યૂન સમજવી. ૩૦.

नव चेव सहस्साइं, चउ चेव सया हवंति उ अणूणा ।
अंजणगपव्वयाणं, धरणियले होइ विक्खंभो ॥ ३१ ॥

અર્થ—નવ હજાર ને ચારસો યોજન અન્યૂન ( પૂરા ) અંજનગિરિનો પૃથ્વીતળ ઉપર વિષ્કંભ છે. ૩૧.

एगुणतीससहस्सा, सत्तेव सया हवंति छवीसा ।
अंजनगपव्वयाणं, धरणियले परिरओ होइ ॥ ३२ ॥

અર્થ—ઓગણત્રીશ હજાર સાતસો ને છવીશ યોજન અંજનગિરિની પૃથ્વીતળ ઉપર પરિધિ છે. ૩૨. ( સો યોજન પહોળાઈમાં ઘટવાથી ૩૧૬ યોજન પરિધિમાં ઘટે છે તે બરાબર છે.)

**पंचेव सहस्साइं, दो चेव सया हवंति उ अणूणा ।**
**अंजनगपव्वयाणं, बहुमज्झे होइ विक्खंभो ॥ ३३ ॥**

**અર્થ**—પાંચ હજાર ને બસો યોજન સંપૂર્ણ, અંજનગિરિના બહુમધ્યભાગે વિષ્કંભ જાણવો. ૩૩.

( ૯,૪૦૦ માંથી ૪,૨૦૦ બાદ કરતાં ૫,૨૦૦ આવે છે )

**सोलस चेव सहस्सा, सत्तेव सया बिहुत्तरा होंति ।**
**अंजनगपव्वयाणं, बहुमज्झे परिरओ होइ ॥ ३४ ॥**

**અર્થ**—સોળ હજાર સાતસો ને બોંતેર યોજન અંજનગિરિનો બહુમધ્યભાગે પરિધિ જાણવો. ૩૪.

**विक्खंभेणंजणगा, सिहरतले होंति जोयणसहस्सं ।**
**तिन्नेव सहस्साइं, बावट्ठिसयं परिरएणं ॥ ३५ ॥**

**અર્થ**—અંજનગિરિનો વિષ્કંભ શિખરતળે એક હજાર યોજન છે. તેની પરિધિ ત્રણ હજાર એકસો ને બાસઠ યોજન છે. ૩૫.

**वड्ढंति एगपासे, दस गंतूणं पएसमेगं तु ।**
**वीसं गंतूण दुवे, वड्ढंति य दोसु पासेसु ॥ ३६ ॥**

**અર્થ**—ઉપરથી નીચે ઉતરતાં દશ યોજન ઉતરીએ એટલે બન્ને બાજુ મળીને એક યોજન વિષ્કંભમાં વધે અને વીશ યોજન ઉતરીએ ત્યારે બે બાજુમાં થઇને બે યોજન વધે. ૩૬.

(આ ગાથાનો શબ્દાર્થ બેઠો નથી )

**भिंगं गरुडल कज्जल–अंजनयाउ सरिसा विरायंति ।**
**गगणतलमणुलिहंता, अंजनगा पव्वया रम्मा ॥ ३७ ॥**

**અર્થ**—ભ્રમર, ગરુડ, કજ્જળ અને અંજન સરખા શ્યામવર્ણવાળા ગગનતળને સ્પર્શ કરતા અને મનોહર એવા અંજનગિરિઓ શોભે છે. ૩૭.

**अंजणगपव्वयाणं, सिहरत्तलेसु हवंति पत्तेयं ।**
**अरहंतायायणाइं, सीहनिसाईणि तुंगाइ ॥ ३८ ॥**

**અર્થ**—પ્રત્યેક અંજનગિરિના શિખર ઉપર બેઠેલ સિંહની આકૃતિવાળા અને ઊંચા સિદ્ધાયતનો રહેલા છે. ૩૮.

**नरमगरविहगबालग–णाणामणिरूवरइयसोहाइं ।**
**सव्वरयणमयाइं, अच्छिपक्खोभभूयाइं ॥ ३९ ॥**

**અર્થ**—તે સિદ્ધાયતનો મનુષ્ય, મગર, પક્ષી, સર્પ (વિગેરેના) અનેક પ્રકારના મણિઓવડે રચેલા રૂપથી શ્રેષ્ઠ શોભાવાળા સર્વ રત્નમય આંખના તેજને પરાભવ કરે તેવા છે. ૩૯.

**जोयणसयमायामा, पन्नास जोयणाइं वित्थिण्णा ।**
**पन्नत्तरिमुव्विद्धा, अंजणगतले जिणाययणा ॥ ४० ॥**

**અર્થ**—એક સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને પંચોતેર યોજન ઊંચા અંજનગિરિની ઉપરના તળે સિદ્ધાયતનો છે. ૪૦.

( લોકપ્રકાશમાં ૭૨ યોજન ઊંચા કહ્યા છે આ ૭૫૦૦ પાઠાંતર જણાય છે. )

**अंजणगपव्वयाणं, तु सयसहस्सं भवे अबाहाए ।**
**पुव्वाइं आणुपुव्वी, पोक्खरिणीओउ चत्तारि ॥ ४१ ॥**

**અર્થ**—અંજનગિરિની પૂર્વાદિ ચારે દિશાની અનુપૂર્વીએ (અનુક્રમે) લાખ યોજનની અબાધાએ એટલે તેટલી દૂર ચાર પુષ્કરણીઓ છે. ૪૧.

**पुव्वेणं होइ नंदा, नंदवई दक्खिणे दिसिभाए ।**
**अवरेण य णंदुत्तर, उत्तरओ णंदिसेणाओ ॥ ४२ ॥**

અર્થ—પૂર્વમાં નંદા, દક્ષિણમાં નંદાવતી, પશ્ચિમમાં નંદુત્તરા અને ઉત્તરમાં નંદિષેણા નામની છે. ( ૪૨ )

**एगं य सयसहस्सं, वित्थिण्णा उ सहस्समोविद्धा ।**
**निमच्छकच्छाभाओ, जलभरियाओ य सवाओ ॥४३॥**

અર્થ—તે પુષ્કરણીઓ એક લાખ યોજન લાંબી પહોળી ( વિસ્તારે ) છે, હજાર યોજન ઊંડી છે, મચ્છકચ્છપાદિ રહિત છે અને જળથી ભરેલી છે. ( લોકપ્રકાશમાં દશ યોજન ઊંડી કહી છે. ) ( ૪૩. )

**पुक्खरणीण चउद्दिसिं, पंचसए जोयणाण बाहाए ।**
**पुवाइयाणुपुवी, चउद्दिसिं होंति वणसंडा ॥ ४४ ॥**

અર્થ—એ પુષ્કરણીઓની ચારે દિશાએ પાંચસો યોજનની અબાધાએ એટલે તેટલે દૂર પૂર્વાદિ દિશાના ક્રમે ચાર વન-ખંડો છે. ( ૪૪. )

**पागारपरिक्खित्ता, सोहंते ते वणा अहियरम्मा ।**
**पंचसए वित्थिण्णा, सयसहस्सं च आयामे ॥ ४५ ॥**

અર્થ—તે વનો પ્રાકાર( ગઢ )થી પરિક્ષિપ્ત ( વીંટાયેલા ) છે, અતિશય રમ્ય ( મનોહર ) છે, પાંચસો યોજન પહોળા છે અને લાખ યોજન લાંબા છે. ( ૪૫. )

**पुवेण असोगवणं, दक्खिणे उ होइ सत्तवन्नवणं ।**
**अवरेण चंपयवणं, भूयवणं उत्तरे पासे ॥ ४६ ॥**

અર્થ—પૂર્વમાં અશોકવન છે, દક્ષિણમાં શતપર્ણવન છે, પશ્ચિમમાં ચંપકવન છે અને ઉત્તરમાં ભૂતવન છે. ( ૪૬. )

**सव्वेसिं तु वणाणं, चेइयरुक्खा हवंति मज्झम्मि ।**
**नाणारयणविचित्ताहिं, परिगया ते वि दित्तीहिं ॥४७॥**

**અર્થ**—એ સર્વ વનની મધ્યમાં ચૈત્યવૃક્ષો છે. તે નાના પ્રકારનાં રત્નોની વિચિત્ર રચનાવડે દીપતા-શોભતા છે. (૪૭)

**रययमुहा उ दहिमुहा, पुक्खरणीणं हवंती मज्झम्मि ।**
**दस चेव सहस्सा, वित्थरेण चउसट्ठिमुव्विद्धा ॥ ४८ ॥**

**અર્થ**—દરેક પુષ્કરણીના મધ્ય ભાગમાં રજતમય એવા દશ હજાર યોજન લાંબાપહોળા ને ચોસઠ હજાર યોજન ઊંચા દધિમુખ પર્વતો છે. ( ૪૮ )

**एक्कत्तीससहस्सा, छच्चेव सया हवंति तेवीसा ।**
**नगदहिसु परिक्खेवो, किंचि विसेसेण परिहीणो ॥४९॥**

**અર્થ**—એ દધિમુખની પરિધિ એકત્રીશ હજાર છસો ને ત્રેવીશ યોજનથી કાંઈક ઓછી છે. ( ૪૯ )

**संखदलविमलनिम्मल--दहिघनगोखीरहारसंकासा ।**
**गगणतलमणुलिहंता, सोहंते दहिमुहा रम्मा ॥ ५० ॥**

**અર્થ**—એ રમ્ય દધિમુખ શંખદળ સરખા વિમળ અને દધિ ( દહીં ) તેમજ ગાઢ ગાયના દૂધ તથા મોતીના હાર જેવા ઉજ્જ્વળ ગગનતળને સ્પર્શ કરતા સતા શોભી રહ્યા છે. (૫૦)

**पत्तेयं पत्तेयं, सिहरतले होंति दहिमुहनगाणं ।**
**अरहंतायणाइं, सीहनिसाईणि तुंगाइं ॥ ५१ ॥**

**અર્થ**—દરેક દધિમુખ પર્વતોના શિખરતળ ઉપર બેઠા સિંહના આકારવાળા અને ઊંચા સિદ્ધાયતનો છે. (૫૧)

जो दक्खिणअंजनमो, तस्सेव चउद्दिसि च बोद्धव्वा ।
पुक्खरिणी चत्तारि वि, इमेहि नामेहि विन्नेया ॥५२॥

અર્થ—હવે જે દક્ષિણ બાજુનો અંજનગિરિ છે તેની ચારે દિશાએ ચાર પુષ્કરણી આ પ્રમાણેના નામવાળી જાણવી. (૫૨)

पुव्वेण होइ भद्दा, होइ सुभद्दा उ दक्खिणे पासे ।
अवरेण होइ कुमुया, उत्तरओ पुंडरिगिणी उ ॥५३॥

અર્થ—પૂર્વ દિશામાં ભદ્રા, દક્ષિણ દિશાએ સુભદ્રા, પશ્ચિમે કુમુદા અને ઉત્તરે પુંડરીકિણી છે. ( ૫૩ )

अवरेणं अंजणो जो उ, होइ तस्सेव चउद्दिसिं होंति ।
पुक्खरिणीउ नामेहिं, इमेहि चत्तारि विन्नेया ॥ ५४ ॥

અર્થ—જે પશ્ચિમ બાજુનો અંજનગિરિ છે તેની ચારે દિશાએ ચાર પુષ્કરણીઓ આ પ્રમાણેના નામવાળી જાણવી. (૫૪)

पुव्वेण होइ विजया, दक्खिणओ होइ विजयंती उ ।
अवरेणं तु जयंती, अवराइया उत्तरे पासे ॥ ५५ ॥

અર્થ—પૂર્વદિશાએ વિજયા, દક્ષિણદિશાએ વૈજયંતી, પશ્ચિમદિશાએ જયંતી અને ઉત્તર દિશાએ અપરાજિતા છે. (૫૫)

जो उत्तरअंजणगो, तस्सेव चउद्दिसिं च बोद्धव्वा ।
पुक्खरिणीओ चत्तारि, इमेहि नामेहि विन्नेया ॥ ५६ ॥

અર્થ—જે ઉત્તરબાજુનો અંજનગિરિ છે તેની ચાર દિશાએ ચાર પુષ્કરણીઓ આ પ્રમાણેના નામવાળી જાણવી. (૫૬)

**पुव्वेण नंदिसेणा, अमोहा पुण दक्खिणे दिसाभाए ।**
**अवरेण गोत्थुभा खलु, सुदंसणा होइ उत्तरओ ॥ ५७॥**

**અર્થ**—પૂર્વે નંદિષેણા, દક્ષિણે અમોઘા, પશ્ચિમે ગોસ્તૂપા અને ઉત્તરે સુદર્શના છે. ( ૫૭ )

**एकासि एक्कनउया य पंचाणउइं भवे सहस्साइं ।**
**नंदीसरवरदीवे, ओगाहित्ताण रइकरगा ॥ ५८ ॥**

**અર્થ**—એ દધિમુખના આંતરામાં રતિકર પર્વતો છે તે નંદીશ્વરદ્વીપમાં ૮૧ ક્રોડ ૯૧ લાખ ને ૯૫૦૦૦ યોજન જઈએ ત્યાં આવેલા છે. ૫૮ ( લોકપ્રકાશમાં એબે કહ્યા છે. )

**उच्चत्तेण सहस्सं, अड्ढाइज्जे सए य उव्विद्धा ।**
**दस चेव सहस्साइं, वित्थिण्णा होंति रइकरगा ॥ ५९॥**

**અર્થ**—તે રતિકરો ઊંચાઈમાં એટલે જાડા એક હજાર યોજન છે. અઢીસો યોજન જમીનમાં છે અને દશ હજાર યોજન લાંબાપહોળા ( ઝાલરને આકારે ) છે. ( ૫૯ )

**एक्कत्तीस सहस्सा, छच्चेव सए हवंति तेवासे ।**
**रइकरगपरिक्खेवे, किंचि विसेसेण परिहीणो ॥ ६० ॥**

**અર્થ**—તે રતિકર પર્વતોની પરિધિ એકત્રીશ હજાર છસો ને ત્રેવીશ યોજનમાં કાંઈક ઓછી છે. ( ૬૦ )

ઉપર પ્રમાણે ૩૨ રતિકર, ૧૬ દધિમુખ ને ૪ અંજનગિરિ—કુલ (૫૨) પર્વતો ઉપર (૫૨) સિદ્ધાયતનો છે.

**एत्तो एक्केक्कस्स उ, सयसहस्सं भवे अबाहाए ।**
**पुव्वाइ आणुपुव्वी, चउद्दिसिं रायहाणीओ ॥ ६१ ॥**

અર્થ—દરેક રતિકર પર્વતોની એક લાખ યોજનની અબાધાએ એટલે તેટલી દૂર પૂર્વાદિ ચાર દિશાના ક્રમે અનુપૂર્વીએ (ઇંદ્રાણીઓની) રાજધાનીઓ છે. ( ૬૧ )

**जो पुव्वदक्खिणो रइ–करो उ तस्स चउद्दिसिं होंति ।**
**सक्कग्गमहिस्सीणं, एया खलु रायहाणीओ ॥ ६२ ॥**

અર્થ—જે પૂર્વદક્ષિણે એટલે અગ્નિકોણે રતિકર છે તેની ચારે દિશાએ જે રાજધાનીઓ છે તે શક્રેંદ્રની અગ્રમહિષીઓની છે. (૬૨)

**देवकुरा उत्तरकुरा, एया पुव्वेण दक्खिणेणं च ।**
**अवरेण उत्तरेण य, नंदुत्तरा नंदिसेणा य ॥ ६३ ॥**

અર્થ—પૂર્વે દેવકુરા, દક્ષિણે ઉત્તરકુરા, પશ્ચિમે નંદુત્તરા અને ઉત્તરે નંદિષેણા નામની છે. ( ૬૩ )

**एगं च सयसहस्सं, वित्थिण्णाओ उ आणुपुव्वीए ।**
**तं तिगुणं सविसेसं, परिरएणं तु सव्वाओ ॥ ६४ ॥**

અર્થ—એ સર્વ રાજધાનીઓ એક લાખ યોજન વિસ્તારમાં છે અને તેથી ત્રણગુણો ઝાઝેરો તેનો પરિધિ છે. ( ૬૪ )

**जो अवरदक्खिणे रइ–करो उ तस्सेव चउद्दिसिं होंति ।**
**सक्कग्गमहिस्सीणं, एया खलु रायहाणीओ ॥ ६५ ॥**

અર્થ—જે પશ્ચિમદક્ષિણે એટલે નૈર્ઋત્ય વિદિશાએ રતિકર છે તેની ચારે દિશાએ ચાર રાજધાનીઓ છે તે પણ શક્રેંદ્રની અગ્રમહિષીઓની છે. ( ૬૫ )

**भूया भूयवडेंसा य, एया पुव्वेण दक्खिणेण भवे ।**
**अवरेण उत्तरेण य, मणोरमा अग्गिमालीया ॥ ६६ ॥**

અર્થ—પૂર્વે ભૂતા, દક્ષિણે ભૂતાવતંસા, પશ્ચિમે મનોરમા અને ઉત્તરે અગ્નિમાળિકા નામની છે. ( ૬૬ )

**अवरुत्तररइकरगे, चउदिसि होंति तस्स एयाओ ।**
**ईसाणग्गमहिसीणं, ताओ खलु रायहाणीओ ॥ ६७ ॥**

અર્થ—પશ્ચિમઉત્તરે એટલે વાયવ્ય વિદિશાએ જે રતિકર છે તેની ચાર દિશાએ ચાર રાજધાનીઓ છે તે ઇશાનેંદ્રની અગ્રમહિષીઓની છે. ( ૬૭ )

**सोमनसा य सुसीमा, य पुव्वेणं दक्खिणेण भवे ।**
**अवरेण उत्तरेण य, सुदंसणे चेव अमोहा य ॥ ६८ ॥**

અર્થ—પૂર્વે સોમનસા, દક્ષિણે સુસીમા, પશ્ચિમે સુદર્શના અને ઉત્તરે અમોઘા નામની છે. ( ૬૮ )

**पुव्वुत्तररइकरगे, तस्सेव चउदिसिं भवे एया ।**
**ईसानअग्गमहिसीण, सालपरिवेढीयतणूआ ॥ ६९ ॥**

અર્થ—પૂર્વોત્તરમાં એટલે ઇશાનકોણમાં જે રતિકર છે તેની ચારે દિશાએ ચાર રાજધાનીઓ છે તે પણ ઇશાનેંદ્રની અગ્રમહિષીઓની છે અને તે બધી રાજધાનીઓ ફરતા પ્રાકાર-( ગઢ )વડે શોભતી છે. ( ૬૯ )

**रयणप्पहा य रयणा, पुव्वेणं दक्खिणेण भवे ।**
**सव्वरयणा रयण-संचया य अवरुत्तरे पासे ॥ ७० ॥**

અર્થ—પૂર્વે રત્નપ્રભા, દક્ષિણે રત્ના, પશ્ચિમે સર્વરત્ના અને ઉત્તરે રત્નસંચયા નામની છે. ( ૭૦ )

કુંડળદ્વીપ

**दोकोडिसहस्साइं, छच्चेव सयाइं एक्कवीसाइं ।**
**चोयालसयसहस्सा, विक्खंभो चक्कवालेणं ॥ ७१ ॥**

**અર્થ**—બે હજાર છસો ને એકવીસ ક્રોડ અને ચુમાલીશ લાખ યોજન ચક્રવાળપણે કુંડળદ્વીપને‌ા વિષ્કંભ છે. ( ૭૧ )

**कोंडलदीवस्स मज्झे, णगुत्तमो होइ कुंडलो सेलो ।**
**पागारसरिसरूवो, विभयंतो कोंडलं दीवं ॥ ७२ ॥**

**અર્થ**—કુંડળદ્વીપના મધ્યમાં કુંડળ નામને‌ા ઉત્તમ પર્વત છે. તે પ્રાકારની જેવા આકારવાળો અને કુંડળદ્વીપના બે વિભાગ કરનારો છે. ( ૭૨ )

**बायालीससहस्सो, उव्विद्धो कुंडलो हवइ सेलो ।**
**एगं चेव सहस्सं, धरणियलमहे समोगाढो ॥ ७३ ॥**

**અર્થ**—કુંડળ પર્વત બેંતાળીશ હજાર યોજન ઊંચો છે અને ધરણીતળે એક હજાર યોજન ઊંડો છે. ( ૭૩ )

**दस चेव जोयणसए, बावीसं वित्थडो य मूलम्मि ।**
**सत्तेव जोयणसए, तेवीसे वित्थडो मज्झे ॥ ७४ ॥**

**અર્થ**—તે પર્વત મૂળમાં એક હજાર ને બાવીશ યોજન પહોળો છે અને મધ્યમાં સાતસો ને ત્રેવીશ યોજન પહોળો છે. (૭૪)

**चत्तारि जोयणसए, चउवीसे वित्थडो उ सिहरितले ।**
**एयस्सुवरि कूडे, अहक्कमं कित्तइस्सामि ॥ ७५ ॥**

**અર્થ**—ઉપરના ભાગમાં ચારસો ને ચોવીશ યોજન પહોળો છે. એની ઉપર જે કૂટો છે તે યથાક્રમે કહું છું.

**पुव्वेण होंति कूडा, चत्तारि उ दक्खिणे वि चत्तारि ।**
**अवरेण वि चत्तारी, उत्तरओ होंति चत्तारि ॥ ७६ ॥**

**અર્થ**—પૂર્વદિશામાં ચાર કૂટ છે, દક્ષિણદિશામાં ચાર કૂટ છે, પશ્ચિમદિશામાં ચાર કૂટ છે અને ઉત્તરદિશામાં ચાર કૂટ છે. ( ૭૬ )

**वयरप्पभे वइरसारे, कणगे कणगुत्तमे इय ।**
**रत्तप्पभे य रत्तधाउ, सुप्पभे य महप्पभे ॥ ७७ ॥**
**मणिप्पभे य मणिहिये, रुयगे एगवडिंसए ।**
**फलिहे य महाफलिहे, हिमवं मंदिरे इय ॥ ७८ ॥**

હવે તે કૂટોનાં નામ કહે છે— .

**અર્થ**—વજ્રપ્રભ, વજ્રસાર, કનક, કનકોત્તમ, રક્તપ્રભ, રક્તધાતુ, સુપ્રભ ને મહાપ્રભ, મણિપ્રભ, મણિહિત, રુચક, એકાવતંસક, સ્ફટિક, મહાસ્ફટિક, હિમવત ને મંદિર. (૭૭–૭૮)

**एएसिं कूडाणं, उस्सेहो पंच जोयणसयाइं ।**
**पंचेव जोयणसए, मूलम्मि य वित्थडा कूडा ॥ ७९ ॥**

**અર્થ**—એ કૂટો ઊંચા પાંચશેં યોજન છે અને મૂળમાં પાંચશેં યોજન વિસ્તારમાં ( લાંબા પહોળા ) છે. ( ૭૯ )

**तिन्नेव जोयणसए, पन्नत्तरि जोयणाइं मज्झम्मि ।**
**अड्ढाइज्जे य सए, सिहरितले वित्थडा कूडा ॥ ८० ॥**

**અર્થ**—મધ્યમાં ત્રણસો ને પંચોતેર યોજન છે અને શિખર તળે અઢીસો યોજન વિસ્તારવાળા એ કૂટો છે. ( ૮૦ )

**एगं चेव सहस्सं, पंचेव सयाइं एक्कसीयाइं ।**
**मूलम्मि उ कूडाणं, सविसेसो परिरओ होइ ॥ ८१ ॥**

**અર્થ**—એ કૂટોની પરિધિ મૂળમાં પંદરસો ને એકાશી યોજન ઝાઝેરી છે. ( ૮૧ )

**एगं चेव सहस्सं, छलसीयं चेव होइ सयमेगं ।**
**मज्झम्मि य कूडाणं, विसेसहीणो परिक्खेवो ॥ ८२ ॥**

**અર્થ**—એક હજાર એકસો ને છાશી યોજનમાં કાંઇક હીણુ એ કૂટોની મધ્યમાં પરિધિ છે. ( ૮૨ )

**सत्तेव जोयणसए, एक्काणउइं च जोयणा होंति ।**
**सिहरतले कूडाणं, विसेसहीणो परिक्खेवो ॥ ८३ ॥**

**અર્થ**—સાતસો ને એકાણુ યોજનથી કાંઇક ઓછી એ કૂટોની શિખરતળે પરિધિ છે. ( ૮૩ )

**पलिओवमट्ठिईया, नागकुमारा वसंति एएसु ।**
**तेसिं नामावलियं, अहक्कमं कित्तइस्सामि ॥ ८४ ॥**

**અર્થ**—એ કૂટોની ઉપર એક પલ્યોપમની સ્થિતિવાળા નાગકુમાર નિકાયના દેવો વસે છે તેનાં અનુક્રમે નામો કહું છું. (૮૪)

**तीसीसे पंचसीसे य, सत्तसीसे महाभुजे ।**
**पउमुत्तरे पउमसेणे, महापउमे चेव वासुगी ॥ ८५ ॥**

**थिरहियय मउयहियओ, सिरिवच्छे सोत्थिए इय ।**
**सुंदरनागे विसालक्खे, पंडुरंगे पंडुकेसी य ॥ ८६ ॥**

**અર્થ**—ત્રિશીર્ષ, પંચશીર્ષ, સપ્તશીર્ષ, મહાભુજ, પદ્મોત્તર, પદ્મસેન, મહાપદ્મ, વાસુકી, સ્થિરહૃદય, મૃદુહૃદય, શ્રીવચ્છ, સ્વસ્તિક, સુંદરનાગ, વિશાળાક્ષ, પાંડુરંગ ને પાંડુકેશી. (૮૫-૮૬)

**कुंडलनगस्स अब्भिंतर–पासे होंति रायहाणीओ ।**
**सोलसमुत्तरपासे, सोलस पुण दक्खिणे पासे ॥ ८७ ॥**

**અર્થ**—કુંડળ પર્વતની અભ્યંતર બાજુએ ઉત્તરદિશાએ સોળ અને દક્ષિણુદિશાએ પણ સોળ રાજધાનીઓ છે. ( ૮૭ )

**जा उत्तरेण सोलस, ताओ ईसाणलोगपालाणं ।**
**सक्कस्स लोगपालाणं, दक्खिणे सोलस हवंति ॥ ८८ ॥**

**અર્થ**—જે ઉત્તરબાજુએ સોળ રાજધાનીઓ છે તે ઈશાનેંદ્રના લોકપાળોની છે અને જે દક્ષિણુદિશાએ સોળ રાજધાનીઓ છે તે શક્રેંદ્રના લોકપાળોની છે. ( ૮૮ )

**मज्झे होइ चउण्हं, वेसमणपभो नगुत्तमो सेलो ।**
**रइकरगपव्वयसमो, उस्सेहुव्वेहविक्खंभो ॥ ८९ ॥**

**અર્થ**—ઉત્તરદિશાએ આવેલી ચાર રાજધાનીઓના મધ્યમાં વૈશ્રમણપ્રભ નામને ઉત્તમ શૈલ (પર્વત) છે. તે પર્વત ઊંચાઈમાં, ઊંડાઈમાં ને વિસ્તારમાં રતિકર પર્વત જેવો છે. ( ૮૯ )

**तस्सेव नगुत्तमस्स उ, चउद्दिसिं होंति रायहाणीओ ।**
**जंबुद्दीवसमाओ, विक्खंभायामओ ताओ ॥ ९० ॥**

**અર્થ**—તે શ્રેષ્ઠ પર્વતની ચાર દિશાએ ચાર રાજધાનીઓ છે. તે જંબૂદ્વીપ જેવડી લંબાઈ, પહોળાઈમાં છે અર્થાત્ લાખ યોજન પ્રમાણ છે. ( ૯૦ )

**पुव्वेण अलयभद्दा सक्कसारा य होइ दाहिणओ ।**
**अवरेण उ कुवेरा, धणप्पभा उत्तरे पासे ॥ ९१ ॥**

**અર્થ**—પૂર્વમાં આલયભદ્રા, દક્ષિણે શક્રસારા, પશ્ચિમે કુબેરા અને ઉત્તરે ધનપ્રભા નામની છે. ( ૯૧ )

**एएणेव कमेणं, वरुणस्स य होंति अवरपासम्मि ।**
**वरुणप्पभसेलस्स वि, चउद्दिसिं रायहाणीओ ॥ ९२ ॥**

**અર્થ**—એજ પ્રમાણેના ક્રમથી પશ્ચિમે વરુણદેવના વરુણપ્રભ નામના પર્વતની ચારે બાજુએ ચાર રાજધાનીઓ છે. (૯૨)

**पुव्वेण होइ वरुणा, वरुणपभा दक्खिणे दिसाभाए ।**
**अवरेण होइ कुमुया, उत्तरओ पुंडरिंगिणिया ॥ ९३ ॥**

**અર્થ**—પૂર્વે વરુણા નામની, દક્ષિણે વરુણપ્રભા નામની, પશ્ચિમે કુમુદા નામની અને ઉત્તરે પુંડરીકિણી નામની છે. (૯૩)

**एएणेव कमेणं, सोमस्स वि होंति अवरपासम्मि ।**
**सोमप्पभसेलस्स वि, चउद्दिसिं रायहाणीओ ॥ ९४ ॥**

**અર્થ**—એ જ પ્રમાણેના ક્રમથી બીજી બાજુએ (પૂર્વે) સોમ નામના લોકપાળના સોમપ્રભ નામના પર્વતની ચારે બાજુએ ચાર રાજધાનીઓ છે. ( ૯૪ )

**पुव्वेण होइ सोमा, सोमप्पभा दक्खिणे दिसाभाये ।**
**सिवपागारा अवरेणं, होइ णलिणा य उत्तरओ ॥९५॥**

**અર્થ**—પૂર્વમાં સોમા નામની, દક્ષિણ દિશાએ સોમપ્રભા નામની, પશ્ચિમે શિવપ્રાકારા નામની અને ઉત્તરે નલિના નામની છે. ( ૯૫ )

**एएणेव कमेणं, अंतगस्सावि होइ अवरेणं ।**
**जम्मवतिप्पभसेलस्स, चउद्दिसिं रायहाणीओ ॥ ९६ ॥**

અર્થ—એ જ પ્રમાણે દક્ષિણ બાજુએ યમ લોકપાળની યમ-(વતિ)પ્રભ નામના પર્વતની ચાર દિશાએ ચાર રાજધાનીઓ છે. ૯૬

पुवेण उ विसाला, अइविसाला उ दाहिणे पासे ।
सेलंपभाऽवरेणं, अगया पुण उत्तरे पासे ॥ ९७ ॥

અર્થ—પૂર્વ દિશાએ વિશાળા, દક્ષિણે અતિવિશાળા, પશ્ચિમે શૈલપ્રભા ને ઉત્તરે અગદા નામની છે. ( ૯૭ )

सक्कस्स देवरन्नो, जावट्ठय हवंति अग्गमहिसीओ ।
तासिं पि य पत्तेयं, अट्ठेव य रायहाणीओ ॥ ९८ ॥

અર્થ—શક્રેંદ્રની જે આઠ અગ્રમહિષીઓ ( ઇંદ્રાણીઓ ) છે તેની પણ પ્રત્યેકે આઠ રાજધાનીઓ છે. ( ૯૮ )

जंनामा देवीओ, तंनामा हौंति रायहाणीओ ।
सक्कस्स देवरन्नो, ताओ उ हवंति दक्खिणओ ॥ ९९ ॥

અર્થ—શક્ર નામના દેવરાજાની જે નામની દેવીઓ ( ઇંદ્રાણીઓ ) છે તે નામની રાજધાનીઓ દક્ષિણ બાજુ સમજવી. (૯૯)

ईसानदेवरन्नो, जाओ हवंति अग्गमहिसीओ ।
तासिं पिय पत्तेयं, अट्ठेव य रायहाणीओ ॥ १०० ॥

અર્થ—ઇશાન દેવરાજાની જે આઠ અગ્રમહિષીઓ છે તેની પણ પ્રત્યેક આઠ રાજધાનીઓ છે. (૧૦૦)

जंनामा देवीओ, तंनामा हौंति रायहाणीओ ।
ईसाणदेवरन्नो, तासिं तु हवंति उत्तरओ ॥ १०१ ॥

અર્થ—ઇશાનેંદ્રની જે નામની દેવીઓ–અગ્રમહિષીઓ છે તે નામની તેની રાજધાનીઓ ઉત્તર બાજુ સમજવી. ( ૧૦૧ )

**कुंडलवरस्स बाहिं, छसु चेव हवंति सयसहस्सेसु ।**
**तेत्तीसं रइकरगाओ, पव्वया तत्थ रम्माओ ॥ १०२ ॥**

**અર્થ**—કુંડળવર દ્વીપની બહારના ભાગમાં એટલે પર્વતની બીજી બાજુમાં સમુદ્ર તરફ છ લાખ યોજન જઇએ ત્યારે ત્યાં તેત્રીશ રતિકર પર્વતો અત્યંત મનોહર છે. ( ૧૦૨ )

**सक्कस्स देवरन्नो, तायत्तीसा हवंति जे देवा ।**
**उप्पायपव्वया खलु, पत्तेयं तेसि बोधव्वा ॥ १०३ ॥**

**અર્થ**—શક્રેંદ્રના જે તેત્રીશ ત્રાયસ્ત્રિંશત્ દેવો છે તેમના પ્રત્યેકના તે ઉત્પાત પર્વતો જાણવા ( બીજે સ્થળે જવું હોય ત્યારે ત્યાં આવીને તે દેવો ઉત્પતે છે તેથી તે ઉત્પાત પર્વતો કહેવાય છે. ) ( ૧૦૩ )

**एत्तो एक्केक्कस्स उ, चउद्दिसिं होंति रायहाणीओ ।**
**जंबुद्दीवसमाओ, विक्खंभायामओ ताओ ॥ १०४ ॥**

**અર્થ**—તે એકેક પર્વતની ચારે દિશાએ એકેક મળીને ચાર રાજધાનીઓ છે તે જંબૂદ્વીપ સરખા આયામ ને વિષ્કંભવાળી છે. ( ૧૦૪ )

**पढमा उ सयसहस्सा, बिइया तिसु चेव सयसहस्सेसु ।**
**पुव्वाइयाणुपुव्वी, तासिं नामाइं कित्तेऽहं ॥ १०५ ॥**

**અર્થ**—પહેલા લાખ જતાં પહેલી અને ત્રણ લાખ જતાં બીજી ત્રણ એમ પૂર્વાદિ દિશાના અનુક્રમે રાજધાનીઓ છે તેનાં નામો હવે કહું છું. ( ૧૦૫ )

(બીજા લાખે ૧, ત્રીજા લાખે ૧ ને ચોથા લાખે ૧ સમજાય છે.)

**विजया य वेजयंती, जयंति अवराइया य बोधव्वा ।**
**तत्तो य नलिणनामा, नलिनगुमाय पउमा य ॥१०६॥**
**तत्तो य महापउमा, अट्ठेव य होंति रायहाणीओ ।**
**चक्कज्झया य सव्वा, सव्वा वयरज्झयाओ य ॥ १०७॥**

**અર્થ**—વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા, નલિના, નલિનગુલ્મા, પદ્મા અને મહાપદ્મા–આ આઠ રાજધાનીઓ જાણવી. તથા ચક્રધ્વજા, સર્વા, સર્વધ્વજા અને વજ્રધ્વજા–આ ચાર. ( ૧૦૬–૧૦૭ )

**सक्कस्स देवरन्नो, तायत्तीसाण अग्गमहिसीणं ।**
**तासिं खलु पत्तेयं, चउरा य रायहाणीओ ॥ १०८ ॥**

**અર્થ**—શક્રેંદ્રના ત્રાયસ્ત્રિંશ દેવોની અગ્રમહિષીઓની પ્રત્યેકની ચાર રાજધાનીઓ જાણવી. ( ૧૦૮ )

**जंनामा से देवी, तंनामा तासि रायहाणीओ ।**
**ईसाणदेवरन्नो, तायत्तीसाण उत्तरओ ॥ १०९ ॥**

**અર્થ**—જે નામની તે દેવીઓ છે તે નામની તેમની રાજધાનીઓ સમજવી. એ જ પ્રમાણે ઇશાનેંદ્રના ત્રાયસ્ત્રિંશ દેવોની રાજધાનીઓ ઉત્તર બાજુ સમજવી. ( ૧૦૯ )

### કુંડળસમુદ્ર

**बावन्नं बायाला, छलसाई दस जोयणसहस्सा ।**
**गोतित्थेण विरहियं, खित्तं खलु कुंडलसमुद्दे ॥ ११० ॥**

**અર્થ**--બાવનશેં બેંતાળીશ ક્રોડ, છાશી લાખ ને દશ હજાર યોજન ગોતીર્થ વિનાનું કુંડળસમુદ્રનું ક્ષેત્ર જાણવું. ( ૧૧૦ )

( કુંડળદ્વીપનું પ્રમાણ ૨૬૨૧ ક્રોડ ને ૪૪ લાખ યોજન છે તેથી બમણું કરતાં બાવનસો બેંતાળીશ ક્રોડ ને અઠયાસી લાખ યોજન થાય, તેમાંથી બન્ને બાજુના ગોતીર્થના ૧૯૦૦૦૦ યોજન જતાં બાકી રહેલ ગોતીર્થ વિનાનું ઉપર પ્રમાણે ક્ષેત્ર સમજવું. )

રુચકદ્વીપ

**दस कोडिसहस्साइं, चत्तारि सयाइं पंचसीयाइं ।**
**छावत्तरिं च लक्खा, विक्खंभो रुयगदीवस्स ॥ १११ ॥**

**અર્થ**—હવે રુચકદ્વીપનું પ્રમાણ ૧૦૪૮૫ ક્રોડ ને ૭૬ લાખ યોજનનું જાણવું. ( કુંડળ સમુદ્રથી બમણું સમજવું ) ( ૧૧૧ )

**रुयगवरस्स उ मज्झे, णगुत्तमो होइ पव्वओ रुयगो ।**
**पागारसरिसरूवो, रुयगदीवं विभयमाणो ॥ ११२ ॥**

**અર્થ**—રુચકવરદ્વીપના મધ્યમાં રુચક નામનો ઉત્તમ પર્વત છે. તે પ્રાકાર ( ગઢ ) જેવા સ્વરૂપવાળો છે અને રુચકદ્વીપના બે વિભાગ કરનારો છે. ( ૧૧૨ )

**रुयगस्स उ उस्सेहो, चउरासीई भवे सहस्साइं ।**
**एगं चेव सहस्सं, धरणियलमहे समोगाढो ॥ ११३ ॥**

**અર્થ**—રુચકપર્વતની ઊંચાઇ ૮૪૦૦૦ યોજન છે અને એક હજાર યોજન પૃથ્વીતળમાં ઊંડો છે. ( ૧૧૩ )

**दस चेव सहस्सा खलु, बावीसं जोयणाइं बोधव्वा ।**
**सिहरितले विक्खंभो, रुयगस्स उ पव्वयस्स भवे ॥ ११४ ॥**

**અર્થ**—આ રુચકપર્વતના શિખરતળે વિષ્કંભ દશ હજાર ને ૨૨ યોજન છે. ( આ વિસ્તાર ધરણીતળે છે, મધ્યમાં

७०२३ યોજન છે અને શિખર ઉપર ૪૦૨૪ યોજન છે. જુઓ લોકપ્રકાશ સર્ગ ૨૪ માનો શ્લોક ૩૧૦ મો) ( ૧૧૪ )

मध्ये सप्त सहस्राणि, त्रयोविंशतिविस्तृतः ।
चतुर्विंशाश्च चतुरः, सहस्रान् मुर्ध्नि विस्तृतः ॥ ३१० ॥

**सिहरितलम्मि उ रुयगस्स, चउ चउ होंति कूडा चउद्दिसिं तत्थ ।**
**पुवाइ आणुपुव्वी, तेसिं नामाइं कित्तीहं ॥ ११५ ॥**

**અર્થ**—રુચકપર્વત શિખર ઉપર ચારે દિશાએ રહેલા ચાર સિદ્ધાયતનની બન્ને બાજુ ચાર ચાર એટલે આઠ આઠ કૂટ છે. તે પૂર્વ દિશાની અનુપૂર્વીએ છે તેના નામો હું કહું છું. ( ૧૧૫ )

(એ રીતે એકેક દિશાએ આઠ આઠ દિશાકુમારિકાના કૂટ છે.)

( ચાર સિદ્ધાયતન ને તેની બન્ને બાજુ ચાર ચાર કૂટો છે એટલે ચાર દિશાએ મળીને ૩૨ અને ચાર વિદિશામાં એકેક–કુલ ૩૬ કૂટ દિશાકુમારિકાના છે. જુઓ, લોકપ્રકાશ સર્ગ ૨૪. )

**पुव्वेण अट्ठ कूडा, दक्खिणओ अट्ठ अट्ठ अवरेणं ।**
**उत्तरओ अट्ठ भवे, चउद्दिसिं होंति रुयगस्स ॥ ११६ ॥**

**અર્થ**—પૂર્વદિશાએ આઠ કૂટ છે, દક્ષિણદિશાએ પણ આઠ છે, પશ્ચિમદિશાએ આઠ છે અને ઉત્તરદિશાએ પણ આઠ છે. આ પ્રમાણે રુચક પર્વતની ચારે દિશાએ છે. ( ૧૧૬ )

**कणगे १ कंचणगे २ तवणे ३ दिसासोवत्थिए ४ अरिट्ठे ५ य ।**
**चंदण ६ अंजणमूले ७, वइरे ८ पुण अट्ठमे भणिए ॥११७॥**

**અર્થ**—કનક ૧, કંચનક ૨, તપન ૩, દિશાસ્વસ્તિક ૪, અરિષ્ટ ૫, ચંદન ૬, અંજનમૂળ ૭ અને આઠમો વજ્ર—એમ આઠ કહ્યા છે. ( ૧૧૭ )

**नाणारयणविचित्ता, उज्जोवंता हुयासणसिहाव ।**
**एए अट्ठवि कूडा, हवंति पुव्वेण रुयगस्स ॥ ११८ ॥**

**અર્થ**—અનેક પ્રકારનાં રત્નોવડે વિચિત્ર, અગ્નિની શિખાની જેવા પ્રકાશિત એ આઠ કૂટો રુચકપર્વત ઉપર પૂર્વદિશામાં રહેલા છે. ( ૧૧૮ )

**फलिहे १ रयणे २ तवणे ३, पउमे ४ नलिणे ५ ससी६ य नायव्वे ।**
**वेसमणे ७ वेरुलिए ८, रुयगस्स हवंति दक्खिणओ ॥११९॥**

**અર્થ**—સ્ફટિક ૧, રત્ન ૨, તપન ૩, પદ્મ ૪, નલિન ૫, શશી ૬, વૈશ્રમણ ૭ અને વૈડૂર્ય ૮ એ આઠ કૂટ રુચકપર્વત ઉપર દક્ષિણદિશાએ છે. ( ૧૧૯ )

**नाणारयणविचित्ता, अणोवमा धंतरूवसंकासा ।**
**एए अट्ठवि कूडा, रुयगस्स हवंति दक्खिणओ ॥१२०॥**

**અર્થ**—અનેક પ્રકારનાં રત્નોથી વિચિત્ર, ઉપમા ન આપી શકાય તેવા ધમેલા રૂપા જેવા ઉજ્જવળ એ આઠે કૂટો રુચક-પર્વત ઉપર દક્ષિણે છે. ( ૧૨૦ )

**अमोहे १ सुप्पबुद्धे २ य, हिमवं ३ मंदिरे ४ इय ।**
**रुयगे ५ रुयगुत्तरे ६ चंदे ७ [illegible] ८ य सुदंसणे ॥१२१॥**

**અર્થ**—અમોઘ ૧, સુપ્રબુદ્ધ ૨, હિમવાન ૩, મંદિર ૪, રુચક ૫, રુચકોત્તર ૬, ચંદ્ર ૭ અને આઠમો સુદર્શન. (૧૨૧)

**नाणारयणविचित्ता, अणोवमा धंतरूवसंकासा ।**
**एए अट्ठवि कूडा, रुयगस्सवि होंति पच्छिमओ ॥१२२॥**

**અર્થ**—અનેક પ્રકારનાં રત્નવડે વિચિત્ર, અનુપમ, ધમેલા રૂપા જેવા ઉજ્જવળ એ આઠ કૂટો રુચકપર્વત ઉપર પશ્ચિમ દિશાએ છે. (૧૨૨)

**विजये य १ वेजयंते २, जयंत ३ अपराजिए ४ य बोधव्वे ।**
**कुंडल ५ रुयगे ६ रयणुच्चए ७ य तह सव्वरयणे ८ य ॥१२३॥**

**અર્થ**—વિજય ૧, વૈજયંત ૨, જયંત ૩, અપરાજિત ૪, કુંડળ ૫, રુચક ૬, રત્નોચ્ચય ૭, તથા સર્વરત્ન ૮. (૧૨૩)

**नाणारयणविचित्ता, उज्जोवंता हुयासणसिहाव ।**
**एए अट्ठवि कूडा, रुयगस्स हवंति उत्तरओ ॥ १२४ ॥**

**અર્થ**—અનેક પ્રકારનાં રત્નોવડે વિચિત્ર, હુતાશનની શિખા જેવા પ્રકાશિત એ આઠે કૂટો રુચકપર્વત ઉપર ઉત્તરદિશાએ છે. (૧૨૪)

( પહેલા ને છેલ્લા આઠ આઠ કૂટ પીતવર્ણના ને બીજા ને ત્રીજા આઠ આઠ કૂટ શ્વેત વર્ણવાળા છે. )

**पलिओवमट्ठिईया, एएसुं खलु हवंति कूडेसुं ।**
**पुव्वेण आणुपुव्वी, दिसाकुमारीण ते होंति ॥ १२५ ॥**

**અર્થ**—એક પલ્યોપમના આયુષ્યવાળી એ કૂટોની ઉપર પૂર્વદિશાની આનુપૂર્વીએ દિશાકુમારીઓ રહેલી છે. ( ૧૨૫ )

( હવે તેનાં નામો કહે છે. )

नंदुत्तरा य नंदा, आणंदा तह य नंदिसेणा य।
विजया य वेजयंती, जयंती अवराइया चेव॥ १२६ ॥

અર્થ—નંદોત્તરા ૧, નંદા ૨, આનંદા ૩, નંદિષેણા ૪, વિજયા ૫, વૈજયંતી ૬, જયંતી, ૭ ને અપરાજિતા ૮ (૧૨૬)

एया पुरत्थिमेणं, रुयगम्मि उ अट्ठ होंति देवीओ।
पुव्वेण जे उ कूडा, अट्ठवि रुयगे तहिं एया ॥ १२७ ॥

અર્થ—એ નામવાળી પૂર્વરુચકપર્વત ઉપર પૂર્વદિશાના આઠ કૂટ પર રહેનારી આઠ દિશાકુમારીઓ છે. ( ૧૨૭ )

लच्छिमई सेसमई, चित्तगुत्ता वसुंधरा चेव।
समाहारा सुप्पदिन्ना य, सुप्पबुद्धा जसोहरा॥ १२८ ॥

અર્થ—૧. લક્ષ્મીવતી, ૨. શેષવતી, ૩. ચિત્રગુપ્તા, ૪. વસુંધરા, ૫. સમાહારા, ૬. સુપ્રદત્તા, ૭. સુપ્રબુદ્ધા અને ૮. યશોધરા. ( ૧૨૮ )

एया य दक्खिणेणं, हवंति अट्ठवि दिसाकुमारीओ।
जे दक्खिणेण कूडा, अट्ठवि रुयगे तहिं एयं ॥ १२९ ॥

અર્થ—એ નામવાળી દક્ષિણરુચકપર્વત ઉપર દક્ષિણ દિશાના આઠ કૂટ પર રહેનારી આઠ દિશાકુમારીઓ છે. (૧૨૯)

इलादेवी सुरादेवी, पुहवी पउमावई य विण्णेया।
एगनासा णवमिया, सीया भद्दा य अट्ठमिआ ॥१३०॥

અર્થ—૧. ઇલાદેવી, ૨. સુરાદેવી, ૩. પૃથ્વી, ૪. પદ્માવતી, ૫. એકનાસા, ૬. નવમિકા, ૭. સીતા અને ૮. આઠમી ભદ્રા. (૧૩૦)

**एया उ पच्छिमदिसा, समासिया अट्ठ वि दिसिकुमारीओ ।**
**अवरेण जे य कूडा, अट्ठवि रुयगे तहिं एया ॥ १३१ ॥**

**અર્થ**—એ નામવાળી પશ્ચિમ રુચકપર્વત ઉપર પશ્ચિમદિશામાં રહેલા આઠ કૂટો પર રહેનારી આઠ દિશાકુમારીઓ છે. (૧૩૧)

**अलंबुसा मीसकेसी य, पुंडरीगिणी वारुणी तहा ।**
**हासा सव्वप्पभा चेव, सिरि हिरी चेव उत्तरओ ॥१३२॥**

**અર્થ**—૧. અલંબુસા, ૨. મિશ્રકેશી, ૩. પુંડરીકિણી, ૪. વારુણી, ૫. હાસા, ૬. સર્વપ્રભા, ૭. શ્રી અને ૮. હ્રી. એ આઠ ઉત્તરદિશાએ છે. ( ૧૩૨ )

**एया दिसाकुमारी, कहिया सव्वण्णुसव्वदरिसीहिं ।**
**जे उत्तरेण कूडा, अवि रुयगे तहिं एया ॥ १३३ ॥**

**અર્થ**—એ નામવાળી આઠ દિશાકુમારીઓ ઉત્તરદિશાના રુચકપર્વત પર આવેલા આઠ કૂટો ઉપર રહેનારી સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્માએ કહેલી છે. ( ૧૩૩ )

**जोयणसाहस्सीया, रुयगवरे पव्वयम्मि चत्तारि ।**
**पुव्वाइआणुपुव्वी, दीवाहिवईण आवासा ॥ १३४ ॥**

**અર્થ**—રુચકપર્વત ઉપર એક હજાર યોજનના વિસ્તારવાળા પૂર્વદિશાના અનુક્રમથી દ્વીપાધિપતિના ચાર આવાસો છે. (૧૩૪)

**पुव्वेण उ वेरुलियं, मणिकूडं पच्छिमे दिसाभागे ।**
**भयगं पुण दक्खिणओ, रुयगुत्तरमुत्तरे पासे ॥ १३५ ॥**

**અર્થ**—પૂર્વદિશાએ વૈડૂર્ય નામનો, પશ્ચિમદિશાએ

મણિકૂટ નામનો, દક્ષિણદિશાએ ભજક નામનો અને ઉત્તરદિશાએ રુચકોત્તર નામનો છે. ( ૧૩૫ )

**जोयणसहस्सियाणं, एए कूडा हवंति चत्तारि ।**
**पुव्वाइयाणुपुव्विं, ते होंति दिसाकुमारीणं ॥ १३६ ॥**

**અર્થ**—હવે પછી કહેવાય છે તે એક હજાર યોજનના વિસ્તારવાળા ચાર કૂટો પૂર્વદિશાના અનુક્રમે ( રુચકદ્વીપમાં ) દિશાકુમારીના છે. ( ૧૩૬ )

**पुव्वेण य वेरुलिय, मणिकूडं पच्छिमे दिसाभाए ।**
**भजगं पुण दक्खिणओ, रुयगुत्तरमुत्तरे पासे ॥ १३७ ॥**

**અર્થ**—પૂર્વે વૈડૂર્ય, પશ્ચિમે મણિકૂટ, દક્ષિણે ભજક અને ઉત્તરે રુચકોત્તર નામનો કૂટ છે. ( ૧૩૭ )

**रूया रूयंस सुरूवा, रूववई रूवकंत रूयपभा ।**
**पुव्वाइआणुपुव्वी, चउद्दिसिं तेसु कूडेसु ॥ १३८ ॥**

**અર્થ**—રૂપા, રૂપાંસિકા, સુરૂપા અને રૂપકાવતી–આ ચાર નામની રૂપવડે મનોહર અને રૂપવડે પ્રકાશિત પૂર્વાદિ દિશાની આનુપૂર્વીએ ચારે દિશાના ચાર કૂટ ઉપર રહેનારી ચાર દિશાકુમારીઓ છે. ( ૧૩૮ )

**पलिओवमं दिवड्ढं, ठिईओ एयासि होइ सव्वासिं ।**
**एक्केकमपरियायं, होइ अट्ठण्ह कूडाणं ॥ १३९ ॥**

**અર્થ**—આ સર્વ ( ચારે ) દિશાકુમારિકાઓ દોઢ પલ્યોપમના આયુષ્યવાળી છે અને એ આઠે કૂટો પરસ્પર સંબંધ

વિનાના—છૂટા છૂટા છે. ( અહીં ચાર જોઈએ કારણ કે ઉપર નામ પણ ચાર છે. ) ( ૧૩૯ )

**पुव्वेण सोत्थिकूडं, अवरेण य नंदणं भवे कूडं ।**
**दक्खिणओ लोगहियं, उत्तरओ सव्वभूयहियं ॥ १४० ॥**

**અર્થ**—પૂર્વે સ્વસ્તિક નામનો, પશ્ચિમે નંદન નામનો દક્ષિણે લોકહિત નામનો અને ઉત્તરે સર્વભૂતહિત નામનો (૧૪૦)

**जोयणसाहस्सीया, एए कूडा हवंति चत्तारि ।**
**पुव्वाइआणुपुव्वी, विज्जुकुमारीण ते होंति ॥ १४१ ॥**

**અર્થ**—એ ચારે કૂટો એક હજાર યોજનના વિસ્તારવાળા અને પૂર્વાદિદિશાના અનુક્રમે વિદિશાકુમારીના ( રુચક પર્વત ઉપર ) છે. ( ૧૪૧ ) અહીં વિદિશાના નામ જોઈએ.

**चित्ता य चित्तकणगा, सतेरा सोयामिणी य नायव्वा ।**
**एया विज्जुकुमारी, साहियपलिओवमठितिया ॥ १४२ ॥**

**અર્થ**—ચિત્રા, ચિત્રકનકા, સતેરા અને સૌદામિની—એ ચાર નામની વિદિશાકુમારીઓ સાધિકપલ્યોપમના આયુષ્યવાળી છે.(૧૪૨)

**विज्जुकुमारीणं दक्खिणेण कूडा दिसागइंदाणं ।**
**तत्तो मयहरियाणं, विज्जुकुमारीण मज्झओ होंति ॥ १४३ ॥**

**અર્થ**—વિદિશાકુમારીના દક્ષિણ વિગેરે દિશામાં જે કૂટ છે તે દિગ્ગજની આકૃતિવાળા છે અને મધ્યમાં જે કૂટ વિદિશા-કુમારીના છે તે સિંહની આકૃતિવાળા છે. ( ૧૪૩ ) ( આ હકીકત બરાબર સમજાતી નથી. )

ઉપર પ્રમાણે રુચકદ્વીપમાં આવેલા રુચક પર્વત ઉપર ચાર દિશાએ આઠ આઠ કૂટ ઉપર એક એક મળી કુલ ૩૨ અને

ચાર વિદિશાએ એક એક કૂટ ઉપર એકેક મળી ૪ અને રુચકદ્વીપ-માં નીચે ચારે દિશાએ એકેક મળી ૪ એમ કુલ મળી ૪૦ દિશા-કુમારીઓ છે. તેમાં ૩૨નું આયુ એક પલ્યોપમનું, ૪ દ્વીપવાળીનું દોઢ પલ્યોપમનું ને ચાર વિદિશાવાળીનું પલ્યોપમસાધિક કહ્યું છે. તદુપરાંત આઠ ઊર્ધ્વલોકની જંબૂદ્વીપના મેરુ પર્વત પરના નંદનવનમાં આવેલા આઠ કૂટ ઉપર રહેનારી છે ને આઠ અધોલોકની તે જ મેરુના ચાર ગજદંતાની નીચે બે બે મળી કુલ આઠ છે. એમ એકંદર ( ૫૬ ) દિશાકુમારીઓ જાણવી.

रुयगवरस्स उ बाहिं, ओगाहित्ता ण अट्ठलक्खाइं ।
चुलसीइ सहस्साइं, रइकरगा पव्वया रम्मा ॥ १४४ ॥

**અર્થ**—રુચકદ્વીપના બાહ્ય ભાગમાં આઠ લાખ યોજન જઈએ ત્યારે ચોરાશી હજાર મનોહર રતિકર પર્વતો છે. (૧૪૪)

सक्कस्स देवरन्नो, सामाणा खलु हवंति जे देवा ।
उववायपव्वया खलु, पत्तेयं तेसि बोधव्वा ॥ १४५ ॥

**અર્થ**—તે પર્વતો શક્રેંદ્રના ચોરાશી હજાર જે સામાનિક દેવો છે તે દરેકના ઉપપાત પર્વતો જાણવા. (૧૪૫)
( અન્યત્ર જવું હોય ત્યારે અહીં આવીને ઉત્પતે છે. )

एत्तो एक्केक्कस्स उ, चउद्दिसिं होंति रायहाणीओ ।
जंबुद्दीवसमाओ, विक्खंभायामओ ताओ ॥ १४६ ॥

**અર્થ**—એ દરેક રતિકર પર્વતોની ચારે દિશાએ લંબાઈ, પહોળાઇમાં જંબૂદ્વીપ જેવડી ચાર ચાર રાજધાનીઓ છે. (૧૪૬)

पढमा उ सयसहस्से, बिइयाइसु चेव सयसहस्सेसु ।
पुव्वाइआणुपुव्वी, तेसिं नामाणि कित्तेऽहं ॥ १४७ ॥

**અર્થ**—પહેલી રાજધાની પહેલા લાખમાં અને ત્યારપછીની બીજી, ત્રીજી ને ચોથી જુદી જુદી દિશાવાળા બીજા, ત્રીજા ને ચોથા લાખમાં પૂર્વાદિ દિશાના અનુક્રમે છે. તેનાં નામ હું કહું છું. (૧૪૭)

**पुव्वाइआणुपुव्वी, तत्तो नंदा च होइ नंदवई ।**
**अवरेण य नंदुत्तरा, उत्तरओ नंदिसेणा उ ॥ १४८ ॥**

**અર્થ**—પૂર્વાદિ દિશાના અનુક્રમે એટલે પૂર્વમાં નંદા, દક્ષિણમાં નંદાવતી, પશ્ચિમે નંદુત્તરા અને ઉત્તરે નંદિષેણા નામની જાણવી. ( ૧૪૮ )

**भद्दा य सुभद्दा य, कुमुया पुण होइ पुंडरीगिणी उ ।**
**चक्कज्झया य सव्वा, सव्वावइरज्झया चेव ॥ १४९ ॥**

**અર્થ**—ભદ્રા, સુભદ્રા, કુમુદા, પુંડરીકિણી, ચક્રધ્વજા, સર્વા, સર્વધ્વજા અને વજ્રધ્વજા. ( ૧૪૯ ) ( આ આઠ નામ કોની રાજધાનીના છે તે સમજાણું નથી. )

**एवं ईसाणस्स वि, सामाणसुराण रइकरा रम्मा ।**
**नंदाई णयरीहि उ, परियरिया उत्तरे पासे ॥ १५० ॥**

**અર્થ**—એ જ પ્રમાણે ઉત્તરદિશાએ ઇશાનેંદ્રના સામાનિક દેવોના રમ્ય એવા (૮૦૦૦૦) રતિકર પર્વતો છે. અને ઉપર બતાવેલી નંદા વિગેરે નામની તે રતિકરોની ચારે દિશાએ ચાર ચાર નગરીઓ છે. (ઇશાનેંદ્રના સામાનિક દેવો ૮૦૦૦૦ છે) (૧૫૦)

**जंबुद्दीवाहिवई, अणाढिओ सुट्ठिय लवणस्स ।**
**एत्तो य आणुपुव्वी, दो दो दीवे समुद्दे य ॥ १५१ ॥**

**અર્થ**—જંબૂદ્વીપનો અધિપતિ અનાદૃત નામનો દેવ છે

અને લવણસમુદ્રનો અધિપતિ સુસ્થિત દેવ છે. ત્યારપછીના અનુક્રમે આવેલા દરેક દ્વીપ અને સમુદ્રોના બે બે અધિપતિ દેવો છે. ( ૧૫૧ )

**पियदंसणे पभासे, कालदेवे तहेव महाकाले ।**
**पउमे य महापउमे, सिरीधरे महीधरे चेव ॥ १५२ ॥**

**અર્થ**—ધાતકીખંડના સ્વામી પ્રિયદર્શન ને પ્રભાસ, કાલોદધિના કાળ ને મહાકાળ, પુષ્કરવર દ્વીપના પદ્મ અને મહાપદ્મ અને પુષ્કરવર સમુદ્રના શ્રીધર ને મહીધર નામના છે. ( ૧૫૨ )

**मणिप्पभे य सुप्पभे चेव, अग्गिदेवे तहेव अग्गिजसे ।**
**कणगे कणगप्पभे चेव, तत्तो कंते अ अइकंते ॥ १५३ ॥**

**અર્થ**—ત્યારપછી મણિપ્રભ ને સુપ્રભ, અગ્નિદેવ અને અગ્નિયશ, કનક ને કનકપ્રભ, કાંત ને અતિકાંત. ( ૧૫૩ )

**दामड्ढी हरिवारण, तत्तो सुमणे य सोमणंसे य ।**
**अविसोग वीयसोगे, सुभद्दभद्दे सुमणभद्दे ॥ १५४ ॥**

**અર્થ**—દામર્ધિ ને હરિવારણ, સુમન ને સોમનસ, અવિશોક ને વીતશોક, સુભદ્રભદ્ર ને સુમનભદ્ર. ( ૧૫૪ )

આ સોળ નામ પુષ્કરવર સમુદ્ર પછીના વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર ને ઈક્ષુવર—એ ચાર દ્વીપ ને તે જ નામના ચાર સમુદ્રના બે બે મળીને કુલ ૧૬ સ્વામીના જાણવા.

**संखवरदीवम्मि अ, संख संखप्पभे य दो देवा ।**
**कणगे कणगप्पभे चेव, संखवर समुद्द अभिधाओ ॥१५५॥**

**અર્થ**—શંખવરદ્વીપને વિષે તેના સ્વામી શંખ ને શંખ-

પ્રભ નામના છે અને શંખવર સમુદ્રના સ્વામી કનક ને કનકપ્રભ નામના છે. ( ૧૫૫ )

**मणिप्पभे मणिसिहे य कामपाले य कुसुमकेऊ य ।**
**कुंडलकुंडलभद्दे सुभद्दभद्दे य सुमणभद्दे ॥ १५६ ॥**

**અર્થ**—મણિપ્રભ ને મણિશિખ, કામપાળ ને કુસુમકેતુ એ અરુણવરદ્વીપ અને અરુણવર સમુદ્રના સ્વામી જાણવા તથા કુંડળ ને કુંડલભદ્ર, સુભદ્રભદ્ર ને સુમનભદ્ર. એ કુંડળદ્વીપ ને કુંડળસમુદ્રના સ્વામી જાણવા. ( ૧૫૬ )

**सव्वत्थमणोरह सव्वकामसिद्ध य रुयगणगदेवा ।**
**तह माणुसुत्तरनगे चक्खुमुहे चक्खुकंते य ॥ १५७ ॥**

**અર્થ**—સર્વાર્થમનોરથ અને સર્વકામસિદ્ધ નામના રુચક પર્વતના સ્વામી દેવો જાણવા. અને માનુષોત્તર પર્વતના સ્વામી ચક્ષુમુખ અને ચક્ષુકાંત નામના જાણવા. ( ૧૫૭ )

**तेण परं दीवाणं, उदहीणं सरिसनामगा देवा ।**
**एक्केक्क सरिसनामा, असंखिज्जा होंति नायव्वा ॥ १५८ ॥**

**અર્થ**—ત્યારપછીના દ્વીપો અને સમુદ્રોના પ્રત્યેકના સ્વામી દરેક દ્વીપસમુદ્ર સદૃશ નામવાળા જાણવા. એવી રીતે સદૃશ નામવાળા અસંખ્યાત દેવો જાણવા. ( ૧૫૮ )

**वासाणं व दहाणं, वासहराणं महाणईणं च ।**
**दीवाणं उदहीणं, पलिओवमगाउ अहिवइणो ॥१५९॥**

**અર્થ**—ક્ષેત્રોના, દ્રહોના, વર્ષધર પર્વતોના, મહાનદીઓના, દ્વીપોના અને સમુદ્રોના અધિપતિ દેવો પલ્યોપમ સ્થિતિવાળા જાણવા. ( ૧૫૯ )

दीवाहिवईण भवे उ दीवा उदहीमज्झयारम्मि ।
उदहिसु य आकाला, दीवाहिवइ सागरवईणं ॥१६०॥

**અર્થ**—દ્વીપાધિપતિના દ્વીપો સમુદ્રના મધ્યમાં હોય છે અને સમુદ્રના અધિપતિના દ્વીપો કાળોદધિ સમુદ્ર સુધી દ્વીપમાં ને સમુદ્રોમાં છે. ( ત્યારપછી તેમના દ્વીપો સમુદ્રમાં જ છે.) (૧૬૦)

रुयगाउ य समुद्दा, दीवा जोअण भवेज्ज संखेज्जा ।
गंतूण होइ अरुणो, दीवो अरुणो तओ उदही ॥१६१॥

**અર્થ**—રુચક સમુદ્ર પછી સંખ્યાતા દ્વીપો ને સમુદ્રો સંખ્યાતા યોજનના છે. રુચક સમુદ્ર પછી અરુણ નામનો દ્વીપ ને અરુણ નામનો સમુદ્ર છે. ( ૧૬૧ )

बायालीससहस्सा, अरुणं ओगाहिऊण दक्खिणओ ।
वरवइरविग्गहीओ, सिलनिचओ तत्थ तिगिच्छी ॥१६२॥

**અર્થ**—અરુણદ્વીપમાં ૪૨૦૦૦ યોજન જઈએ ત્યારે દક્ષિણ દિશામાં શ્રેષ્ઠ વજ્રરત્નની આકૃતિવાળો તિગિચ્છી નામનો પર્વત આવેલો છે. (મધ્યમાં સાંકડો ને બે બાજુ વિસ્તૃત હોય તેને વજ્રાકૃતિ કહે છે. ) ( ૧૬૨ )

सत्तरसिक्कवीसाइं, जोयणसयाइं सो समुव्विद्धो ।
दस चेव बावीसे, मूले वित्थिन्नु होइ नायव्वो ॥१६३॥

**અર્થ**—તે પર્વત સતરસો ને એકવીશ યોજન ઊંચો છે. અને મૂળમાં એક હજાર ને બાવીશ યોજન વિસ્તારે છે. (૧૬૩)

जोयणचउरसए-चउवीसे वित्थडो उ मज्झम्मि ।
सत्तेव य तेवीसे, सिहरतले वित्थडोहोइ ॥ १६४ ॥

**અર્થ**—ચારસો ને ચોવીશ યોજન મધ્યમાં વિસ્તારે છે અને સાતસો ને ત્રેવીશ યોજન શિખર પર વિસ્તારવાળો છે.(૧૬૪)

**सत्तरसेक्कवीसाइं, पएसाण सयाइं गंतूणं ।**
**एक्कारसछन्नउया, वड्ढंते दोसु पासेसु ॥ १६५ ॥**

**અર્થ**—સતરસો ને એકવીશ યોજન ઊંચે જઈએ ત્યારે અગ્યારસો ને છન્નુ યોજન બંને બાજુ વધે છે. ( ૧૬૫ )

( આ વધારો કેવી રીતે થાય છે તે સમજાણું નથી )

**बत्तीससया बत्तीस, उत्तरा परिरओ विसेसूणो ।**
**तेरसइयालाइं, बावीसप्भहिया मज्झपरिही ॥ १६६ ॥**

**અર્થ**—બત્રીશસેં ને બત્રીશ યોજનમાં કાંઈ ન્યૂન પરિધિ નીચે છે અને તેરસેં ને બાવીશ યોજન અભ્યધિક પરિધિ મધ્યમાં છે. (૧૬૬) ઉપરના ૭૨૩ યોજનની પરિધિ લખવી રહી ગઈ જણાય છે.

**रयणमउ पउमाए, वणसंडेणं च सो परिक्खित्तो ।**
**मज्झे भवणवडेंसो, अड्ढाइज्जाइ उव्विद्धो ॥ १६७ ॥**

**અર્થ**—આ પર્વત રત્નમય છે, પદ્માદિ વનખંડથી વીંટાયેલો છે અને તેના મધ્યમાં અઢીસો યોજન ઊંચો ભવનાવતંસ છે. (૧૬૭)

**वित्थिण्णो (सय) पणवीसं, तत्थ य सीहासणं सपरिवारं ।**
**नाणामणिरयणमयं, उज्जोयंतं दसदिसाओ ॥ १६८ ॥**

**અર્થ**—તે ભવન વિસ્તારમાં સવાસો યોજન છે. તેમાં નાના પ્રકારના મણિ ને રત્નમય દશ દિશાઓમાં પ્રકાશ કરતું એવું સપરિવાર સિંહાસન છે. ( ૧૬૮ )

तिगिच्छिय दाहिणओ, छक्कोडिसयाइ कोडिपणपन्नं ।
पणवीसं लक्खाइं, पंच य कोसे अइवइत्ता ॥ १६९ ॥
ओगाहित्ताणमहो, चत्तालीसं भवे सहस्साइं ।
अब्भिंतर चउरंसा, बाहिं वट्टा चमरचंचा ॥ १७० ॥

અર્થ—તિગિચ્છી પર્વતથી દક્ષિણ બાજુ છસો ને પંચાવન ક્રોડ ને પચીશ લાખ (યોજન) ને પાંચ ગાઉ અતિક્રમણ કરીએ ત્યારે ચાળીશ હજાર યોજન નીચે અવગાહન કરતાં ચમરચંચા નામની રાજધાની છે તે અભ્યંતર ચોખંડી ને બહાર ગોળ એવી છે. ( ૧૬૯–૭૦ )

एगं च सयसहस्सं, वित्थिण्णा होइ आणुपुव्वीए ।
तं तिगुणं सविसेसं, परिरएणं तु बोधव्वा ॥ १७१ ॥

અર્થ—તે ચમરચંચા રાજધાની આનુપૂર્વીએ એક લાખ યોજનના વિસ્તારવાળી છે અને તેથી ત્રણગણી ઝાઝેરી પરિધિવાળી છે. ( ૧૭૧ )

( અનુપૂર્વી શું અર્થમાં છે તે સમજાતું નથી. )

पायारो नायव्वो, रायहाणीए चमरचंचाए ।
जोयणसयं दिवड्ढं, उव्विद्धो होइ सव्वत्तो ॥ १७२ ॥

અર્થ—ચમરચંચા રાજધાનીનો પ્રાકાર એટલે કિલ્લો દોઢસો યોજન સર્વત્ર એટલે ફરતો એક સરખો ઊંચો છે. ( ૧૭૨ )

पन्नासं पणवीसं, अद्धतेरस जोयणाइं तु ।
मूले मज्झे उवरिं, विक्खंभो सुवन्नसालस्स ॥ १७३ ॥

અર્થ—તે સુવર્ણમય વપ્રનો વિષ્કંભ મૂળમાં પચાસ યોજન, મધ્યમાં પચીશ યોજન અને ઉપર સાડાબાર યોજન છે.

कविसीसगा य नियमा, आयामेणद्धजोयणं सव्वे ।
कोसं विक्खंभेणं, देसूणं अद्धजोयणं तुच्चा ॥ १७४ ॥

**અર્થ**—તે વપ્રના કાંગરા નિશ્ચયે અર્ધા યોજન લાંબા છે, એક ગાઉ પહોળા છે અને અર્ધ યોજનથી કાંઇક ન્યૂન ઊંચા છે.(૧૭૪)

एक्केक्का बाहाए, दाराणं पंच पंच सयाइं ।
तेसिं पुण उच्चत्तं, अड्ढाइज्जं सया होंति ॥ १७५ ॥

**અર્થ**—તે વપ્રની એકેક બાજુએ પાંચસો પાંચસો દ્વાર છે અને તે દ્વારોની ઊંચાઇ અઢીસો યોજન છે. ( ૧૭૫ )

दाराणं विक्खंभो, पणवीससयं तहायए सो य ।
नगरीए चउद्दिसिं, पंचेव उ जोयणसयाइं ॥ १७६ ॥
गंतूणं वणसंडा, चउरो आयामओ य ते भणिया ।
साहीयसहस्सं, जोयणाणं विक्खंभओ (सय) पंच ॥१७७॥

**અર્થ**—તે દ્વારોનો વિષ્કંભ સવાસો યોજન છે અને આયત પણ તેટલા છે. અને નગરીની બહાર ચારે દિશાએ પાંચસો યોજન જઇએ ત્યારે ચાર વનખંડ આવેલા છે તે લંબાઇમાં એક હજાર યોજન ઝાઝેરા છે અને પહોળાઇમાં ૫૦૦ યોજન છે. (૧૭૬-૭૭)

दारपमाणा चउरो, वणसंडा तत्थ पल्लयठितीया ।
देवा असोय तह सत्तवन्न चंपे य चूये य ॥ १७८ ॥

**અર્થ**—એ ચારે દિશાના વનખંડ દ્વાર પ્રમાણે એટલે પાંચસો યોજન પહોળા છે તેના અશોક, સપ્તપર્ણ, ચંપક ને ચૂત ( આમ્ર ) એ નામ છે અને તે જ નામના પલ્યોપમની સ્થિતિ-વાળા દેવો તેના સ્વામી છે. ( ૧૭૮ )

चंचाए बहुमज्झं, विक्खंभायाम सोलससहस्सा ।
अह उवकारियलेणे, बाहल्लेणं अट्ठजोयणीए ॥ १७९ ॥

અર્થ—એ ચમરચંચા નગરીના બહુમધ્યભાગે સોળ હજાર યોજન લંબાઈ ને પહોળાઇવાળો અને તેથી અર્ધ એટલે આઠ હજાર યોજન બાહલ્ય એટલે જાડાઇવાળો અવતારિકાલયન છે. ( ૧૭૯ )

पउमवरवेइयाए, वणसंडेण च से परिक्खित्ते ।
तस्स बहुमज्झदेसे, वडेंसगो परमरम्मो उ ॥ १८० ॥

અર્થ—તે અવતારિકાલયન પદ્મવરવેદિકા ને વનખંડવડે પરિક્ષિપ્ત છે અને તેના બહુમધ્યભાગમાં અત્યંત રમણિક એવો પ્રાસાદાવતંસક છે. ( ૧૮૦ )

दारप्पमाणसरिसो उ, सो उ तत्थेव हवइ पासाओ ।
सो होइ परिक्खित्तो, चउहि य पासायपंतीहि ॥ १८१ ॥

અર્થ—ત્યાં જે પ્રાસાદ છે તે દ્વારના પ્રમાણસદૃશ છે તે ચારે દિશાએ પ્રાસાદોની ચાર પંક્તિઓવડે વ્યાપ્ત છે. ( ૧૮૧ )

सयमेगं पणवीसं, बावट्ठि जोयणाइ अद्धं च ।
एकत्तीस सकोसे य, उस्सिया वित्थडा अद्धं ॥ १८२ ॥

અર્થ—તે ( ચાર પંક્તિના પ્રાસાદો ) એકસો ને પચવીશ, સાડીબાસઠ અને સવાએકત્રીશ યોજન ક્રમસર ઊંચા છે અને તેથી અરધા વિસ્તારવાળા ( પહોળા ) છે. ( ૧૮૨ )

(આમાં ચોથી પંક્તિના પ્રાસાદોની ઊંચાઈ કહેવી રહી જાય છે.)

पासायस्स उ पुव्वुत्तरेण एत्थ उ सभा सुहंमा उ ।
तत्तो य चेइयघरं, उववायसभा य हरओ य ॥ १८३ ॥

**અર્થ**—ઉપર જણાવેલા મુખ્ય પ્રાસાદથી ઇશાન કોણે સુધર્મા નામની સભા છે. ત્યારપછી ચૈત્યગૃહ છે. ત્યારપછી ઉત્પાદ (ઉપજવાની) સભા છે ને ત્યારપછી દ્રહ છે. ( ૧૮૩ )

**अभिसेकालंकारिय, ववसाया ऊसीया उ छत्तीसं ।**
**पन्नासइयायामा, आयामध्धं तु वित्थिण्णा ॥ १८४ ॥**

**અર્થ**—ત્યારપછી અભિષેક સભા, ત્યારપછી અલંકાર સભા, ત્યારપછી વ્યવસાય સભા છે, તે સભાઓ ઊંચી છત્રીશ યોજન, લાંબી પચાસ યોજન અને આયામથી અર્ધ એટલે પચવીશ યોજન પહોળી છે. ( ૧૮૪ )

**तिदिसि होंति सुहंमाए, तिण्णि दाराउ अट्ठ उव्विद्धा ।**
**विक्खंभो य पवेसो, जोयणे तेसिं चत्तारि ॥ १८५ ॥**

**અર્થ**--સુધર્માસભાને ત્રણ દિશાએ ત્રણ દ્વાર છે. તે આઠ યોજન ઊંચાં છે. વિષ્કંભમાં અને પ્રવેશમાં ચાર ચાર યોજન છે. ( ૧૮૫ )

**तेसि पुरो य मुहमंडवा उ पेच्छाघरा य तेसु भवे ।**
**पेच्छाघराण मज्झे, अक्खाडा आसणा रम्मा ॥ १८६ ॥**

**અર્થ**—તેની આગળ મુખમંડપ છે અને મુખમંડપની આગળ પ્રેક્ષાગૃહ છે, અને પ્રેક્ષાગૃહના મધ્યમાં રમ્ય સિંહાસન-વાળા અક્ષાટક છે. ( ૧૮૬ )

**बाहाओ पेच्छाघराण पुरओ थूभा तेसिं चउद्दिसि होंति ।**
**पत्तेयं पेढियाओ, जिणपडिमाऊ तत्थ पत्तेयं ॥ १८७ ॥**

**અર્થ**—પ્રેક્ષાગૃહની આગળ સ્તૂપો છે અને તે પ્રત્યેક સ્તૂપોની ચારે દિશાએ પીઠિકાઓ છે ને તે પ્રત્યેક પીઠિકાની ઉપર જિનપ્રતિમાઓ છે. ( ૧૮૭ )

**थूभाण होंति पुरओ, पेढिया तत्थ चेइयदुओ ।**
**चेइयदुमाणं पुरओ, पेढियाओ मणिमईओ ॥ १८८ ॥**

**तासुप्परिं महिंदज्झयाउ तेसु पुरओ भवे णंदा ।**
**दसजोयणउव्वेहा, हरओ वि दसेव वित्थिन्नो ॥ १८९ ॥**

**અર્થ**—તે સ્તૂપોની આગળ પીઠિકાઓ છે, તે પીઠિકા ઉપર ચૈત્યવૃક્ષો છે અને તે ચૈત્યવૃક્ષોની આગળ મણિમય પીઠિકાઓ છે. તે મણિમય પીઠિકાઓની ઉપર મહેંદ્રધ્વજો છે. તેની આગળ નંદા નામની પુષ્કરણી છે. તે દશ યોજન ઊંડી છે અને દ્રહો પણ દશ યોજન વિસ્તારવાળા છે. ( ૧૮૮-૧૮૯ )

**एसेव जिणघरस्स त्रि, हवइ गमो सेसियाण वि सभाण ।**
**जं पि य से नाणत्तं, तं पि य वोच्छं समासेणं ॥ १९० ॥**

**અર્થ**—એ જ પ્રમાણે જિનગૃહનું પણ પ્રમાણ હોય છે, અને બાકીની સભાઓનું પણ એ જ પ્રમાણ છે. તેમાં જે વિવિધપણું છે તે હું સંક્ષેપથી કહું છું. ( ૧૯૦ )

**बहुमज्झदेसपेढिय, तत्थेव य माणवो भवे खंभो ।**
**चउवीसकोडिमंसिय, बारसमद्धं च हिट्ठुवरिं ॥ १९१ ॥**

**અર્થ**—તેના બહુમધ્યદેશમાં પીઠિકા છે. તેની ઉપર માણવક સ્તંભ છે, તે સ્તંભ ચોવીશ હાંશવાળો છે. તે ઊંચો

બાર યોજન છે અને તેથી અર્ધાં હેઠે અને ઉપર એટલે છ યોજન વિસ્તારવાળો છે. ( ૧૯૧ )

फलिहा तहिं नागदंता य सिक्का तहिं वयरमया।
तत्थ उ होंति समुग्गा, जिणसकहा तत्थ पन्नत्ता ॥१९२॥

અર્થ—તે માણવક સ્તંભને સ્ફટિકમય નાગદંતા છે અને તેની સાથે લટકાવેલા વજ્રમય સીંકા છે, તે સીંકામાં ડાબડા છે અને તે ડાબડામાં જિનેશ્વરની દાઢાઓ છે. ( ૧૯૨ )

माणवगस्स उ पुव्वेण, आसणं पच्छिमेण सयणिज्जं।
उत्तरओ सयणिज्जस्स य, होइ इंदज्झओ तुंगो ॥ १९३ ॥

અર્થ—માણવક સ્તંભની પૂર્વે આસન (સિંહાસન) છે, પશ્ચિમે શય્યા છે. એ શય્યાની ઉત્તરમાં ઊંચો ઈંદ્રધ્વજ છે. ( ૧૯૩ )

पहरणकोसो इंदज्झयस्स, अवरेण इत्थ चोपालो।
फलिहप्पामोक्खाणं, निक्खेवनिही पहरणाणं ॥ १९४ ॥

અર્થ—ઈંદ્રધ્વજની પશ્ચિમે ચોપાલ નામે પ્રહરણકોશ છે, તે ઢાલ વિગેરે આયુધોને રાખવાના નિધાનતુલ્ય છે. ( અહીં બીજી પ્રતમાં चोप्पालो શબ્દ જણાવેલ છે. ) ( ૧૯૪ )

जिणदेवच्छंदओ जिणघरम्मि पडिमाण तत्थ अट्ठसयं।
चामरधराणं खलु, पुरओ घंटाण अट्ठसयं ॥ १९५ ॥

અર્થ—જિનગૃહમાં જિનેશ્વરના દેવચ્છંદા ઉપર એકસો ને આઠ જિનેશ્વરની પ્રતિમાઓ છે. તેની પાસે ૧૦૮ ચામરધર ( વિગેરે ) દેવો છે અને તેની આગળ ૧૦૮ ઘંટા છે. ( ૧૯૫ )

सेस सभाण उ मज्झे, हवंति मणिपेढिया परमरम्मा ।
तत्थासणा महरिहा, उववायसभाए सयणिज्जं ॥ १९६ ॥

અર્થ—બાકીની સભાઓના મધ્યમાં પરમ રમણિક એવી મણિપીઠિકાઓ છે. તે મણિપીઠિકાની ઉપર મોટા મૂલ્યવાળાં આસનો ( સિંહાસનો ) છે અને ઉપપાત ( દેવને ઉપજવાની ) સભામાં શય્યા છે. ( ૧૯૬ )

मुहमंडव पेच्छाहर, हरउ दायसह(दोयसय)पमाणाइं ।
थूभाओ अट्ठ उ भवे, दारस्स उ मंडवाणं तु ॥ १९७ ॥

અર્થ—મુખમંડપ, પ્રેક્ષાગૃહ અને દ્રહનું પ્રમાણ બસો યોજન છે તથા સ્તૂપનું અને મંડપના દ્વારનું પ્રમાણ આઠ યોજન છે. ( ૧૯૭ )

उव्विद्धा वीस उ गया य, वित्थिण्णं जोयणद्धं तु ।
माणवग महिंदज्झय, हवंति इंदज्झया चेव ॥ १९८ ॥

અર્થ—માણવક સ્તંભ, મહેંદ્રધ્વજ અને ઇંદ્રધ્વજની ઊંચાઇ વીશ યોજન છે અને જાડાઇ અર્ધ યોજન છે. (૧૯૮)

जिणदुसुहम्मचेइयघरेसु जा पेढिया य तत्थ भवे ।
चउजोयणबाहल्ला, अट्ठेव य वित्थडायामा ॥ १९९ ॥

અર્થ—ચૈત્યવૃક્ષ, સુધર્માસભા અને ચૈત્યગૃહ એમાં જે મણિપીઠિકાઓ છે તે ચાર યોજન જાડી છે અને આઠ યોજન લાંબીપહોળી છે. ( ૧૯૯ )

सेसा चउ आयामा, बाहल्लं दोण्णि जोयणा तेहिं ।
सव्वे य चेइयदुमा, अट्ठेव य जोयणुव्विद्धा ॥ २०० ॥

**અર્થ**—બાકીની પીઠિકાઓ ચાર યોજન વિસ્તારવાળી છે અને જાડી બે યોજન છે-સર્વે ચૈત્યવૃક્ષો આઠ યોજન ઊંચા છે. (૨૦૦)

**छज्जोयणाइ विडिमा, उव्विद्धा अट्ठ होइ वित्थिण्णा ।**
**खंधाओ जोयणाओ, विक्खंभोव्वेहओ कोसं ॥ २०१ ॥**

**અર્થ**—તેની મૂળ શાખા ( વિડિમા ) છ યોજન ઊંચી છે અને આઠ યોજન વિસ્તીર્ણ છે, તે વૃક્ષનો સ્કંધ એક યોજન વિસ્તારમાં છે અને તેની ઊંડાઇ એક કોશ છે. ( ૨૦૧ )

( અહીંથી વિષય બદલાય છે. )

**नगरीए उत्तरेणं य खलु जोयणाण लक्खा उ ।**
**अरुणोदगे समुद्दे, गंतूणं पंच आवासा ॥ २०२ ॥**

**અર્થ**—પ્રથમ જણાવેલી નગરીઓની ઉત્તરમાં એક લાખ યોજન અરુણોદક સમુદ્રમાં જઇએ ત્યારે પાંચ આવાસો છે. (૨૦૨)

**पढमे सयंपभे चेव, तत्तो खलु होइ पुप्फकेउ य ।**
**पुप्फावत्ते पुप्फप्पभे य पुप्फुत्तरावासे ॥ २०३ ॥**

**અર્થ**—પ્રથમ સ્વયંપ્રભ, બીજો પુષ્પકેતુ, ત્રીજો પુષ્પાવર્ત, ચોથો પુષ્પપ્રભ અને પાંચમો પુષ્પોત્તર-એ નામના આવાસો છે.(૨૦૩)

**अग्गमहिसीपरिसाणं, चेव तहो होंति नगरीओ ।**
**सामाणियासुराणं, तायत्तीसाण तत्थेव ॥ २०४ ॥**

**અર્થ**—અગ્રમહિષીની અને પર્ષદાઓની ત્યાં નગરીઓ છે. અને સામાનિક દેવોની તેમ જ ત્રાયત્રિંશત દેવોની નગરીઓ પણ ત્યાં જ છે. ( ૨૦૪ )

**परिसाणं सोमणसा उ सुसीमा सोमंजणाणं तु रायहाणीओ ।**
**बारस सहस्सियाओ, बाहिं वट्टा रयणचित्ता ॥ २०५ ॥**

**અર્થ**—પર્ષદાની રાજધાનીઓ સોમનસા, સુસીમા, સોમા અને અંજના નામની છે. તે બાર હજાર યોજનની છે. બહાર વૃત્ત એટલે ગોળ અને રત્નવડે ચિત્રવિચિત્ર છે. ( ૨૦૫ )

**सिवमंदिरा उ चोद्दस, सहस्सिया सा भवे उ वरुणस्स ।**
**सोलस साहस्सीया वइरमंदिरा सानलस्स भवे ॥ २०६ ॥**

**અર્થ**—શિવમંદિરથી આગળ ચૌદ હજાર યોજન પ્રમાણવાળી વરુણદેવની રાજધાની છે. અને વજ્રમંદિરથી આગળ સોળ હજાર યોજનના પ્રમાણવાળી **અનલ**(યમ)**દેવ**ની રાજધાની છે. (૨૦૬)

**अवरेणं अणियाणं, चउद्दिसिं होइ आयरक्खाणं ।**
**बारस सहस्सिया उ, बाहिं वट्टा रयणचित्ता ॥ २०७ ॥**

**અર્થ**—પશ્ચિમે અનિક (સેનાપતિ)ની અને ચારે દિશાએ આત્મરક્ષકદેવોની બાર હજાર યોજનના પ્રમાણવાળી બહારથી વૃત્ત અને વિચિત્ર રત્નવાળી રાજધાનીઓ છે. ( ૨૦૭ )

**अरुणस्स उत्तरेणं, बायालीसं भवे सहस्साइं ।**
**उग्गहिऊण उदहिं, सिलनिचओ रायहाणीओ ॥ २०८ ॥**

**અર્થ**—અરુણદ્વીપની ઉત્તરે સમુદ્રમાં બેંતાળીશ હજાર યોજન જઈએ ત્યારે શીલનિચયા નામની રાજધાની છે. ( ૨૦૮ )

**वेरोयणप्पभे कंते, स एक्कउ पुव्वए सहस्से य ।**
**तह मणोरमे पंचमे भणिए ॥ २०९ ॥**

આ ગાથાનો અર્થ બેઠો નથી. આખી ગાથા પણ મળી નથી.

परिसाणं चेव तहा, नयरीओ होंति अग्गमहिसीणं ।
सामाणियासुराणं, तायत्तीसाण तिण्हं च ॥ २१० ॥

અર્થ—પર્ષદાઓની નગરીઓ પણ તે જ પ્રમાણે છે તથા અગ્રમહિષીઓની, સામાનિક દેવોની અને ત્રાયત્રિંશ દેવોની-એમ ત્રણેની નગરીઓ પણ ત્યાં જ છે. ( ૨૧૦ )

परिसाणं सोमणसा य सुसीमासोमजणाणं तु ।
चोद्दस सहस्सियाओ, बाहिं वट्टा रयणचित्ता ॥ २११ ॥

અર્થ—પર્ષદાની સોમનસા, સુસીમા, સોમા ને અંજણા નામની રાજધાની છે. તે ચૌદ હજાર યોજનના પ્રમાણુવાળી છે. તે બહારથી ગોળ છે અને વિચિત્ર રત્નખચિત છે. ( ૨૧૧ )

अवरेणं अणियाणं, चउद्दिसिं होंति आयरक्खाणं ।
बारस सहस्सियाओ, बाहिं वट्टा रयणचित्ता ॥ २१२ ॥

અર્થ—પશ્ચિમદિશાએ સાત સેનાની અને ચારે દિશાએ આત્મરક્ષકદેવોની રાજધાનીઓ બાર હજાર યોજનના પ્રમાણ-વાળી છે ને તે બહારથી વૃત્ત અને વિચિત્ર રત્નખચિત છે. (૨૧૨)

सिवमंदिराओ सोलस, सहस्सिया सा भवे उ वरुणस्स ।
अट्ठारस साहस्सीया, वइरमंदिरा सानलस्स भवे ॥२१३॥

અર્થ—શિવમંદિરથી સોળ હજાર યોજન જઇએ ત્યારે વરુણદેવની રાજધાની છે, અને વજ્રમંદિરથી અઢાર હજાર યોજન જઈએ ત્યારે અનલની( યમની ) રાજધાની છે. ( ૨૧૩ )

धरणस्स नागरन्नो, सुहवति परियाए दक्खिणे पासे ।
गंधवई परियाओ, भूयाणंदस्स उत्तरओ ॥ २१४ ॥

**અર્થ**—દક્ષિણબાજુએ નાગકુમારના ઇંદ્ર ધરણેંદ્રની શુભવતી નામની રાજધાની છે અને ઉત્તરબાજુએ ભૂતાનંદ નામના નાગકુમારના ઇંદ્રની ગંધવતી નામની રાજધાની છે. ( ૨૧૪ )

**उच्चत्तेण सहस्सं, सहस्समेगं च मूलवित्थिण्णो ।**
**अद्धट्ठमा उ मज्झे, उवरिं पुण होंति पंचसए ॥ २१५ ॥**

**અર્થ**—ઊંચાઇમાં એક હજાર યોજન, મૂળમાં એક હજાર યોજન, મધ્યમાં સાડાસાતસો યોજન અને ઉપર પાંચસો યોજન છે. ( ૨૧૫ ) ( આ શેનું પ્રમાણ છે ? તે સમજાણું નથી. )

**दो चेव जंबुद्दीवे, चत्तारि य माणुसुत्तरनगम्मि ।**
**छच्च अरुणसमुद्दे, अट्ठ रुयगम्मि दीवम्मि ॥ २१६ ॥**

**असुराणं नागाणं, उदहिकुमाराण होंति आवासा ।**
**अरुणोदये समुद्दे, तत्थेव य तेसिं उप्पाया ॥ २१७ ॥**

**અર્થ**—જંબૂદ્વીપમાં બે, માનુષોત્તર પર્વત ઉપર ચાર, અરુણસમુદ્રમાં છ, અને રુચકદ્વીપમાં આઠ આવાસો અસુરકુમાર, નાગકુમાર, ( સુવર્ણકુમાર ) ને ઉદધિકુમારના છે અને અરુણોદ સમુદ્રમાં તેમનાં ઉત્પાત સ્થાનો છે. ( ૨૧૬–૨૧૭ )

**दीवदिसाअग्गीणं, थणियकुमाराण होंति आवासा ।**
**अरुणवरे दीवम्मि उ, तत्थेव य तेसिं उप्पाया ॥ २१८ ॥**

**અર્થ**—દ્વીપકુમાર, દિશીકુમાર, અગ્નિકુમાર અને સ્તનિતકુમારના આવાસો અરુણવર દ્વીપમાં છે અને ત્યાં જ તેમનાં ઉત્પાત સ્થાનો છે. ( ૨૧૮ )

**चोयालसयं पढमि-ल्लुयाए पंतिए चंदसूराणं ।**
**तेण परं पंतीओ, चउरोत्तरियाए वुड्ढी य ॥ २१९ ॥**

**અર્થ**—પુષ્કરવરાર્ધ દ્વીપ જે માનુષોત્તર પર્વત પછીના ભાગમાં છે તેમાં પ્રથમ પંક્તિમાં ૧૪૪ સૂર્ય ને ૧૪૪ ચંદ્ર છે. અને ત્યારપછીની પંક્તિઓમાં ચાર ચારની વૃદ્ધિ છે. (૨૧૯)

**जो जाइं सयसहस्साइं, वित्थडो सागरो व दीवो वा ।**
**तावइया उ तहियं, पंतीओ चंदसूराणं ॥ २२० ॥**

**અર્થ**—જે દ્વીપ અથવા જે સમુદ્ર જેટલા લાખ યોજનનો હોય તેટલી તેમાં સૂર્ય અને ચંદ્રની પંક્તિઓ સમજવી. (૨૨૦)

**दीवसागरपन्नत्ति पइन्नयं गाहाओ पन्नत्ताओ ।**

**श्री संवत विक्रमतो भवनसिद्धिरसेन्दु ( १६८३ ) वर्षे कार्तिकमासे सितैकादशीदिने सत्यपुरमध्ये बृहत्खरतरगच्छ-श्रीसागरचन्द्रसूरिसंताने श्रीमद्वाचनाचार्यवर्यधुर्यवा० श्री ५ श्रीज्ञानप्रमोदगणिभिः पं० श्रीगुणनन्दनगणि पं० सोहिल्ल-मुनिशिष्यसीहमल्लमुनि ऋ० कृष्णशिष्यसुपदैश्चतुर्मासी कृता तदा सीहमल्लेन लिखितं स्वपठनार्थम् ॥**

દ્વીપસાગરપ્રજ્ઞપ્તિપ્રકીર્ણકની આ પ્રમાણે ૨૨૦ ગાથાઓ કહેલી છે.

વિક્રમ સંવત્ ૧૬૮૩ ના કાર્તિક શુદિ અગ્યારશે સત્યપુરમાં બૃહત્ખરતરગચ્છના સાગરચંદ્રસૂરિસંતાનીય શ્રીમદ્વાચનાચાર્ય-વર્યધુર્ય વાચકશ્રી ૫ શ્રીજ્ઞાનપ્રમોદગણિ, પં. શ્રી ગુણનંદનગણિ, પં. સોહિલ્લમુનિવરના શિષ્ય સીહમલ્લમુનિ તથા ઋ૦ કૃષ્ણશિષ્ય-સુપદમુનિ એઓ ચાતુર્માસ રહ્યા હતા, તે વખતે સિંહમલ્લે પોતાને ભણવા માટે આ પ્રત લખી છે.

॥ अर्हम् ॥

॥ श्रीमद्विजयानंदसूरिभ्यो नमः ॥

# ॥ सवृत्तिकं पुद्गलपरावर्त्तस्तवनम् ॥

**श्रीवीतराग! भगवस्तव समयालोकनं विनाऽभूवन्।**
**द्रव्ये क्षेत्रे काले, भावे मे पुद्गलावर्त्ताः ॥ १ ॥**

व्याख्या—'हे श्रीवीतराग!'–हे भगवन्!, 'मे'–मम, पुद्गलपरावर्त्ता अभूवन्। कस्मिन् विषये? 'द्रव्ये'–द्रव्यविषये, 'क्षेत्रे'–क्षेत्रविषये, 'काले'–कालविषये, 'भावे'–भावविषये, [1]कं विना? 'तव'–भवतः, 'समयालोकनं विना'–सिद्धान्तविचारणं विना ॥ १ ॥

**मोहप्ररोहरोहान्नट इव भवरङ्गसंगतः स्वामिन्!।**
**कालमनन्तानन्तं, भ्रान्तः षट्कायकृतकायः ॥ २ ॥**

व्याख्या—हे स्वामिन्! अहं 'भ्रान्तः'–एकस्माद्भवाद्वितीयादिषु भवेषु प्राप्तः। किंविशिष्टः सन्? 'भवरङ्गसंगतः'–भवः संसारः स एव रङ्गः, रङ्गो नाट्यस्थानं, तत्र संगतः स्थितः। कस्मात्? 'मोहप्ररोहरोहात्'–मोहोऽज्ञानं स एव प्ररोहोऽङ्कुरस्तस्य रोहो वृद्धिस्तस्मात्। क इव?

---

१ "कथमभूवन्? तव" इत्यपि ॥

नट इव। कियन्तं कालं भ्रान्तः ? 'अनन्तानन्तं कालं'—सिद्धान्तभाषया सर्षपभृतचतुष्पल्यदृष्टान्तेनान्तं ज्ञेयम्, अनन्तादनन्तमनन्तानन्तं, एतावन्तं कालं भ्रान्तः। किंभूतः ? पृथ्व्यादिषु षट्सु कायेषु कृतः कायः—शरीरं येन सः, इति ॥२॥

**औदारिकवैक्रियतैजसभाषाप्राणचित्तकर्मतया।**
**सर्वाणुपरिणतेर्मे, स्थूलोऽभूत्पुद्गलावर्त्तः ॥ ३ ॥**

व्याख्या—पुद्गलपरावर्त्तश्चतुर्द्धा—द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्च। एकैकोऽपि द्विविधः सूक्ष्मबादरभेदतः। औदारिकशरीरेण वा वैक्रियशरीरेण वा तैजसशरीरेण वा कार्मणशरीरेण वा भाषाप्राणचित्तैर्वा सर्वांश्चतुर्दशरज्जुगतपरमाणून् आत्मा औदारिकादिसप्तकेन यदा स्पृशति तदा द्रव्यतः स्थूलपुद्गलपरावर्त्तः ॥ ३ ॥

**तत्सप्तकैककेन च, समस्तपरमाणुपरिणतेर्यस्य।**
**संसारे संसरतः, सूक्ष्मो मे जिन ! तदावर्त्तः ॥ ४ ॥**

व्याख्या—औदारिकादिसप्तकमध्यात्प्रत्येकं प्रत्येकमेकैकेन चतुर्दशरज्जुगतसर्वान् परमाणून् आत्मा संस्पृश्य संस्पृश्य मुञ्चति तदा[1] सूक्ष्मपुद्गलपरावर्त्तः ॥ ४ ॥ अथ द्रव्यस्थूल-

---

१ "तदा पुद्गलपरावर्त्तः सूक्ष्म इति चतुर्थश्लोकार्थः ॥ ४ ॥ पुनरप्येतौ प्रकारान्तरेण" इत्यपि पाठो दृश्यते ॥

सूक्ष्मपुद्गलपरावर्त्तः प्रकारान्तरेण सिद्धान्तविभागयोच्यते प्रस्तावापन्नत्वात्–औदारिकादिशरीरचतुष्टयेन सर्वान् लोकगतपरमाणून् क्रमोत्क्रमाभ्यां संस्पृश्य[1] संस्पृश्यात्मा मुञ्चति तदा[2] द्रव्यतः स्थूलपुद्गलपरावर्त्तः । औदारिकादिशरीरचतुष्टयमध्यात्प्रत्येकं प्रत्येकमेकैकेन शरीरेण सर्वान् लोकगतपरमाणून् स्पृष्ट्वा स्पृष्ट्वा मुञ्चति तदा[3] द्रव्यतः सूक्ष्मपुद्गलपरावर्त्तः ॥

निश्शेषलोकदेशान्, भवे भवे पूर्वसंभवैर्मरणैः ।
स्पृशतः क्रमोत्क्रमाभ्यां, क्षेत्रे स्थूलस्तदावर्त्तः ॥५॥

व्याख्या—चतुर्दशरज्ज्वात्मकलोके यावन्तः समस्तलोकाकाशप्रदेशाः सन्ति तावत आत्मा मरणैः कृत्वा क्रमेण वा व्यतिक्रमेण वा स्पृशति तदा स्थूलः क्षेत्रपुद्गलपरावर्त्तः ॥५॥

प्राग्मृत्युभिः क्रमेण च, लोकाकाशप्रदेशसंस्पर्शः ।
मम योऽजनि स स्वामिन् ! क्षेत्रे सूक्ष्मस्तदावर्त्तः ॥६॥

व्याख्या—यदाऽऽत्मा चतुर्दशरज्जुषु यावन्त आकाशप्रदेशाः सन्ति तान् क्रमेण मृत्युना स्पृशति यावता कालेन तावता सूक्ष्मः पुद्गलपरावर्त्तो भवति ॥ ६ ॥

---

१ " संस्पृशन् संस्पृशन् " इत्यपि । २ " तदा स्थूलद्रव्यपुद्गल–"इत्यपि । ३ " तदा सूक्ष्मद्रव्यपुद्गल–" इत्यपि ।

मम[1] कालचक्रसमयान्, संस्पृशतोऽतीतमृत्युभिर्नाथ! ।
अक्रमतः क्रमतश्च स्थूलः काले तदावर्त्तः ॥ ७ ॥

व्याख्या—उत्सर्पिण्यवसर्पिण्योर्यावन्तः समया वर्त्तन्ते तान् समयान् मरणैः कृत्वा क्रमाक्रमाभ्यां स्पृशतो जीवस्य स्थूलः[2] कालपुद्गलपरावर्त्तो भवति ॥ ७ ॥

क्रमतस्तानेव समयान्, प्राग्भूतैर्मृत्युभिः प्रभूतैर्मे ।
संस्पृशतः सूक्ष्मोऽर्हन्!, कालगतः पुद्गलावर्त्तः ॥८॥

व्याख्या—कश्चि[3]ज्जीवोऽवसर्पिण्याः प्रथमसमये मृतस्तत्सदृशा अवसर्पिण्यानन्तरे द्वितीये समये यावता कालेन म्रियते ते समया लेखके गण्यन्ते नान्याः, एवमवसर्पिण्युत्सर्पिण्योर्द्वयोरपि समयान् जीवः क्रमेण मरणैः कृत्वा स्पृशति तदा सूक्ष्मः कालतः पुद्गलपरावर्तो भवति ॥ ८ ॥

अनुभागबन्धहेतून्, समस्तलोकाभ्रदेशपरिसङ्ख्यान्।
म्रियतः क्रमोत्क्रमाभ्यां, भावे स्थूलस्तदावर्त्तः ॥९॥

प्राङ्मरणैः सर्वेषामपि, तेषां यः क्रमेण संश्लेषः ।
भावे सूक्ष्मः सोऽभूत्, जिनेश! विश्वत्रयाधीश! ॥१०॥

---

१ " मम सकलकालसमयान् " इत्यपि ॥ २ " कालतः स्थूलपुद्गलः– " इत्यपि । ३ " कश्चन " इत्यपि ।

व्याख्या—पूर्वं सूक्ष्माग्निकायेषु ये पृथिव्यादयो जीवाः प्रविश्यमाना एकस्मिन् समये सन्ति तेऽसङ्ख्याताः । के इव ? चतुर्दशरज्जुगताकाशप्रदेशतुल्या इव ते जीवा ज्ञेयाः । यतः—
“ एगसमयंमि लोए, सुहुमा जीवा अ जे भविस्संति । ते हुंत-ऽसंखलोए, पएसतुल्ला असंखिज्जा ॥ १ ॥ ” एकस्मिन्नङ्गुल-भूमौ असङ्ख्याता आकाशप्रदेशा ज्ञेयाः । यतः—“ सुहुमो य होइ कालो, तत्तो सुहुम्मयरं हवइ खित्तं । अंगुलसेढीमित्ते, ओसप्पिणिओ असंखिज्जा ॥ २ ॥ ” तेभ्योऽपि पृथिव्यादिप्रविश्यमानजीवेभ्योऽपि सूक्ष्माग्निकाये ये पूर्वं प्रविष्टाः पृथिव्यादयो जीवाः सन्ति ते जीवाः असङ्ख्यातगुणेनाधिकाः । पूर्व-प्रविष्टेभ्यो जीवेभ्योऽपि असङ्ख्यातगुणेनाधिकाः सूक्ष्माग्नि-कायिकानां कायस्थितिः, असङ्ख्यातकालं यावदग्नौ वह्निकाये उत्पद्यते पुनर्मृत्युः पुनरुत्पत्तिरेवमसङ्ख्यातकालं यावज्ज्ञेयम् । अग्निकायिकेभ्योऽसङ्ख्यातगुणेनाधिकानि संयमस्थानानि ना-नाजीवानाश्रित्य तद्भवे एकजीवमाश्रित्य वा संयमपरिणामाः-संयमभेदा अनुभागबन्धस्थानानि च प्रत्येकं प्रत्येकमसङ्ख्या-तगुणेनाधिकानि । संयमपरिणामा अनुभागबन्धाश्च तत्तुल्या भवन्ति । अष्टानां कर्मपरमाणूनां ये रसभेदास्तेऽसङ्ख्याता वर्त्तन्ते तान् कर्मपुद्गलरसविशेषान् निबध्य निबध्य स्पृष्ट्वा स्पृष्ट्वा मुञ्चति उत्क्रमेण तदा बादरो भावतः पुद्गलपरावर्त्तः॥९॥
एकं कर्मपुद्गलरसभेदं स्पृष्ट्वा तदनु द्वितीयं इति क्रमेणाष्टकर्म-

रसपुद्गलान् सर्वान् क्रमेण मरणेन स्पृष्ट्वा स्पृष्ट्वा मुञ्चति तदा सूक्ष्मो भावतः पुद्गलपरावर्त्तः ॥ १० ॥

नानापुद्गलपुद्गलावलिपरावर्त्ताननन्तानहं,
पूरं पूरमियच्चिरं कियदशं बाढं दृढं नोढवान् ।
दृष्ट्वा दृष्टचरं भवन्तमधुना भक्त्यार्थयामि प्रभो !,
तस्मान्मोचय रोचय स्वचरणं श्रेयःश्रियं प्रापय ॥११॥

॥ समाप्तमिदं पुद्गलपरावर्त्तस्तवनम् ॥

व्याख्या—हे नाथ ! अहं 'अशं'–असुखं, कियद्बाढं 'न ऊढवान्'–न प्राप्तवान् । किं कृत्वा ? नाना अनेके पुद्गलाः कालविशेषास्तैः पुद्गलानां परमाणूनामावलयः श्रेणयो येषु ते एतादृशाननन्तान् परावर्त्तान् [ पूरं पूरं ] । दृष्ट्वा दृष्टचरं भवन्तमधुना भक्त्या कियत् प्रार्थयामि । किं ? तस्मात्' असुखान्मोचय, स्वचरणं रोचय, श्रेयःश्रियं प्रापय ॥ ११ ॥

॥ संपूर्णमिदं सवृत्तिकं पुद्गलपरावर्त्तस्तवनम् ॥

# પુદ્ગલપરાવર્ત સ્તવની ૧૧ ગાથાનો અર્થ.

હે વીતરાગ! તમારા સિદ્ધાંતની વિચારણા વિના મારા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ને ભાવથી (અનંત) પુદ્ગલપરાવર્તો થયા અર્થાત્ મેં અનંતા પુદ્ગલપરાવર્તો આપના સિદ્ધાંતને સમજ્યા વિના કર્યા. ૧.

હે સ્વામિન્! મોહ જે અજ્ઞાન તેના અંકુરાની વૃદ્ધિ થવાથી હું સંસારરૂપ નાટકશાળામાં અનંતાનંત કાળ પર્યંત નટની જેમ નાચ્યો. મેં ષટ્કાય પૈકી જુદી જુદી કાયનાં શરીરો ધારણ કર્યાં અને તે રૂપે સંસારમાં નાટક કર્યું. ૨.

હવે ચાર પ્રકારના પુદ્ગલપરાવર્તો પૈકી પ્રથમ દ્રવ્ય પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ કહે છે:—

ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, આણપ્રાણ (શ્વાસોછ્વાસ), મન અને કર્મ એ સાતે વર્ગણા સંબંધી સર્વે અણુઓને પરિણમાવવાથી–ગ્રહણ કરીકરીને મૂકવાથી સ્થૂળ દ્રવ્ય પુદ્ગળ-પરાવર્ત થાય છે. ૩.

સંસારમાં સંચરતો એક જીવ ચૌદ રાજલોકમાં રહેલ સર્વ પરમાણુ(વર્ગણા)ને સાત પૈકી એક વર્ગણાપણે સ્પર્શીને–ગ્રહણ કરીને મૂકે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત થાય. ૪.

અન્યત્ર ઔદારિકાદિ ચાર શરીરપણે ક્રમઉત્ક્રમથી સ્પર્શીને મૂકે ત્યારે સ્થૂલ અને તેમાંના એકેક શરીરપણે સ્પર્શીને મૂકે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત થાય છે એમ કહ્યું છે.

ચૌદ રાજલોકના સમસ્ત આકાશપ્રદેશને આત્મા ક્રમથી

ને ઉત્ક્રમથી મરણવડે સ્પર્શે ત્યારે સ્થૂલ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત થાય, અને તે સર્વ પ્રદેશોને ક્રમથી મરણવડે સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત થાય. ૫–૬.

એક કાળચક્રના એટલે એક અવસર્પિણી ને ઉત્સર્પિણીના–વીશ કોડાકોડ સાગરોપમના સમયોને ક્રમઉત્ક્રમવડે મરણે કરીને સ્પર્શે ત્યારે સ્થૂલ કાળ પુદ્ગલપરાવર્ત થાય અને હે અરિહંત! તે સઘળા સમયને ઘણા કાળે ક્રમથી મરણવડે સ્પર્શે ત્યારે સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત થાય. ૭–૮.

સમસ્ત લોકાકાશના પ્રદેશપ્રમાણ અનુભાગબંધનાં સ્થાનોને–હેતુઓને ક્રમઉત્ક્રમવડે મરણ પામતો સ્પર્શે ત્યારે સ્થૂળ ભાવ પુદ્ગલપરાવર્ત થાય અને હે જિનેશ! હે વિશ્વત્રયાધીશ! તે સર્વ અનુભાગબંધસ્થાનોને ક્રમથી મરણવડે સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત થાય. ૯–૧૦. અહીં અનુભાગબંધ-સ્થાન સંબંધી ટીકામાં ઘણી વ્યાખ્યા છે તે સમજવા યોગ્ય છે.

અનેક પુદ્ગલ નામના કાળવડે પરમાણુઓની શ્રેણીવાળા અનંત પરાવર્તોને પૂરીપૂરીને ( પરાવર્તો સુધી ભમીભમીને ) કેટલું અત્યંત દુઃખ હું ન પામ્યો ? ( ઘણું દુઃખ પામ્યો ). હમણાં આપને દૃષ્ટિવડે જોવાથી હું કાંઇક ભક્તિથી પ્રાર્થના કરું છું કે–તે દુઃખથી મને મુકાવો, આપનું ચારિત્ર મને રુચાવો અને કલ્યાણલક્ષ્મી( મોક્ષ )ને પમાડો.

આ આઠ પ્રકારના પુદ્ગલપરાવર્તોમાંથી ચાર બાદર તો સૂક્ષ્મ સમજવા માટે જ છે અને સૂક્ષ્મમાં પણ અનંત પુદ્ગલપરાવર્ત કર્યા કહેવાય છે, તે ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગલપરાવર્ત સમજવા.

॥ अर्हम् ॥

॥ श्रीमद्विजयानन्दसूरीश्वरपादपद्मेभ्यो नमः ॥

# ॥ सावचूरिकं सम्यक्त्वस्तवप्रकरणम् ॥

**जह सम्मत्तसरूवं, परूविअं वीरजिणवरिंदेण ।**
**तह कित्तणेण तमहं, थुणामि सम्मत्तसुद्धिकए ॥ १ ॥**

व्याख्या—'यथा'-येनौपशमिकत्वादिप्रकारेण सम्यक्त्वस्वरूपं तीर्थङ्करेण श्रीवीरजिनवरेन्द्रेण 'प्ररूपितं'-गणधरादिभ्य उपदिष्टं, तथा 'कीर्त्तनेन'-विज्ञप्तिरूपतया कथनेन, 'तं'-वीरं, अहं स्तोष्ये । किमर्थम्? सम्यक्त्वस्य शुद्धिः क्षायिकत्वापादनाद्या[1] तत्कृते तदर्थम् । तदुक्तम्[2]-"थयथुइमंगलेणं भंते! जीवे किं जणइ? गोयमा! नाणदंसणचरित्तबोहिलाभं जणइ" इत्यागमे[3] ॥ १ ॥" स्तुतिमेवाह—

**सामि[4]! अणाइअणंते, चउगइसंसारघोरकंतारे ।**
**मोहाइकम्मगुरुठिइविवागवसओ भमइ जीवो ॥ २ ॥**

---

१ "क्त्वोपादानाद्या" इति पाठोऽपि दृश्यते । २ "यदुक्तम्" इत्यपि । एवमग्रेऽपि यत्र 'तदुक्तं' स्यात्तत्रैतत्पाठान्तरं ज्ञेयम् ॥ ३ " इत्यादि " इति । ४ " सामिअ! अणाइणंते " इत्यपि ॥

व्याख्या—स्वामिन् ! अनाद्यनन्ते चतुर्गतिसंसाररूपे गहनतादिसाम्यतया 'घोरकान्तारे'–रौद्राटव्यां मोहाद्यष्टकर्मगुरुस्थितिवेदनवशतो जीवो भ्रमति। गुरुस्थितिर्यथा–
"मोहे कोडाकोडी, सत्तरि वीसं च नामगोयाणं। तीसयराणि चउण्हं, तेत्तीसयराइं आउस्स ॥ १ ॥" ॥ २ ॥ सम्यक्त्वप्राप्त्युपायमाह—

**पल्लोवलमाइ अहापवत्तिकरणेण कोऽवि जइ कुणइ।**
**पलियाअसंखभागूण, कोडिकोडयरठिइसेसं ॥ ३ ॥**

व्याख्या—" पल्लय गिरिसरिउवला, पिवीलिया पुरिसपहजरग्गहिया। कोद्दवजलवत्थाणि य, सामाइयलाभदिट्ठंता ॥ १ ॥" इत्यत्र पल्योपलदृष्टान्तद्वयम्। यथाप्रवृत्तिकरणे करणं च त्रिधा। तत्र यथा कश्चित्पल्ये स्वल्पं धान्यं प्रक्षिपति बहुतरमादत्ते तच्च कालान्तरेण क्षीयते, एवं कर्मधान्यपल्ये जीवोऽनाभोगतः स्वल्पमुपचिन्वन् बहुतरं चापचिन्वन् येन करणेन कृत्वा गिरिसरिज्जलवेगोह्यमानपाषाणवद् घञ्चनाघोलनादिनाऽऽयुर्वर्जसप्तकर्माणि किंचिदूनैककोटाकोटिस्थितिकानि कुर्वन् ग्रन्थिदेशं यावदायाति तद् यथाप्रवृत्तिकरणम् १। येन चाध्यवसायेनाप्राप्तपूर्वेण घनरागद्वेषपरिणतिरूपं ग्रन्थिं भेत्तुमारभते तदपूर्वकरणम् २। येन चानिवर्त्तकेनाध्यवसायेन ग्रन्थिभेदं कृत्वा सम्यक्त्वमासादयति तदनिवृत्तिकरणम् ३। तदुक्तम्–" अंतिमकोडाकोडी य, सव्वकम्माणमाउवज्जाणं। पलिआसंखिज्जइमे, भागे खीणे हवइ गंठी

॥ १ ॥ गंठित्ति सुदुब्भेओ, कक्कडघणरूढगूढगंठि व्व । जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥ २ ॥ जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बीअं । अनिअट्टियकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ॥ ३ ॥ " पल्योपलोपमया यथोक्तया यथाप्रवृत्तिकरणेन यदि कोऽपि जीवः पल्योपमासङ्ख्येयभागोनैककोटाकोटिसागरस्थितिशेषं कर्मकदम्बकं करोति ॥ ३ ॥ ततः किमेतावता सम्यक्त्वप्राप्तिरावश्यकी ? नेत्याह—

तत्थवि गंठिं घणरागदोसपरिणयमयं अभिंदंतो ।
गंठिअजीवोऽवि हहा !, न लहइ तुह दंसणं नाह ! ॥ ४

व्याख्या—तत्र तथाविधेऽपि कर्मशेषे घनरागद्वेषपरिणाममयं ग्रन्थिमभिन्दन् हहा ! अभव्यत्वादिदूषणेन हे नाथ ! जीवः 'त्वद्दर्शनं'–भवदुक्तं सम्यक्त्वं, न लभते । इदं[2] हि अभव्यानामपि स्यात् । तदुक्तमावश्यकवृत्तौ–" अभव्यस्यापि कस्यचिद्यथाप्रवृत्तिकरणतो ग्रन्थिमासाद्यार्हदादिविभूतिदर्शनतः[3] प्रयोजनान्तरेण वा प्रवर्त्तमानस्य श्रुतसामायिकलाभः स्यान्न शेषलाभः " इति । सर्वे जीवा ग्रन्थिं यावदनन्तशः प्राप्ताः ॥ ४ ॥ यस्तु ग्रन्थिं भिनत्ति तमाह—

पहियपिवीलियनाएण कोऽवि पज्जत्तसण्णिपंचिंदी ।
भव्वो अवड्ढपुग्गलपरिअट्टवसेससंसारो ॥ ५ ॥

---

१ " श्रीमदुक्तम् " इत्यपि । २ " इदं च " इत्यपि । ३ " नात् " इत्यपि ।

अप्पुव्वकरणमुग्गरघायविहियदुट्ठगंठिभेओ सो ।
अन्तमुहुत्तेण गओऽनियट्टिकरणे विसुज्झंतो ॥ ६ ॥

व्याख्या—अपूर्वकरणे पथिकपिपीलिकयोर्ज्ञातम् । यथा—" जह इह तिन्नि मणुस्सा[1], जंतडविपहं सहावगमणेणं । कालाइक्कमभीया[2], तुरंति पत्ता य दो चोरा ॥ १ ॥ दट्ठुं मग्ग-तडत्थे, ते एगो मग्गओ पडिनियत्तो । बीओ गहिओ तइओ, समइक्कंतो पूरं पत्तो ॥ २ ॥ अडवी भवो मणूसो, जीवो कम्मट्ठिई पहो दीहो । गंठी य भयट्ठाणं, रागद्दोसा य दो चोरा ॥ ३ ॥ मग्गो ठिइपरिवुड्ढी, गहिओ पुण गंठिओ गओ तइओ । सम्मत्तपुरं एवं, जोइज्जा तिन्नि करणाइं ॥ ४ ॥ खिइ-साभावियगमणं, थाणूसरणं तओ समुप्पयणं । ठाणं थाणुसिरे वा, ओहरणं वा मुयंगीणं ॥ ५ ॥ खिइगमणं पि व पढमं, थाणूसरणं व करणमप्पुव्वं । उप्पयणं पि व तत्तो, जीवाणं करणमनियट्टी ॥ ६ ॥ ठाणुव्व गंठिदेसो, गंठियसत्तस्स तत्थ-वट्ठाणं । ओयरणं पि व तत्तो, पुणोऽवि कम्मट्ठिइविवड्ढी ॥७॥ " एवं दृष्टान्तद्वयेन कश्चिदेव न सर्वोऽपि पर्याप्तः संज्ञी पञ्चेन्द्रियो भव्यो मुक्तिगमनार्होऽपार्द्धपुद्गलपरावर्त्तमात्रा-वशिष्टसंसारः, किम्? इत्याह—अपूर्वकरणमेव निबिडग्रन्थिभेद-कत्वेन मुद्गरस्तद्घातेन विहितो दुष्टग्रन्थिभेदो येन तथा-भूतः स जीवः प्रतिक्षणं विशुध्यमानः सन्नन्तर्मुहूर्त्तमात्रेण

१ " मणूसा " इति । २ " वेलाइक्कम " इत्यपि ॥

पूर्वोक्तमनिवृत्तिकरणं 'गतः'-प्राप्तः ॥ ५-६ ॥ ततः किम्? इत्याह—

**सो तत्थ रणे सुहडो व्व, वेरिजयजणियपरमआणंदं।**
**सम्मत्तं लहइ जिओ, सामण्णेणं तुह पसाया॥ ७॥**

व्याख्या—'सः'-जीवः, 'तत्र'-अनिवृत्तिकरणकृतेऽन्तरे हे नाथ! तव प्रसादात्सामान्यतो न तु क्षायिकादिवद्विशिष्टतया 'सम्यक्त्वं'-औपशमिकाख्यं लभते। क इव? इत्याह-'रणे सुहडो व' इति। वैरिजयेन जनितो यः परमानन्दस्तं रणे सुभट इव। यथा हि रणे सुभटो वैरिजयादानन्दमश्नुते तथा रागद्वेषगुरुकर्मस्थित्यादिवैरिजयात्परमानन्दकल्पं सम्यक्त्वं लभते जीवः। तदुक्तम्-"पावंति खवेऊणं, कम्माइँ अहापवत्तकरणेणं। उवलनाएण कहमवि, अभिन्नपुव्विं तओ गंठिं॥ १॥ तं गिरिवरं व भेत्तुं, अपुव्वकरणुग्गवज्जधाराए। अंतोमुहुत्तकालं, गंतुं अनियट्टिकरणंमि॥ २॥ पइसमयं सुज्झंतो, खविउं कम्माइँ तत्थ बहुयाइं। मिच्छत्तंमि उइण्णे, खीणेणुइयंमि उवसंते॥ ३॥ संसारगिम्हतविओ, तत्तो गोसीसचंदणरसोव्व। अइपरमनिव्वुइकरं, तस्संते लहइ सम्मत्तं॥ ४॥" अत एव भव्यानां मिथ्यात्वस्यानादिसान्तत्वमुक्तम्। तदुक्तम्-"मिच्छत्तमभव्वाणं, तमणाइमणंतयं मुणेयव्वं। भव्वाणं तु अणाई, सपज्जवसियं तु सम्मत्तं॥ १॥" ॥ ७॥ अथ सम्यक्त्वभेदानाह—

**तं चेगविहं दुविहं, तिविहं तह चउव्विहं च पंचविहं।**
**तत्थेगविहं जं तुह, पणीयभावेसु तत्तरुई ॥ ८ ॥**

व्याख्या—तत्रैकविधं किं ? हे जिन ! यत् 'त्वत्प्रणीतभावे'–त्वदुपदिष्टजीवादिपदार्थजाते, 'तत्त्वरुचिः'–परमार्थधीः, "रुचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक् श्रद्धानमुच्यते।" इत्येतल्लक्षणमात्रमित्यर्थः ॥ ८ ॥ द्विविधत्वमाह—

**दुविहं तु दव्वभावा, निच्छयववहारओ य अहवावि।**
**निस्सग्गुवएसाओ, तुह वयणविऊहिं निद्दिट्ठं ॥ ९ ॥**

व्याख्या—हे जिन ! त्वद्वचनविद्भिर्द्विविधं सम्यक्त्वं द्रव्यतो भावतश्च अथवा निश्चयतो व्यवहारतश्च यद्वा निसर्गत उपदेशतश्च 'निर्दिष्टं'–कथितम्। तत्र निसर्गो यथाप्रवृत्तिकरणे गुरुस्थितिक्षयेण विनोपदेशं–सम्यक्त्वावाप्तिः। उपदेशस्तु गुरुवचनम् ॥ ९ ॥ एतद्व्याख्यानमेवाह—

**तुह वयणे तत्तरुई, परमत्थमजाणओ वि दव्वगयं।**
**एयं[1] भावगयं पुण, परमत्थवियाणओ होइ ॥ १० ॥**

व्याख्या—परमार्थमजानतो भव्यस्य यत्तव[2] वचने तत्त्वरुचिस्तल्लक्षणं द्रव्यगतं सम्यक्त्वं द्रव्यसम्यक्त्वमित्यर्थः, "भावेण सद्दहंतो, अयाणमाणेऽवि सम्मत्तं।" इति वचनात्। 'एतत्'–सम्यक्त्वं भावगतम्–भावे पुनः परमार्थं विजानतो

---

१ "सम्मं" इत्यपि। २ "यत्त्वद्वचने" इत्यपि ॥

भवति, " जीवाइनवपयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।" इति वचनात् ॥ १० ॥

**निच्छयओ सम्मत्तं, नाणाइमयप्पसुद्धपरिणामो ।**
**इयरं पुण तुह समए, भणियं सम्मत्तहेऊहिं ॥११॥**

व्याख्या—' निश्चयतः '-निश्चयनयेन ज्ञानादिमयो ज्ञानदर्शनचरणरूप[1] आत्मनः शुभपरिणाम एव सम्यक्त्वम्, तत्परिणामानन्यत्वादात्मैव वा । यदुक्तं श्रीयोगशास्त्रे-"आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः । यत्तदात्मक एवैष, शरीरमधितिष्ठति ॥ १ ॥" इतरदिति व्यवहारसम्यक्त्वं पुनस्तव समये मिथ्यादृष्टिसंस्तवत्यागादिहेतुभिः कृत्वा भणितम्, देवगुरुभक्त्यादयो वा हेतवः। तदुक्तं गुणस्थानविचारे-"देवे गुरौ च सङ्घे च, सद्भक्तिं शासनोन्नतिं । अव्रत्तोऽपि करोत्येव, स्थितस्तुर्ये गुणालये ॥ १ ॥" ११ ॥ ननु निसर्गतः कथं प्राप्तिरित्याह—

**जलवत्थमग्गकुद्दवजराइनाएण जेण पण्णत्तं ।**
**निस्सग्गुवएसभवं, सम्मत्तं तस्स तुज्झ नमो ॥१२॥**

व्याख्या—अत्र जलवस्त्रकोद्रवदृष्टान्ताः पुञ्जत्रये भावयिष्यन्ते। प्रस्तुतौ तु मार्गज्वरदृष्टान्तौ । तद्यथा-एकः पथो भ्रष्ट उपदेशं विना भ्रमन् स्वयमेव पन्थानमाप्नोति कश्चित्तु परोपदेशेन कश्चित्तु नाप्नोत्येव, ज्वरोऽपि कश्चित्स्वयमेवापैति[2]

---

१ "चारित्ररूपः" इत्यपि । २ "-व प्रयाति" इत्यपि पाठः ॥

कश्चित्क्लेषजोपयोगेन कश्चिन्न यात्येव एवं कस्यचित्सम्यक्त्व-प्राप्तिर्मिथ्यात्वज्वरापगमश्च निसर्गोपदेशाभ्यां भाव्यः । ततश्च येन त्वया जलादिज्ञातेन निसर्गोपदेशभवं सम्यक्त्वं प्रज्ञप्तं तस्मै तुभ्यं नमः ॥ १२ ॥ त्रिविधत्वमाह—

तिविहं कारगरोअगदीवगभेएहिं तुह मयविऊहिं ।
खाओवसमोवसमियखाइयभेएहिं वा कहियं ॥ १३ ॥

व्याख्या—'त्वन्मतवेदिभिः'–गणधरादिभिः, कारकरोचकदीपकभेदैः क्षायोपशमिकौपशमिकक्षायिकभेदैर्वा कथितम् ॥ १३ ॥ कारकादिलक्षणान्याह—

जं जह भणिअं तुमए, तं तह करणंमि कारगो होइ ।
रोअगसंमत्तं पुण, रुइमित्तकरं तु तुह धम्मे ॥ १४ ॥

सयमिह मिच्छद्दिट्ठी, धंमकहाईहिं दीवइ परस्स ।
दीवगसंमत्तमिणं, भणंति तुह समयमयमइणो ॥ १५ ॥

व्याख्या—यद् यथा भणितं त्वया तत्तथाकरणे 'कारकः' इति कारकसम्यक्त्ववान् भवति । रोचकसम्यक्त्वं पुनः 'तव धर्मे' त्वत्प्रवचने रुचिमात्रकरं ज्ञातव्यम् । तदुक्तम्–"विहियाणुट्ठाणं पुण, कारगमिह रोअगं तु सद्दहणं । मिच्छद्दिट्ठी दीवइ, जं तत्ते दीवगं तं तु ॥ १ ॥" ॥ १४ ॥ तथा–स्वयं मिथ्यादृष्टिरभव्यो वा कश्चिदङ्गारमर्दनकादिवद्धर्मकथया आदिशब्दान्मातृस्थानानुष्ठानातिशयेन वा केनचिज्जिनोक्ततत्त्वानि परस्य 'दीपयति' प्रकाशयति,

इदं त्वत्समयवेदिनो दीपकसम्यक्त्वं भणन्ति । मिथ्यादृष्टे-रपि परिणामः कारणे कार्योपचारात्सम्यक्त्वम् ॥ १५ ॥
अपरं भेदत्रयं निरूपयति--

**अप्पुव्वकयतिपुंजो, मिच्छमुइण्णं खवित्तु अणुइण्णं ।**
**उवसामिअ अनिअट्टिअकरणाओं परं खओवसमी ॥**

व्याख्या--इहापूर्वकरणेन ग्रन्थिभेदं विधाय शेषमि-थ्यात्वमोहनीयस्थितेरन्तर्मुहूर्त्तमुदयक्षणादतिक्रम्यानिवृत्तिक-रणाध्यवसायेनान्तरकरणं करोति, तच्चान्तर्मुहूर्त्तमात्रप्रमाणम् । तस्मिंश्चान्तरकरणे कृते स्थितिद्वयं भवति । अन्तरकरणादध-स्तनी स्थितिरन्तर्मुहूर्त्तप्रमाणा, तस्मादेव चान्तरकरणादुपरि-तनी द्वितीया । स्थापना—△ तत्र प्रथमस्थितौ मिथ्यादृष्टि-रेवान्तर्मुहूर्त्तेन तस्यामपगतायामन्तरकरणप्रथमसमय एवौप-शमिकं सम्यक्त्वम् । तेन चौषधकल्पेन मदनकोद्रवजलवस्त्र-स्थानीयं मिथ्यात्वमोहनीयं कर्म शोधयित्वा त्रिधा करोति । तद्यथा-शुद्धं◁ अर्द्धशुद्धं△ अविशुद्धं△ च । तत्र यदा शुद्धपुञ्ज उदेति तदा शुद्धमिथ्यात्वपुद्गलवेदनात्क्षायोपशमिकं दर्शनम् । तल्लक्षणमिदम्—यथा कोद्रवा धौता निर्मदना ईष-न्मदना समदनाश्च । जलं वा स्वच्छमीषत्कलुषं [ कलुषं ] च । वस्त्रं वा धौतं निर्मलमीषन्मलिनं मलिनं च भवति तथा ‘ अपूर्वाः ’ पूर्वमकृताः कृतास्त्रयः पुञ्जा येन स तथाभूतो भव्यः उदीर्णं मिथ्यात्वं क्षपयित्वा अनुदीर्णं उदितावस्था-

विष्कम्भणेनोपशमय्यानिवृत्तिकरणात्परं शुद्धपुञ्जोदये क्षयोपशमसम्यक्त्ववान् भवति ॥ १६ ॥ औपशमिकसम्यक्त्वस्वरूपमाह--

अकयतिपुंजो ऊसरदवईलियदड्ढरूक्खनाएहिं ।
अंतरकरणुवसमिओ, उवसमिओ वा ससेणिगओ ॥

व्याख्या—ऊषरक्षेत्रे दवो ज्वालादग्धवृक्षश्चेति ज्ञातद्वयम् । ततो यथा वनदवानल ऊषरक्षेत्रं पूर्वं दग्धेन्धनं वा प्राप्य विध्यायति तथा मिथ्यात्ववेदनाग्निरन्तरकरणमवाप्य विध्यायति । अतः ' अकृतत्रिपुञ्जः ' इति पूर्वोक्तपुञ्जत्रयकरणादर्वागूषरदवज्वालादग्धवृक्षज्ञाताभ्यामन्तरकरणे पूर्वोक्ते ' औपशमिकः ' उपशमसम्यक्त्ववान् भवति । इदमौपशमिकमेकवारमेव स्यात् । मोक्षबीजं चेदमौपशमिकदर्शनमुपशमश्रेणावपि स्यात् । तदुक्तम्—" उवसामगसेढिगयस्स होइ उवसामियं तु सम्मत्तं । जो वा अकयतिपुंजो, अखविअमिच्छो लहइ सम्मं ॥ १ ॥" अतः श्रेणिगतं तमाह–'उव' इति स्वश्रेणिगतो वा औपशमिको भवति । तथा हि–" पूर्वज्ञः शुद्धिमान् युक्तो, ह्याद्यैः संहननैस्त्रिभिः । संध्यायन्नाद्यशुक्लांशं, स्वां श्रेणिं श्रयति क्रमात् ॥ १ ॥ " पूर्वज्ञः इति पूर्वगतः श्रुतधरः, शुद्धिमान् इति अप्रमत्तः । अन्येषां तु मतेऽविरतादयोऽप्यारम्भकाः । ततश्चाप्रमत्तान्तगुणे सप्तकोपशमं विधाय संज्वलनवर्जं २० ( विंशति ) मोहनीयप्रकृतीरपूर्वानिवृत्यो-

रुपशमय्य सूक्ष्मसंपराये लोभाणुत्वं विधायोपशान्तमोहे तमेवोपशमयति । तदुक्तम्–" अपूर्वादिद्वयैकैकगुणेषु शमकः क्रमात् । करोति विंशतेः शान्तिं, लोभाणुत्वं च तच्छमं ॥ १ ॥ " तथा प्रथमसंहननवान् उपशमकश्रेण्यपरिसमाप्तौ मृतोऽनुत्तरेषु गच्छति। पुष्टायुस्तु उपशान्तमोहं यावन्मोहनीयं शमयति तत्रौपशमिकसम्यक्त्वम् । तदुक्तम्–" शान्तदृग्वृत्तमोहत्वादत्रोपशमकाभिधे । स्यातां सम्यक्त्वचारित्रे, भावश्चोपशमात्मकः ॥ १ ॥ " पतति चायमवश्यम् । यतः–" वृत्तमोहोदयं प्राप्योपशमी च्यवते ततः । अधः कृतमलं तोयं, पुनर्मालिन्यमश्नुते ॥ १ ॥ " अपि च–" सुयकेवलि आहारगउज्जुमइ उवसंतगावि हु पमाया । हिंडंति भवमणंतं, तयणंतरमेव चउगइया ॥ १ ॥ " ननु औपशमिकस्य मुक्तियोग्यत्वमस्ति ? बाढं । तथाहि–लवसप्तमावशेषायुरुपशमकः खण्डश्रेणिक एव पराङ्मुखो वलति सप्तमस्थानं चागत्य पुनः क्षपकश्रेणिमारुह्य लवसप्तकान्तरे क्षीणमोहो भूत्वान्तकृत्केवली स्यादिति । परमेकवारमेव कृतोपशमः क्षपकः स्यान्न तु वारद्वयं कृतोपशमः । तदुक्तम्–" जीवो हु इक्कजम्मंमि, इक्कसिं उवसामगो । खयंपि कुज्जा नो कुज्जा, दो वारे उवसामगो ॥ १ ॥ " अचरमशरीरास्तु पतिता आद्यादिगुणेषु यान्ति । तदुक्तम्–" अपूर्वाद्यास्त्रयोऽप्यूर्द्धमेकं यान्ति शमोद्यताः । चत्वारोऽपि च्युता आद्यं, सप्तमं चान्त्यदेहिनः ॥ १ ॥ " तथा–" उवसमसेणि चउक्कं, जायइ जीवस्स आभवं नूणं ।

वा पुण दो एगभवे, खवगस्सेणी पुणो एगा ॥ १ ॥”
इत्यलं प्रसङ्गेन ॥ १७ ॥ क्षायिकस्वरूपमाह—

**मिच्छाइखए खइओ, सो सत्तगखीण ठाइ बंधाऊ ।**
**चउतिभवभाविमुक्खो, तब्भवसिद्धी अ इयरो वा॥१८**

व्याख्या—अपूर्वकरणेनैव कृतत्रिपुञ्जस्य जीवस्य चतुर्थगुणस्थानादारभ्य क्षपकत्वे प्रारब्धेऽनन्तानुबन्धिचतुष्कस्य मिथ्यात्वादिपुञ्जत्रयस्य च क्षये क्षायिकसम्यक्त्वं स्यात् । तच्चाबद्धायुषो भव्यस्य तत्रैव भवे मोक्षाय सुरनारकयोग्यबद्धायुषस्तु तृतीयभवेऽसङ्ख्यातायुर्युगलयोग्यबद्धायुषस्तु चतुर्थे मोक्षाय स्यात् । अत एवाह–मिथ्यात्वादिक्षये क्षायिकः स्यात् । स चेद्बद्धायुः श्रेणिं प्रतिपद्यते तदा सप्तके क्षीणे तिष्ठत्येव न शेषां श्रेणिं समापयति । अबद्धायुस्तु समापयति । स च चतुस्त्रिभवभाविमोक्षस्तद्भवसिद्धिक इतरोऽपि स्यात् । श्रेणिस्वरूपं यथा–“ अणमिच्छमीससम्मं, अट्ठ नपुंसत्थिवेयछक्कं च । पुंवेयं च खिवेइ, कोहाईएवि संजलणे ॥ १ ॥ गइआणुपुव्वि दो दो, जाईनामं च जाव चउरिंदी । आयावं उज्जोअं, थावरनामं च सुहुमं च ॥२॥ साहार(ण)मपज्जत्तं, निद्दानिद्दं च पयलपयलं च । थीणं खवेइ ताहे, अवसेसं जं च अट्ठण्हं ॥ ३ ॥ वीसमिऊण नियंगे, दोहिं समएहिं केवले सेसे ॥ पढमे निद्दं पयलं, नामस्स इमाओं पयडीओ ॥ ४ ॥ देवगइ

---

१ “ वमोक्षकः ” इत्यपि पाठः ॥

आणुपुव्वी, विउव्विसंघयणपढमवज्जाई । अन्नयरं संठाणं, तित्थ-यराहारनामं च ॥ ५ ॥ चरमे नाणावरणं, पंचविहं दंसणं चउविगप्पं । पंचविहमंतरायं, खवइत्ता केवली होइ ॥ ६ ॥ ” इति श्रेणिः ॥ १८ ॥ चतुष्प्रकारं दर्शनमाह—

**चउहाओ सासायण, गुलाइवमणु व्व मालपडणु व्व ।**
**उवसमिआओं पडंतो, सासाणो मिच्छमणपत्तो ॥ १९ ॥**

व्याख्या—चतुर्द्धा सम्यक्त्वं भवति यदि सास्वादनं प्रक्षिप्यते । तच्चैवम्-आन्तर्मौहूर्त्तिक्यामुपशमदर्शनाद्धायाम-शुद्धपुञ्जजिगमिषया कस्यचिदुत्कर्षतः षडावलिकाशेषायां जघन्यतः समयावशेषायामनन्तानुबन्ध्युदयो भवति, तदुदये चासौ सम्यक्त्वं वमन् गुडवमनवन्मालपतनवद्वा सम्यक्त्वा-स्वादे जायमाने सास्वादनं सम्यक्त्वं भवति । उपशमस-म्यक्त्ववान् पतन् सन् यावदद्यापि मिथ्यात्वं न प्राप्तस्ताव-त्सास्वादनः ॥ १९ ॥ पञ्चविधत्वमाह—

**वेअगजुअ पंचविहं, तं तु दुपुञ्जक्खयंमि तइयस्स ।**
**खयकालिचरमसमए, सुद्धाणुअवेअगो होइ ॥ २० ॥**

व्याख्या— वेदकसम्यक्त्वयुतं तत्पञ्चविधं भवति । तत्कथं स्यात् ? इत्याह–‘ तद् ’ वेदकं तु मिथ्यात्वमिश्रलक्ष-णपुञ्जद्वयक्षये सति तृतीयस्य क्षयकालस्य चरमसमये शुद्धै-कक्षायोपशमिकपुद्गलवेदनाद्भवति । यथासूक्ष्मलोभखण्डवेद-

नात्सूक्ष्मसम्पराय इति ॥ २० ॥ उक्तसम्यक्त्वानां काल-
नियममाह—

**अंतमुहुत्तोवसमो, छावलि सासाण वेअगो समओ।**
**साहियतित्तीसायर, खइओ दुगुणो खओवसमो ॥२१॥**

व्याख्या—भावितार्थैव। नवरं, क्षायिकस्य त्रयस्त्रिंश-
त्सागरस्थितिः सर्वार्थसिद्धाद्यपेक्षया। क्षायोपशमिकस्य तु
द्वादशदेवलोके द्वाविंशतिसागरस्थितौ वारत्रयगमनापेक्षया
ज्ञेयम्, साधिकत्वं तु नरभवायुःप्रक्षेपात्, इति ॥ २१ ॥
एषु कतमत्सम्यक्त्वं कतिवारं प्राप्यते ? इत्याह—

**उक्कोसं सासायण उवसमिया हुंति पंच वाराओ।**
**वेयगखयगा इक्कसि, असंखवारा खओवसमो॥ २२ ॥**

व्याख्या—उत्कर्षत आसंसारं सास्वादनौपशमिकद-
र्शने पंचवारं भवतः। एकं तु प्रथमलाभे, चतुष्टयं तु श्रेण्य-
पेक्षम्। वेदकं क्षायिकं चैकश एकवारमेव। क्षायोपशमिकं
त्वसङ्ख्यवारं लभ्यत इति ॥ २२ ॥ कस्मिन् गुणस्थाने किं
सम्यक्त्वं स्यात् ? इत्याह—

**बीयगुणे सासाणो, तुरियाइसु अट्ठिगारचउचउसु।**
**उवसमगखयगवेयगखाओवसमा कमा हुंति ॥२३॥**

व्याख्या—मिथ्यात्वाद्ययोग्यन्तेषु १४ गुणस्थानेषु
सास्वादनं सम्यक्त्वम् द्वितीयगुणे स्वस्थानवर्त्तीत्यर्थः। तथा

औपशमिकादीनि, चत्वारि सम्यक्त्वानि ‘ तुर्यादिषु ’ इति अविरतादिषु अष्टसु उपशान्तमोहान्तेषु, एकादशसु अयोग्यन्तेषु, चतुर्षु चतुर्षु अप्रमत्तान्तेषु भवन्ति, एतत्सत्ताऽवाप्यत इत्यर्थः । कथं ? अविरताद्युपशान्तमोहपर्यन्तेषु अष्टसु गुणस्थानकेषु औपशमिकसम्यक्त्वमवाप्यते अविरताद्ययोग्यन्तेषु एकादशसु क्षायिकं सम्यक्त्वं प्राप्यते । अविरताद्यप्रमत्तान्तेषु चतुर्षु वेदकं क्षायोपशमिकमपि प्राप्यते, अतो वेदकक्षायोपशमिकयोरैक्यमेवार्थः । तथा च षडशीतिः—“ वेयगखयगउवसमे, चउरो एगार अट्ठतुरियाइ ” इति । वेदकक्षायोपशमिकयोश्चात्रैक्यमेव । बन्धस्वामित्वेऽपि यथा—“ ओघो वेयगसम्मे, अजयाइचउक्क खाइगे गेघो । अजयादजोगी जाव उ” इत्यादि ॥ २३ ॥ व्यवहारसम्यक्त्वभेदानाह—

**तस्सुद्धिलिंगं लक्खणदूसणभूसणपभावगागारा ।**
**सद्दहणजयणभावणठाणविणयगुरुगुणाईयं ॥ २४ ॥**

**वित्थारं तुह समया, सया सरंताण भव्वजीवाण ।**
**सामिय ! तुह प्पसाया, होउ संमत्तसंपत्ती ॥ २५ ॥**

व्याख्या—जिनजिनमतजिनमतस्थत्रयापरासारत्वचिन्तनमिति शुद्धयः ३ । शुश्रूषा १ धर्मराग २ वैयावृत्त्य ३ रूपाणि लिङ्गानि । शम १ संवेग २ निर्वेदा ३ नुकम्पा ४ स्तिक्यानि ५ लक्षणानि । तथा च योगशास्त्रे द्वितीयप्रकाशे प्रतिपादितं यथार्थविद्भिः श्रीहेमसूरिभिः—“ शमसंवेगनिर्वेदा-

नुकम्पास्तिक्यलक्षणैः । लक्षणैः पञ्चभिः सम्यक्, सम्यक्त्व-मुपलक्ष्यते ॥ १ ॥" शङ्का १ काङ्क्षा २ विचिकित्सा ३ मिथ्यादृक्प्रशंसा ४ तत्परिचयश्चेति ५ दूषणानि । स्थैर्य १ प्रभावना २ भक्तिः ३ कौशलं ४ तीर्थसेवा ५ चेति भूषणानि । पावयणी १ धम्मकही २ वाई ३ नेमित्तिओ ४ तवस्सी ५ य । विज्जा ६ सिद्धो ७ य कवी ८, अट्ठेव पभावगा भणिया ॥ १ ॥ इत्याद्यष्टौ प्रभावकाः । राजाभियोग १ गणाभियोग २ बलाभियोग ३ देवाभियोग ४ गुरुनिग्रह ५ संसारकंतारा ६ द्याः षडाकाराः ॥ तत्त्वज्ञानं १ तत्त्वज्ञातृसेवा २ व्यापन्न-दर्शनं ३ कुदर्शनवर्जनं ४ इति श्रद्धा । कुगुरुकुदेवानां वन्दन-दानालापसंलापागतस्वागतवर्जनलक्षणा यतना ५ । मूल १ द्वार २ नीप ३ निधान ४ आधार ५ भाजन ६ लक्षणाः षड् भावनाः । आत्मनः सत्त्वं १ शाश्वतत्वं २ कर्माष्टककर्त्तृत्वं ३ पुण्यपापानां भोक्ता ४ भव्यात्मनः सकलकर्मक्षयान्मोक्षः ५ शुक्लध्यानस्य पादचतुष्कसमाप्तौ सत्यां केवलावाप्तिः ६ इति षट्स्थानानि । अर्हत्सिद्धचैत्यश्रुतधर्मसाध्वाचार्योपाध्यायप्रव-चनदर्शनानां दशधा विनयः १० । गुरवो गुणा मोक्षप्राप्त्या-दयः ॥ इत्यादिकं विस्तारं श्रयतां भव्यजीवानां सम्यक्त्वा-वाप्तिर्भवतु इति हे स्वामिन् ! तव प्रसादात् । अन्यत् सुगमम् ॥ २४-२५ ॥

॥ समाप्तमिदं सावचूरिकं सम्यक्त्वस्तवप्रकरणम् ॥

# સમ્યક્ત્વસ્તવ પ્રકરણની ૨૫ ગાથાઓનો અર્થ.

સમકિતનું સ્વરૂપ જે પ્રમાણે શ્રી વીરજિનેંદ્રે પ્રરૂપ્યું છે તે પ્રમાણે કહેવાવડે તે જ જિનેશ્વરની સમ્યક્ત્વની શુદ્ધિ માટે હું સ્તવના કરું છું. ૧.

હે સ્વામી ! અનાદિઅનંત ચારગતિરૂપ ઘોર અટવીને વિષે મોહનીયાદિ આઠ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિના વિપાક ભોગવવા માટે જીવો ભમે છે. ૨.

પાલા તેમ જ ઉપળના દૃષ્ટાંતવડે કોઇ જીવ યથાપ્રવૃત્તિકરણવડે સાત કર્મની પલ્યોપમના અસંખ્યાતા ભાગે ન્યૂન કોટાકોટી સાગરોપમની સ્થિતિ કરે છે. ૩.

ત્યાં ઘન રાગદ્વેષના પરિણામરૂપ ગ્રંથિ હોય છે. તેને નહીં ભેદતો સતો ગ્રંથિક જીવ પણ હા ઇતિ ખેદે ! હે નાથ ! તમારા દર્શન( સમકિત )ને પામતો નથી. ૪.

પથિક અને કીડીના દૃષ્ટાંતે કોઇ પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય ભવ્ય જીવ જેનો અર્ધ પુદ્ગળપરાવર્ત પ્રમાણ શેષ સંસાર રહ્યો હોય તે અપૂર્વકરણરૂપ મુદ્ગરના પ્રહારવડે કર્યો છે દુષ્ટ ગ્રંથિનો ભેદ જેણે એવો વિશુદ્ધમાન થયો સતો અંતર્મુહૂર્ત્તમાં અનિવૃત્તિકરણને પામે છે. ૫–૬.

તે જીવ ત્યાં વૈરીના જયથી સુભટની જેમ મિથ્યાત્વરૂપ વૈરીના જયથી અપૂર્વ આનંદને પામે છે. તમારા પ્રસાદથી સામાન્યપણે સમકિતને પ્રાપ્ત કરે છે. ૭.

તે સમકિત એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર

પ્રકારે અને પાંચ પ્રકારે છે. તેમાં તમારા કહેલા તત્ત્વમાં રુચિરૂપ સમકિત એક પ્રકારનું છે. ૮.

દ્રવ્ય ને ભાવથી અને નિશ્ચયને વ્યવહારથી બે પ્રકારે છે અથવા નિસર્ગ ને ઉપદેશરૂપ પણ બે પ્રકારે તમારા વચનને જાણનારા મહાત્માઓએ કહેલું છે. ૯.

પરમાર્થને જાણ્યા વિના પણ તમારા વચનમાં જે તત્ત્વપણાની રુચિ તે દ્રવ્યસમકિત છે અને પરમાર્થને જાણવાથી થાય તે ભાવસમકિત છે. ૧૦.

જ્ઞાનાદિમય આત્માના શુભ પરિણામ તે નિશ્ચયસમકિત છે અને મિથ્યાદષ્ટિના પરિચયના ત્યાગ વિગેરે હેતુવડે થાય તે ઈતર વ્યવહારસમકિત કહેલું છે. ૧૧.

અહીં પુંજત્રયના સંબંધમાં જળ, વસ્ત્ર અને કોદરાના દષ્ટાંત છે અને પ્રસ્તુત પ્રસંગમાં માર્ગ ને જ્વરનું દષ્ટાંત છે. આવા દષ્ટાંતોવડે જેણે નિસર્ગ ને ઉપદેશવડે થતું સમકિત કહ્યું છે એવા આપને અમારો નમસ્કાર થાઓ ! ૧૨.

તમારા મતને જાણનારા પંડિતોએ કારક, રોચક ને દીપક એમ ત્રણ પ્રકારે સમકિત કહ્યું છે. તેમ જ ક્ષાયોપશમિક, ઔપશમિક ને ક્ષાયિક–એમ પણ ત્રણ પ્રકારે કહ્યું છે. ૧૩.

આપે જે પ્રકારે પ્રવૃત્તિ કરવાની કહી છે તે પ્રકારે પ્રવૃત્તિ કરનારનું સમકિત કારક કહેવાય છે. તમારા ધર્મમાં રુચિ માત્ર કરનાર તે રોચક સમકિત કહેવાય છે અને પોતે મિથ્યાદષ્ટિ છતાં ધર્મકથાદિવડે બીજા જીવોને જે પ્રકાશ પાડે છે તેને તમારા સિદ્ધાંતને જાણનારા મહાત્માઓ દીપક સમકિત કહે છે. ૧૪–૧૫.

પૂર્વે જેણે ત્રણ પુંજ કર્યા નથી એવો જીવ ઉદીર્ણ મિથ્યાત્વનો ક્ષય

કરે છે અને અનુદીર્ણને ઉપશમાવે છે તેને અનિવૃત્તિકરણથી આગળ શુદ્ધપુંજનો ઉદય સતે ક્ષાયોપશમિકસમકિત પ્રાપ્ત થાય છે. ૧૬.

હવે ઔપશમિકસમકિતનું સ્વરૂપ કહે છેઃ-નથી કર્યા ત્રણ પુંજ જેણે એવો જીવ ઉષરક્ષેત્રને અથવા દગ્ધેંધનવાળા સ્થાનને પામીને જેમ દાવાનળ ઉપશમી જાય છે તેમ અંતરકરણને વિષે ઉપશમ સમકિત પામે છે અથવા ઉપશમશ્રેણિગત જીવ ઉપશમ સમકિત પામે છે. ૧૭.

મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિના ક્ષયથી જીવ ક્ષાયિકસમકિત પામે છે. તે જો પૂર્વબદ્ધાયુ હોય તો ત્રીજે કે ચોથે ભવે મોક્ષે જાય છે. અર્થાત્ નરક કે દેવગતિનું આયુષ્ય બાંધ્યું હોય તો ત્રીજે ભવે મોક્ષે જાય છે અને જો મનુષ્ય કે તિર્યંચ-યુગલકનું આયુષ્ય બાંધ્યું હોય તો ચોથે ભવે મોક્ષે જાય છે. તેથી ઈતર જેણે પૂર્વે આયુ ન બાંધ્યું હોય તે તે ભવે જ મોક્ષે જાય છે. ૧૮.

હવે ચાર પ્રકારનું સમકિત કહે છે-

પૂર્વોક્ત ત્રણ પ્રકારમાં સાસ્વાદન ભળવાથી સમકિતના ચાર પ્રકાર થાય છે, તે ગોળ વિગેરે મિષ્ટ પદાર્થના વમનના તેમજ માળ ઉપરથી પડતાના દૃષ્ટાંતે ઉપશમથી પડતો અને મિથ્યાત્વને નહીં પામતો એવો જીવ સાસ્વાદન સમકિતને પામે છે. ૧૯.

હવે સમકિતના પાંચ પ્રકાર કહે છે-

વેદકસમકિતને ભેળવતાં ઉપરના ચાર પ્રકાર પાંચ પ્રકારને પામે છે. તે મિથ્યાત્વમોહની ને મિશ્રમોહનીને ખપાવી સમકિતમોહનીને ખપાવતો છેલ્લા અણુને ખપાવે ત્યારે સમકિતના શુદ્ધ અણુને વેદતો સતો વેદક પામે છે. ૨૦.

હવે ઉક્ત પાંચે પ્રકારના સમકિતના કાળનું પ્રમાણ કહે છે-

ઉપશમસમકિતની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે, સાસ્વાદન છ આવલિ પ્રમાણ હોય છે, વેદક એક સમય પ્રમાણ સ્થિતિવાળું છે, સાધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ ક્ષાયિક સમકિતની છે અને તેથી બમણી એટલે છાસઠ સાગરોપમની સ્થિતિ ક્ષયોપશમ સમકિતની છે. ૨૧.

હવે કયું સમકિત જીવ કેટલીવાર પામે તે કહે છે–

સાસ્વાદન ને ઉપશમ સમકિત ઉત્કૃષ્ટ પાંચ વાર પામે છે. વેદક ને ક્ષાયિક એક જ વાર પામે છે અને ક્ષાયોપશમિક સમકિત આખી ભવશ્રેણિમાં અસંખ્યવાર પામે છે. ૨૨.

હવે કયે ગુણઠાણે કયું સમકિત હોય તે કહે છે–

સાસ્વાદન સમકિત તે જ નામના બીજા ગુણઠાણે હોય છે. ચોથાથી અગ્યારમા સુધી આઠ ગુણઠાણે ઉપશમ સમકિત હોય છે અને ચોથાથી ચૌદમા સુધી ૧૧ ગુણઠાણે ક્ષાયિક સમકિત હોય છે. અને વેદક ને ક્ષાયોપશમિક ચોથાથી સાતમા સુધી ચાર ગુણઠાણે હોય છે. ૨૩.

હવે વ્યવહાર સમકિતના ૬૭ પ્રકાર કહે છે–

ત્રણ શુદ્ધિ, ત્રણ લિંગ, પાંચ લક્ષણ, પાંચ દૂષણ, પાંચ ભૂષણ, આઠ પ્રભાવક, છ આગાર, ચાર સદ્દહણા, છ જયણા, છ ભાવના, છ સ્થાન ને દશ પ્રકારનો વિનય. એમ ઉત્તમ ગુણરૂપ ૬૭ ભેદનો વિસ્તાર તમારા સિદ્ધાંતોથી જાણતા અને તેને વારંવાર સંભારતા ભવ્ય જીવો હે સ્વામી ! તમારા પ્રસાદથી સમકિતની પ્રાપ્તિને પામો.

ઇતિ સમ્યક્ત્વ સ્તવાર્થ સંપૂર્ણ.

॥ महोपाध्याय श्री मुनिविजयगणिगुरुभ्यो नमः ॥

# ॥ श्री जीवाभिगम संग्रहणी प्रकरणम् ॥

लद्धजयलच्छिसारो, विसमत्थनिवारणो महासत्तो ।
समइक्कसुसंतोसो, जयइ जिणिंदो महावीरो ॥ १ ॥

**અર્થ**—જયલક્ષ્મી( મોક્ષલક્ષ્મી )ના સારને પામેલા, વિષમાર્થને નિવારવામાં મહાસત્ત્વવાળા અને પ્રત્યેક સમયે ત્રણે કાળના સર્વ ભાવને જાણતા હોવાથી થયો છે પરમ સંતોષ જેમને એવા **મહાવીર જિનેંદ્ર** જયવંતા વર્તે છે. ( ૧ ).

जीवाभिगमोवंगे, नव पडिवत्तीउ हुंति जीवाणं ।
तासिं किंपि सरूवं, निअबोहत्थं परूवेमि ॥ २ ॥

**અર્થ**—જીવાભિગમ નામના ઉપાંગમાં જીવને અંગે નવ પ્રતિપત્તિઓ કહેલી છે. તેનું કાંઈક સ્વરૂપ મારા પોતાના બોધને માટે પ્રરૂપું છું-કહું છું. ( ૨ ).

आइमपडिवत्तीए, दुविहा जीवा समासओ भणिआ ।
पढमा थावररूवा, तसा य इयरे विणिद्दिट्ठा ॥ ३ ॥

પહેલી પ્રતિપત્તિમાં સંક્ષેપથી જીવના બે પ્રકાર કહ્યા છે. પહેલો પ્રકાર સ્થાવરરૂપ અને બીજો પ્રકાર ત્રસરૂપ કહ્યો છે. ( ૩ ).

पुढवीआउवणस्सइ–काया थावरजिआ तिहा हुंति ।
अन्ने वि तिहा नेआ, तेउ वाऊ उरालतसा ॥ ४ ॥

અર્થ—પૃથ્વી, પાણી ને વનસ્પતિકાય–એમ સ્થાવરજીવો ત્રણ પ્રકારના છે અને અન્ય ત્રસ પણ તેઉ, વાયુ અને ઉદાર-ત્રસ એમ ત્રણ પ્રકારના કહ્યા છે. ( ૪ ).

जीवाण सुहुमबायर–पमुहपयाराणमेसि छण्हं पि ।
तेवीसदारगाहा–दुगेण तत्तं विंचितेमि ॥ ५ ॥

અર્થ—એ છએ પ્રકારના જીવોના સૂક્ષ્મ ને બાદર પ્રમુખ પ્રકારો છે. તે ત્રેવીશ દ્વારોવડે કહેવાના છે. તે દ્વારોનાં નામ બે ગાથાવડે હું ચિંતવું છું.–કહું છું. ( ૫ ).

सरीरोगाहण संघयणं संठाणकसाय हुंति तहय सन्नाओ ।
लेसिंदियसंघाए, सण्णी वेए अ पज्जत्ती ॥ ६ ॥

दिट्ठी दंसणनाणे, जोगुवओगे तहा किमाहारे ।
उववाय ठिई समुग्घाय–चवण गइरागई चेव ॥ ७ ॥

અર્થ—શરીર ૧, અવગાહના ૨, સંઘયણ ૩, સંસ્થાન ૪, કષાય ૫, સંજ્ઞા ૬, લેશ્યા ૭, ઈંદ્રિય ૮, સંઘાત ( સમુદ્ઘાત ) ૯, સંજ્ઞી ૧૦, વેદ ૧૧, અને પર્યાપ્તિ ૧૨, દૃષ્ટિ ૧૩, દર્શન ૧૪, જ્ઞાન ૧૫, યોગ ૧૬, ઉપયોગ ૧૭ તથા કિમાહાર ૧૮, ઉપપાત ૧૯, સ્થિતિ ( આયુ ) ૨૧, સમુદ્ઘાતવડે ચ્યવન ૨૨, ગતિ અને આગતિ ૨૩. ( ૬–૭ ).

---

૧. તેઉ ને વાયુ ગતિત્રસ છે અને બીજા બેઇંદ્રિયાદિ ત્રસો ઉદાર-ત્રસ એટલે ત્રસભાવની પૂર્ણતાવાળા છે.

उरालतेयकम्मण-कायतिगं सुहुमपुढविजीवाणं ।
ओगाहणा जहन्नु-कोसा अंगुलअसंखंसो ॥ ८ ॥

**અર્થ**—સૂક્ષ્મ પૃથ્વીકાય જીવોને ઔદારિક, તૈજસ ને કાર્મણ-એ ત્રણ શરીર હોય છે, અને જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની હોય છે. ( ૮ ).

संघयणं छेवट्ठं, संठाणमसूरचंदयं हुंडं ।
कोहमयमायलोहा, हवंति सन्नाचउक्कं च ॥ ९ ॥

**અર્થ**—સંઘયણ છેવઠું અને સંસ્થાન મસૂરદાળ ને ચંદ્રના આકારવાળું હુંડ નામનું છે. ક્રોધ, માન, માયા ને લોભ એ ચારે કષાય હોય છે અને આહાર, ભય, મૈથુન ને પરિગ્રહ-એ ચારે સંજ્ઞાઓ હોય છે. ( ૯ ).

काऊ नीला किण्हा, लेसा एगमिंदियं फासो ।
वेअणकसायमरणंतिओ य तिन्नि अ समुग्घाया ॥१०॥

**અર્થ**—કૃષ્ણ, નીલ ને કાપોત-એ ત્રણ લેશ્યાઓ હોય છે, એક સ્પર્શેંદ્રિય હોય છે. વેદના, કષાય અને મરણાંતિક એ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. ( ૧૦ ).

असन्निणो नपुंसग, अपजत्ता तह य हुंति पज्जत्ता ।
आहारसरीरिंदिय-आणापाणूहिं मिच्छत्ती ॥ ११ ॥

**અર્થ**—તે પૃથ્વીકાય અસંજ્ઞી હોય છે, નપુંસકવેદી હોય છે, અપર્યાપ્ત ને પર્યાપ્ત બન્ને પ્રકારના હોય છે. તેને પર્યાપ્તિ આહાર, શરીર, ઇંદ્રિય ને શ્વાસોશ્વાસ એ ચાર હોય છે. તેમ જ મિથ્યાત્વી હોય છે. ( ૧૧ ).

दंसणमचक्खुमेसिं, मइसुअअन्नाणसंजुआ हुंति ।
तणुजोगो उवओगो, सागारो तह अणागारो ॥ १२ ॥

અર્થ—અચક્ષુદર્શન હોય છે, મતિશ્રુત અજ્ઞાનવાળા હોય છે, કાયયોગી હોય છે અને સાકાર તેમ જ નિરાકાર ઉપયોગવાળા હોય છે. ( ૧૨ ).

दव्वं खित्तं कालं, भावं च पडुच्च एसिमाहारो ।
उववाओ तिरिमणुआ, अपजत्तपजत्तसंखाउ ॥ १३ ॥

અર્થ—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવને આશ્રયીને તેમને આહાર હોય છે અને તેનો ઉપપાત ( ઉપજવું ) પર્યાપ્તા ને અપર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય ને તિર્યંચમાં હોય છે. ( ૧૩ ).

उक्कोस जहन्नेणं, अंतमुहुत्तं च आउअं होइ ।
मरणसमुग्घाएणं मरंति ते अन्नहा वावि ॥ १४ ॥

અર્થ—ઉત્કૃષ્ટ ને જઘન્ય-બન્ને પ્રકારે અંતર્મુહૂર્તના આયુષ્યવાળા હોય છે અને મરણ સમુદ્ઘાતવડે તે મરે છે; તેમ જ અન્યથા પણ મરે છે. ( ૧૪ ).

उव्वट्टिऊण गच्छंति, तिरिअमणुएसु चेव दोगइआ ।
दोआगइ अ परित्ता, लोगागासप्पएससमा ॥१५॥

અર્થ—તેમાંથી નીકળેલા મનુષ્ય ને તિર્યંચ-બે ગતિમાં જ જાય છે. આગતિ પણ તે બેની જ છે, પ્રત્યેક શરીરી છે, અને તે સંખ્યાથી લોકાકાશના પ્રદેશ જેટલા છે. ( ૧૫ ).

दुविहा बायरपुढवी, सण्हा य खरा य सत्तहा सण्हा ।
पंडुमिद्पणगमट्टिअ-संजुअ सेआई पणवन्ना ॥ १६ ॥

અર્થ—હવે બાદર પૃથ્વીકાયને આશ્રયીને ૨૩ દ્વાર કહે છે. બાદર પૃથ્વી શ્લક્ષ્ણ (મૃદુ) ને ખર (કઠિન) એમ બે પ્રકારની છે. મૃદુ પૃથ્વી સાત પ્રકારની છે. પાંડુર (ઉજ્જવળ) મૃત્તિકા, પણગ મૃત્તિકા અને શ્વેતાદિ પાંચ વર્ણની (શ્વેત, કૃષ્ણ, નીલ, લોહિત અને પીત) એમ ૭ પ્રકારની હોય છે. (૧૬).

पुढवी अ सक्करा वालुआ य, उवले सिला य लोणूसे ।
अयतंबतउअसीसग-रुप्पसुवण्णे अ वइरे अ ॥ १७ ॥

हरिआले हिंगुलए, मणोसिला सासगंजणपवाले ।
अब्भपडलब्भवालुअ, बायरकाए मणिविहाणा ॥ १८ ॥

અર્થ—ખર પૃથ્વી આ પ્રમાણે-પૃથ્વી (શુદ્ધ પૃથ્વી), શર્કરા (કાંકરા), વાળુકા (રેતી), ઉપલ (પથ્થર) ને શિલા તથા લૂણ ને ઓસ (ખારો) તથા લોઢું, તાંબુ, કલઈ, સીસું, રૂપું, સુવર્ણ ને વજ્ર તથા હડતાળ, હિંગુળ, મણશીલ, પારો, અંજન (સોયરા આદિ), પરવાળા, અબરખના પટલ, અભ્ર-વાલુકા (અભ્રપટલવડે મિશ્ર વાલુકા) અને અનેક પ્રકારના મણિ બાદર પૃથ્વીકાયરૂપ છે. (૧૭-૧૮).

गोमेज्जए अ रुअय, अंके फलिहे अ लोहिअक्खे अ ।
मरगयमसारगल्ले, भुअमोअग इंदनीले अ ॥ १९ ॥

चंदणगेरुअहंसे, पुलए सोगंधिए अ बोधवे ।
चंदप्पभवेरुलिए, जलकंते सूरकंते अ ॥ २० ॥

**અર્થ**—મણિના નામો કહે છે–ગોમેદક, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક ને ઈંદ્રનીલ, ચંદન, ગેરુક, હંસ ( હંસગર્ભ ), પુલક, સૌગંધિક ચંદ્રપ્રભ ( ચંદ્રકાંત ), વૈડુર્ય, જળકાંત ને સૂર્યકાંત. ( ૧૯–૨૦ ).

**एवं चत्तालीसं, खरभूमेआ पवन्निआ सुत्ते ।**
**अन्ने वि तप्पयारा, बोधव्वा पउमरागाई ॥ २१ ॥**

**અર્થ**—એ પ્રમાણે ચાળીશ ભેદ ખર પૃથ્વીના સૂત્રમાં કહ્યા છે. બીજા પણ તે પ્રકારના પદ્મરાગાદિ ભેદો જાણવા. ( ૨૧ ).

**देहाइदारचिंता, सण्हखरासुं तहेव कायव्वा ।**
**नवरं तेऊलेसा–सहिआ अपजत्तवत्थाए ॥ २२ ॥**

**અર્થ**—દેહાદિ દ્વારનો વિચાર મૃદુ ને ખર પૃથ્વીનો સૂક્ષ્મ પૃથ્વીકાય પ્રમાણે જ કરવો ( સમજવો ). એમાં એટલું વિશેષ કે–બાદર પૃથ્વીને અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા પણ હોય છે ( કારણ કે દેવો પણ તેજોલેશ્યા સાથે તેમાં ઉપજે છે. ) ( ૨૨ ).

**लोगस्स मज्झइ च्चिअ, हवंति ते तेण छद्दिसाहारो ।**
**ईसाणंतसुराणं, उववाओ होइ एएसु ॥ २३ ॥**

**અર્થ**—બાદર પૃથ્વી લોકના મધ્યમાં હોવાથી તેને છએ દિશાનો આહાર હોય છે, અને ઇશાનદેવલોક પર્યંતના દેવો પણ તેમાં ઉપજે છે. ( ૨૩ ).

**अंतमुहुत्त जहन्नं, परमाउं वाससहस्स बावीसा ।**
**तागइआ दोगइआ, परित्तजीवा असंखा य ॥ २४ ॥**

**અર્થ**—બાદર પૃથ્વીકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્ત ને

ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષનું છે. તેને ત્રણમાંથી આગતિ[1] ને બેમાં ગતિ જાણવી. તે પ્રત્યેક શરીરી છે ને અસંખ્યાત છે. ( ૨૪ ).

सुहूमाउक्कायजिआ, देहाईहिं तु सुहुमपुढविसमा ।
नवरं थिबुगागारा, परित्तरूवा असंखिज्जा ॥ २५ ॥

**અર્થ**—સૂક્ષ્મ અપ્કાય જીવો દેહાદિવડે સૂક્ષ્મ પૃથ્વીકાય જેવા જ છે. વિશેષ એ કે તેનું સંસ્થાન સ્તિબુકાકાર છે અને પ્રત્યેક શરીરી છે તેમજ અસંખ્યાતા છે. ( ૨૫ ).

ओसा हिमए महिआ, करगे हरतणु तहेव सुद्धदए ।
सीओदए अ खारो-दए अ घट्टोदए चेव ॥ २६ ॥

अंबिलुदए अ वारु-णुदए अ लवणोदए अ खीरुदए ।
खोतोदए च एवं, बायरआऊ बहु विहाणा ॥ २७ ॥

**અર્થ**—ઝાકળ, બરફ, કરા, ધુંવાડનું પાણી, વનસ્પતિની અણી ઉપરનું પાણી, શુદ્ધોદક, શીતોદક, ક્ષારોદક, ઘનોદધિ, અંબીલોદક ( ઘણું ખાટું પાણી ), વારુણી ( મદિરા ) ઉદક, લવણોદક, ક્ષીરોદક અને ક્ષોદોદક ( શેરડીના રસ જેવું પાણી ) વિગેરે બાદર અપ્કાયના ભેદો જાણવા. (૨૬–૨૭. ).

अपजत्ता पजत्ता, अपजत्ता वन्निआ असंपत्ता ।
ए वक्कमंति असंखा, पजत्तगनिस्सिआ बहुसो ॥ २८ ॥

**અર્થ**—તે પર્યાપ્તા ને અપર્યાપ્તા બે પ્રકારના છે. તેમાં અપર્યાપ્તા પર્યાપ્તિ પૂરી કર્યા પહેલાં જ ચ્યવી જાય છે અને તે પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતગુણા ઉપજે છે. ( ૨૮ ).

---

૧. મનુષ્ય, તિર્યંચ ને દેવગતિ એ ત્રણ ગતિમાંથી તેમાં આવે ને તે મનુષ્ય તેમજ તિર્યંચ બે ગતિમાં જાય.

वाससहस्सा सत्त य, उक्कोसाउं जहन्नमंतमुहू ।
थिबुगागिइणो सेसं, बायरपुढवि व्व बोधव्वं ॥ २९ ॥

અર્થ—તેનું આયુષ્ય ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષનું ને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું છે. તે સ્તિબુકઆકારના સંસ્થાનવાળા છે. બીજું બધું બાદર પૃથ્વીકાય પ્રમાણે જાણવું. ( ૨૯ ).

सुहुमस्स वणस्सइणो, जिआ अणित्थत्थसंठिआ हुंति ।
देहाइणा सुहुमभू–सरिसा अपरित्तयाऽणंता ॥ ३० ॥

અર્થ—સૂક્ષ્મ વનસ્પતિકાયના જીવો અનિયત સંસ્થાનવાળા છે. તે દેહાદિવડે સૂક્ષ્મ પૃથ્વીકાય તુલ્ય છે, પરંતુ અપરિત્તા ( પ્રત્યેક શરીર વિનાના[1] ) અને અનંતા છે. ( ૩૦ ).

पत्तेआ तह साहारणा य, बायरवणस्सई दुविहा ।
पढमा दुवालसविहा, नेआ एएहिं नामेहिं ॥ ३१ ॥

અર્થ—બાદર વનસ્પતિકાય પ્રત્યેક ને સાધારણ એમ બે પ્રકારના છે, તેમાં પ્રત્યેક આ પ્રમાણે બાર પ્રકારના છે. ( ૩૧ ).

रुक्खा गुच्छा गुम्मा, लया य वल्ली अ पव्वगा चेव ।
तणवलयहरितओसहि–जलरुहकुहणा य बोधव्वा ॥३२॥

અર્થ—૧. વૃક્ષ, ૨. ગુચ્છ, ૩. ગુલ્મ, ૪. લતા, ૫. વલ્લી, ૬. પર્વગા ( વચ્ચે ગાંઠવાળા ), ૭. તૃણ, ૮. વલય, ૯. હરિત, ૧૦. ઔષધિ ( ધાન્યાદિ ), ૧૧. જળરૂહ અને ૧૨. કુહણા. (૩૨)

एगट्ठिअ अणेगट्ठिआ य, दुविहा हवंति किर रुक्खा ।
पन्नवणोवंगाओ, सेसविआरो अ बोधव्वो ॥ ३३ ॥

---

૧. એક શરીરમાં અનંતા જીવો છે તેથી

**અર્થ**—તેમાં વૃક્ષ એક અસ્થિ( બીજ )વાળા અને અનેક અસ્થિ( બીજ )વાળા એમ બે પ્રકારના છે. પ્રજ્ઞાપનાઉપાંગથી તે સંબંધી વિશેષ વિચાર જાણી લેવો. ( ૩૩ ).

**जह वा तिलसक्कुलिआ, बहुएहिं तिलेहिं संगया संती।**
**पत्तेअसरीराणं, तह हुंति सरीरसंघाया ॥ ३४ ॥**

**અર્થ**—જેમ તલસાંકળી બહુ તલવાળી હોય છે, તેમ પ્રત્યેક વનસ્પતિ પણ જુદા જુદા શરીરવાળા-જુદા જુદા જીવોના સમૂહરૂપ જાણવી. ( ૩૪ ).

**जह सगल सरिसवाणं, सिलेसमिस्साण वट्टिआवट्टी।**
**पत्तेअसरीराणं, तह हुंति सरीरसंघाया ॥ ३५ ॥**

**અર્થ**—જેમ અનેક સરસવોની કોઇ ચીકણા પદાર્થવડે એક વાટ બનાવી હોય તેમાં દરેક સરસવ જુદા જુદા હોય છે તેમ પ્રત્યેક વનસ્પતિકાય જીવો જુદા જુદા શરીરના સમૂહવાળા જાણવા. (૩૫).

**आलुए मूलए सिंग-बेरे सिस्सिरिला तहा।**
**किट्टिआ छीरिलिआ हिरिलि सिरलि छीरबिरालिआ॥३६॥**

**सूरणकंदो खल्लूड, कण्हकंदो अ वयरकंदो अ।**
**लोहीअ भद्द मुत्था-पिंड हरिद्दा णुहीथिभुओ ॥ ३७ ॥**

**हयकण्णी हरिकण्णी, अवगो पणगो सिउंढि उ मुसंढी।**
**सेवालो वि अ एवं, बायरसाहारणा बहूहा ॥ ३८ ॥**

**અર્થ**—સાધારણ વનસ્પતિકાયના ભેદ કહે છેઃ—આલુકંદ, મૂલક ( મૂળાના કાંદા ), શૃંગવેર ( આદુ ), સીસ્સીરીલી, કીટ્ટીકા, ક્ષીરિકા, હિરિલિ, સિરલી અને ક્ષીરવિરાલિકા, સૂરણકંદ, ખલ્લુડ ( ખીલોડા ), કૃષ્ણકંદ, વજ્રકંદ, લોહિતકંદ, ભદ્રકંદ,

મુસ્તાપિંડ ( મોથ ), હરિદ્રા ( હળદર ), સ્નુહી(થોર), સ્તિભુકા, અશ્વકર્ણી ( અશ્વકર્ણી ), હરિકર્ણી ( સિંહકર્ણી ), અવક, પનક ( પાંચ વર્ણની લીલફૂલ ), સીકુંઢી, મુસંઢી, સેવાલ—આ પ્રમાણે બાદરસાધારણ વનસ્પતિના અનેક પ્રકાર છે. ( ૩૬–૩૭–૩૮ ).

उभए वि हुंति दुविहा, अपजत्ता तह य चेव पज्जत्ता ।
पज्जत्तनिस्सिआ सिअ, संखअसंखा अणंता य ॥ ३९ ॥

અર્થ—પ્રત્યેક ને સાધારણ વનસ્પતિ જીવો બન્ને અપર્યાપ્ત ને પર્યાપ્ત એમ બે પ્રકારના છે. તેમાં પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા કેટલાક સંખ્યાતા, કેટલાક અસંખ્યાતા ને કેટલાક અનંતા હોય છે. ( ૩૯ ).

बायरपुढविसमाणं, देहाइदुवारचिंतण नेअं ।
नवरं नाणासंठाण–संठिआ हुंति दुविहा वि ॥ ४० ॥

અર્થ—બાદર પૃથ્વીકાય પ્રમાણે દેહાદિ દ્વારો જાણવા. તેમાં વિશેષ એ કે બન્ને પ્રકારના વનસ્પતિકાય અનેક પ્રકારના સંસ્થાનસંસ્થિત હોય છે. ( ૪૦ ).

पत्तेअवणसरीरं, समहिअजोअणसहस्सपरिमाणं ।
गोतित्थाइसु नेअं, पउमाई पुढविपरिमाणं ॥ ४१ ॥

અર્થ—પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર ઉત્કૃષ્ટ એક હજાર યોજન સાધિક છે. તે સમુદ્રમાં રહેલા ગોતીર્થાદિકમાં ( ઊગેલા પદ્માદિકનું ) જાણવું, કે જ્યાં જળથી પૃથ્વીનું પરિમાણ એક હજાર યોજન ઉત્સેધાંગુલે ઊંડું હોય. ( ૪૧ ).

दसवाससहस्साणि अ, ठिईओ उक्कोसओ पवत्तवा ।
अंतमुहुत्त जहन्ना, दोगईआ तह तिआगइआ ॥ ४२ ॥

**અર્થ**—તેની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ હજાર વર્ષની કહેવી. જઘન્ય અંતર્મુહૂર્ત્તની જાણવી. તેની બેમાં ગતિ ને ત્રણમાંથી આગતિ જાણવી. એટલે તે મનુષ્ય ને તિર્યંચ ગતિમાં જાય છે અને દેવ, મનુષ્ય ને તિર્યંચ ગતિમાંથી તેમાં આવે છે. ( ૪૨ ).

**पत्तेआ अस्संखा, जीवा साहारणा अणंता य ।**
**वणस्सइकाओ भणिओ, थावरकाया गया एवं ॥ ४३ ॥**

**અર્થ**—પ્રત્યેક વનસ્પતિકાય જીવો અસંખ્યાતા છે અને સાધારણ વનસ્પતિકાય જીવો અનંતા છે. આ પ્રમાણે વનસ્પતિ-કાય જીવોનું સ્વરૂપ કહ્યું. તેમ જ ત્રણ પ્રકારના સ્થાવર જીવોનું પણ કહ્યું. ( ૪૩ ).

**तह तस जीवा तिविहा, तेऊ वाऊ तहा उरालतसा ।**
**तेउक्काया सुहुमा, बायररूवा दुहा हुंति ॥ ४४ ॥**

**અર્થ**—હવે ત્રસજીવો ત્રણ પ્રકારના છે. તેઉ, વાઉ ને ઉદારત્રસ. તેમાં તેઉકાય જીવો સૂક્ષ્મ ને બાદર એમ બે પ્રકારના છે. (૪૪).

**जह सुहुमपुढविजीवा, तह नेआ सुहुमतेउकायजिआ ।**
**सूईकलावसंठाण-संठिआ हुंति ते नवरं ॥ ४५ ॥**

**અર્થ**—જેવા સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો છે તેવા જ સૂક્ષ્મ તેઉકાય જીવો સમજવા. તેમાં એટલું વિશેષ કે તેઉકાય જીવો સોયના સમૂહના સંસ્થાનસંસ્થિત જાણવા. ( ૪૫ ).

**तिरिएसु णंतरुव्वट्टिऊण गच्छंति तेणिगगईआ ।**
**माणुसतिरिअगईओ, उविंति तेउ अ दुआगईआ ॥४६॥**

અર્થ—તેઉકાયમાંથી નીકળીને તે જીવો અનંતર તિર્યંચ ગતિમાં જ ઉપજે છે, તેથી તે એક ગતિવાળા છે અને તેમાં તિર્યંચ ને મનુષ્ય આવે છે તેથી આગતિ બેની છે. ( ૪૬ ).

पतेअ असंखिज्जा, पन्नत्ता सुहुमतेउकायजीआ ।
बायरतेउकाया, जिणपन्नत्ता अणेगविहा ॥ ४७ ॥

અર્થ—સૂક્ષ્મ તેઉકાય જીવો પ્રત્યેક છે અને અસંખ્યાતા કહ્યા છે. બાદર તેઉકાય જીવો જિનેશ્વરે અનેક પ્રકારના કહ્યા છે. ( ૪૭ ).

इंगाल अलाए मुम्मुर च्चि–जालुक्कविज्जुसुद्धगणी ।
असणी तह निग्घाए, संघरिससमुट्ठिए चेव ॥ ४८ ॥
रविकंतरयणनिस्सिअ–पमुहा पज्जत्त तह अपज्जत्ता ।
पज्जत्तगनिस्साए वक्कमंति असंख अपज्जत्ता ॥ ४९ ॥

અર્થ—ઇંગારા, અલાત, મુર્મુર, અર્ચિજવાલા, ઉલ્કા, વિદ્યુત, શુદ્ધઅગ્નિ, વજ્રનો અગ્નિ અને નિર્ઘાત( પ્રહાર )થી અને સંઘર્ષણથી ( કાષ્ઠાદિ ઘસાવાથી ) ઉઠેલો અગ્નિ અને સૂર્યકાંત રત્નથી ઉપજેલા એવા અનેક ભેદો છે. તે પર્યાપ્તા અને અપર્યાપ્તા બે પ્રકારના છે. અને પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. ( ૪૮–૪૯ ).

सुहुमग्गि समा णवरं, अंतमुहुत्तं ठिई जहण्णेणं ।
उक्कोसं तिण्णि दिणा, बायरपुढविव्व आहारो ॥ ५० ॥

અર્થ—સૂક્ષ્મ અગ્નિકાય પ્રમાણે બીજા દ્વારો છે, એટલું વિશેષ કે તેની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્ત્તની છે અને ઉત્કૃષ્ટ ત્રણ દિવસની છે. બાદર પૃથ્વીકાય પ્રમાણે છ દિશાના આહારવાળા છે. ( ૫૦ ).

**वाउकाइअ सुहुमा, जह तेउ नवरि तेसि संठाणं ।**
**होइ पडागागारं, अह बायरवाउकायजिआ ॥ ५१ ॥**

**અર્થ**—સૂક્ષ્મ વાયુકાય પણ તેઉકાય પ્રમાણે જ છે, પરંતુ તેનું સંસ્થાન પતાકાને આકારે છે. હવે બાદર વાયુકાય સંબંધી કહે છે. ( ૫૧ ).

**पाईणाई दस दिसि, वाया उब्भामगा उ उक्कलिआ ।**
**मंडलिअगुंजवाए, संवट्टे झंझवाए अ ॥ ५२ ॥**

**घणतणुवाए सुद्धे, पज्जत्ताई अ होइ पुव्वं व ।**
**ओरालिअ वेउव्विअ-तेजसकम्मणतणू चउरो ॥ ५३ ॥**

**અર્થ**—પૂર્વાદિ દસ દિશાના વાયુ હોય છે, ઉદ્ભ્રામક, ઉત્કલિક, મંડળીક, ગુંજાવાત, સંવર્તવાયુ, ઝંઝાવાત અને ઘનવાત ને તનુવાત તેમ જ શુદ્ધવાત તે વાયુકાયના ભેદો છે. તે પર્યાપ્તા વિગેરે પૂર્વે કહ્યા પ્રમાણે છે. તેને શરીર ઔદારિક, વૈક્રિય, તૈજસ ને કાર્મણ એ ચાર હોય છે. ( ૫૨-૫૩ ).

**चउ वेउव्विअ वेअण, कसाय मरणंतिया समुग्घाया ।**
**वाससहस्सा तिन्नि अ, ठिई जहन्ना य अंतमुहू ॥ ५४ ॥**

**અર્થ**—તેને વૈક્રિય, વેદના, કષાય અને મારણાંતિક એમ ચાર સમુદ્ઘાત હોય છે. તેની સ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષની અને જઘન્ય અંતર્મુહૂર્તની છે. ( ૫૪ ).

**निव्वाघायाहारो, छद्दिसि वाघाइ तिचउपंचदिसिं ।**
**सेसद्दारा सव्वे, विन्नेआ सुहुमवाउव्व ॥ ५५ ॥**

**અર્થ**—નિર્વ્યાઘાત સ્થાને રહેલા વાયુને છ દિશાનો આહાર હોય છે અને વ્યાઘાતવાળા સ્થાને ત્રણ, ચાર ને પાંચ દિશાનો હોય છે. ( અહીં વ્યાઘાત અલોકનો સમજવો ) ( ૫૫ )

**ओरालतसा चउहा, बितिचउपंचिंदिआ य बोधव्वा ।**
**बेइंदिया य भणिआ, अणेगहा एहिं नामेहिं ॥ ५६ ॥**

**અર્થ**—હવે ઉદાર ત્રસનું સ્વરૂપ કહે છે–તે બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય ને પંચિંદ્રિય એમ ચાર પ્રકારના જાણવા. તેમાં બેઇંદ્રિય આગળ કહેશું એવા અનેક નામના જાણવા. ( ૫૬ ).

**गंडोल पुलाकिमिआ, कुच्छिकिमिआ तहेव गोलोमा ।**
**सोमंगलगा नेउर–वंसीमुह चेव सुइमुहा ॥ ५७ ॥**

**घुल्ला खुल्ला संखा, संखणगा सुत्तिआ वराडा य ।**
**माइवह सुत्तिसंपुट–चंदणग समुद्दलिक्खा य ॥ ५८ ॥**

**અર્થ**—ગંડોલા, પુલા( ગુદા )ના કૃમીયા, કુક્ષિ( ઉદર )માં ઉત્પન્ન થતા કૃમીયા, ગોલોમા, નેઉર, સોમંગલક, વંશીમુખ, શુચિમુખ, ઘુલ્લા (ઘુલિકા), ખુલ્લા (લઘુ), શંખ, શંખનકા, શુક્તિકા ( છીપ ) અને વરાટકા ( કોડા ), માતૃવાહ (ચુડેલ), શુક્તિસંપુટ, ચંદનક ( અક્ષ ) અને સમુદ્રલિક્ષા વિગેરે જાણવા. ( ૫૭–૫૮ ).

**पज्जत्ता अपजत्ता, ओरालिअतेअकम्मणकाया ।**
**ओगाहणा य बारस, जोअण अंगुल असंखंसो ॥ ५९ ॥**

**અર્થ**—તે પર્યાપ્તા ને અપર્યાપ્તા બે પ્રકારના હોય છે. તેને ઔદારિક, તૈજસ ને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. તેની અવગાહના ઉત્કૃષ્ટ બાર યોજનની ને જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની છે. ( ૫૯ ).

**छेवट्ठं संघयणं, तेहट्ठिनिचया उ हुंड संठाणा ।**
**चउर कसाया सन्ना, तिन्नि अ तह पढमलेसा य ॥६०॥**

**અર્થ**—તેને છેવઠું સંઘયણ અસ્થિના નિચયરૂપ હોય છે અને હુંડક સંસ્થાન હોય છે. તે ચાર કષાયવાળા, ચાર સંજ્ઞાવાળા ને પ્રથમની ત્રણ લેશ્યાવાળા હોય છે. ( ૬૦ ).

**फासरसणे दुइंदिअ, वेयणमारणकसाय समुग्घाया ।**
**असन्निणो नपुंसग, पंच य पज्जत्ति अपज्जत्ती ॥ ६१ ॥**

**અર્થ**—એમને સ્પર્શેંદ્રિય ને રસેંદ્રિય–એ બે ઇંદ્રિયો હોય છે. વેદના, કષાય ને મરણ–એ ત્રણ સમુદ્ઘાત હોય છે. અસંજ્ઞી હોય છે, નપુંસકવેદી હોય છે, પાંચ પર્યાપ્તિએ પર્યાપ્તા હોય છે અને અપર્યાપ્તા પણ હોય છે. ( ૬૧ )

**सम्मदिट्ठी मिच्छा–दिट्ठी उ अचक्खुदंसणी हुंति ।**
**नाणी तह अन्नाणी–तणुजोगी वयणजोगी अ ॥ ६२ ॥**

**અર્થ**—સમ્યગ્દૃષ્ટિ ને મિથ્યાદષ્ટિ બે દૃષ્ટિ હોય છે. અચક્ષુદર્શન હોય છે, ( બે ) જ્ઞાન ને બે અજ્ઞાન હોય છે અને તનુયોગ તથા વચનયોગ–એમ બે યોગ હોય છે. ( ૬૨ )[1]

**सागार अणागारो, उवओगो छद्दिसिं तु आहारो ।**
**नारयदेवाऽसंखाउ–वज्ज तिरिमणुअ उववाओ ॥ ६३ ॥**

**અર્થ**—સાકાર ને અનાકાર–બે ઉપયોગ હોય છે. છએ દિશાનો આહાર હોય છે. નારકી, દેવતા અને અસંખ્યાતા

---

૧. આ ગાથામાં સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે તે ભવાંતરથી આવતા સાસ્વાદન સમકિતી જીવોને અપર્યાપ્તાવસ્થામાં તે દૃષ્ટિ હોવાથી કહેલ છે. બે જ્ઞાન પણ તે જ અપેક્ષાએ કહ્યા છે.

આયુવાળાને ( યુગલિકને ) વર્જીને બાકીના તિર્યંચ અને મનુષ્ય તેમાં ઉપજે છે. ( ૬૩. )

**अंतमुहुत्त जहन्ना, ठिई उ वासाणि बारसुक्कोसा ।**
**समवहयासमवहया, मरंति संखाउ नरतिरिसु जंति॥६४॥**

**અર્થ**—જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બાર વરસની હોય છે. સમુદ્ઘાત કરીને અથવા સમુદ્ઘાત કર્યા વિના મરણ પામીને સંખ્યાતા આયુવાળા તિર્યંચ અને મનુષ્યમાં જાય છે. (૬૪)

**दोआगइ अ दुगइआ, पत्तेअसरीरिणो असंखिज्जा ।**
**हुंति घणीकयलोग-स्सेगपएसिक्कसेढिसमा ॥ ६५ ॥**

**અર્થ**—બેની ગતિ ને બેની આગતિ છે. પ્રત્યેક શરીરી છે. ઘનીકૃત લોકની એક પ્રદેશીકી એક શ્રેણીમાં રહેલા આકાશ-પ્રદેશ પ્રમાણ અસંખ્યાતા છે. ( ૬૫ )

**तेइंदिआ य कुंथू, पिपीलि उद्देहिआ य रोहणिआ ।**
**तणहार पत्तहारा, कट्ठहारा य उक्कलिआ ॥ ६६ ॥**

**तणबिंटग फलबिंटग, मालुअ या पत्तबिंटय गोमहीया ।**
**तह इंदगोवया इंद-काइआ हत्थिसोंडा य ॥ ६७ ॥**

**અર્થ**—હવે તેઇંદ્રિયનું સ્વરૂપ કહે છે-કુંથુ, કીડી, ઉધ્ધિ, રોહીણીયા, તૃણાહારા, પત્રાહારા, કાષ્ઠાહારા, ઉત્કલિકા, તૃણ-બિંટકા, ફલબિંટકા, માલુકા, પત્રબિંટકા, ગોમહીકા ( કાનખજુરા ), ઇંદ્રગોપ, ઇંદ્રકાઇકા અને હસ્તીશુંડા. ( ૬૬–૬૭ )

**बेइंदिअव्व सव्वं, भावेअव्वं सरीरदाराई ।**
**ओगाहणा य गाउअ, तिण्णि अ तह इंदिअतिगं च ॥६८॥**

**અર્થ**—શરીરાદિક સર્વ દ્વારો બેઇંદ્રિયની જેમ સમજવા

અને અવગાહના ઉત્કૃષ્ટી ત્રણ ગાઉની હોય છે. તથા ત્રણ ઇંદ્રિય હોય છે. ( ૬૮ )

**अउणापन्नदिणाइं, उक्कोसठिई अ होइ बोधवा ।**
**अंतमुहुत्त जहन्ना, तहेव परिमाणदारं च ॥ ६९ ॥**

**અર્થ**—ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણપચાસ દિવસની હોય છે. જઘન્ય અંતર્મુહૂર્ત્તની હોય છે, અને પરિમાણ ( સંખ્યા ) દ્વાર તેજ પ્રમાણે એટલે બેઇંદ્રિય પ્રમાણે જાણવું. ( ૬૯ )

**चउरिंदिआ य भमरा, विचित्तपक्खा य मच्छिआ भिरली ।**
**जरुला नंदावत्ता, झिंगिरिडा कन्हपत्ता य ॥ ७० ॥**
**गंभीर अच्छिरोडा य, अच्छिवेहा तहेव सारंगा ।**
**इच्चेवमाइआ पुण, विन्नेआ हुंति लोआओ ॥ ७१ ॥**

**અર્થ**—હવે ચતુરિંદ્રિયનું સ્વરૂપ કહે છે.-ભમરા, વિચિત્ર પાંખવાળા, માખી, ભીરલી, જરૂલા, નંદાવર્તા, ઝીંગિરિડા, કૃષ્ણપત્રા. ગંભીર, અચ્છિરોડા, અક્ષિવેધા, સારંગ ઇત્યાદિ લોકથી ( અન્ય શાસ્ત્રથી ) જાણી લેવા. ( ૭૦–૭૧ )

**दुविहा समासओ ति, नेअं बेइंदिअव्व देहाई ।**
**ओगाहणा य गाउअ, चत्तारि अ होइ उक्कोसा ॥ ७२ ॥**

**અર્થ**—સંક્ષેપથી એ ચૌરિંદ્રિય જીવો બે પ્રકારના ( પર્યાપ્તા ને અપર્યાપ્તા ) છે. તેના દેહાદિ દ્વાર બેઇંદ્રિય પ્રમાણે જાણવા અને અવગાહના ચાર ગાઉની ઉત્કૃષ્ટી જાણવી. ( ૭૨ )

**फास रसणा य नासा, चक्खू चत्तारि इंदिआइं च ।**
**छम्मासुक्कोसठिई, सेसं तु तहेव बोधवं ॥ ७३ ॥**

અર્થ—તેને સ્પર્શેંદ્રિ, રસનાઇંદ્રિ, ઘ્રાણેંદ્રિ ને ચક્ષુઇંદ્રિ એ ચાર ઇંદ્રિયો હોય છે. ઉત્કૃષ્ટાયુ છ માસનું હોય છે. બાકીનું બેઇંદ્રિય પ્રમાણે જાણવું. ( ૭૩ )

पंचिंदिआ य चउहा, नेरईअ तिरिक्ख मणुअ देवा य ।
सत्तविहा नेरईआ, पुढवीभेएण पन्नत्ता ॥ ७४ ॥

અર્થ—પંચેંદ્રિય જીવો ચાર પ્રકારના છે. નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવતા. તેમાં નારકી સાત પ્રકારના સાત પૃથ્વીના ભેદથી કહ્યા છે. ( ૭૪ ).

पज्जत्तापज्जत्ता, वेउव्विअतेअकम्मणा काया ।
ओगाहणा य भवधारणिज्ज उत्तरवेउव्विआ चेव ॥ ७५ ॥

અર્થ—તે પર્યાપ્તા ને અપર્યાપ્તા બે પ્રકારના હોય છે. તેને વૈક્રિય, તૈજસ ને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. તેની અવગાહના ભવધારણીયની ને ઉત્તરવૈક્રિયની એમ બે પ્રકારની છે. (૭૫)

अंगुलअसंखभागो, जहन्न ओगाहणा य मूलिल्ला ।
पंच य धणुस्सयाइं, पमाण उक्कोसओ होइ ॥ ७६ ॥

અર્થ—ભવધારણીય શરીરની જઘન્ય અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટી પાંચસો ધનુષ્ય પ્રમાણ હોય છે. ( ૭૬ )

सत्तममहीइ एअं, नेरईअतणूण होइ परिमाणं ।
संगहणीवित्तीओ, भावेअवं तु पइपुढविं ॥ ७७ ॥

અર્થ—સાતમી નરક પૃથ્વીમાં એ ઉત્કૃષ્ટ શરીર હોય છે. બાકીની પૃથ્વી માટે સંગ્રહણીની વૃત્તિમાંથી જાણી લેવું. (૭૭).

( સાતમી પછી અર્ધ અર્ધ પ્રમાણવાળું હોય છે )

**संखिज्जो भागो अंगुलस्स बीआ जहन्नओ होइ ।**
**उक्कोस धणुसहस्सं, पइपुढवि तहेव बोधव्वं ॥ ७८ ॥**

**અર્થ**—ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુળના સંખ્યાતમા ભાગની છે અને ઉત્કૃષ્ટ એક હજાર ધનુષ્યની સાતમી નરકની છે. ત્યારપછીની નરકમાં પૂર્વ પ્રમાણે અર્ધ અર્ધ સમજી લેવી ( ૭૮ ).

**छण्हं संघयणाणं, अभावओ नारया असंघयणी ।**
**अट्ठिअभावे तेसिं, पुग्गलखंधुव्व तणुबंधो ॥ ७९ ॥**

**અર્થ**—છ સંઘયણ નહીં હોવાથી નારકીને અસંઘયણી કહ્યા છે. તે અસ્થીનિચય ન હોવાથી કહ્યા છે. અન્ય ( મજબૂત ) પુદ્ગળસ્કંધોની જેવો તેના શરીરનો બાંધો છે. ( ૭૯ )

**जे पुग्गला अणिट्ठा, अमणुन्ना ते अ परिणया हुंति ।**
**दुविहाणि सरीराणि अ, हुंडे नेआणि संठाणे ॥ ८० ॥**

**અર્થ**—જે પુદ્ગળો અનિષ્ટ અને અમનોજ્ઞ હોય છે તે તેને આહારપણે પરિણમે છે. તેના બન્ને પ્રકારના શરીરનું સંસ્થાન હુંડક હોય છે. ( ૮૦ ).

**कोहो माणो माया, लोहो नेआ कसाय चउ सन्ना ।**
**लेसा तिन्नि अ एवं, पइ पुढवि हवंति नेअव्वा ॥ ८१ ॥**

**અર્થ**—ક્રોધ, માન, માયા ને લોભ એ ચાર કષાય હોય છે અને આહારાદિ ચાર સંજ્ઞા હોય છે. લેશ્યા ત્રણ હોય છે તે નીચે પ્રમાણે દરેક નરક પૃથ્વીમાં જાણવી. ( ૮૧ )

**काऊ अ दोसु तइआइ, मीसिआ नीलिआ चउत्थीए ।**
**पंचमिआए मीसा, कण्हा तत्तो परमकण्हा ॥ ८२ ॥**

**અર્થ**—પહેલી બે નરકમાં કાપોત લેશ્યા હોય છે, ત્રીજી નરકમાં કાપોત અને નીલ મિશ્ર હોય છે, ચોથીમાં એકલી નીલ લેશ્યા હોય છે, પાંચમીમાં નીલ અને કૃષ્ણ મિશ્ર હોય છે, છઠ્ઠીમાં કૃષ્ણ હોય છે અને સાતમીમાં પરમ કૃષ્ણ લેશ્યા હોય છે. ( ૮૨ )

**नेरइआ ते सन्नी, गब्भवक्कंतिएहिं जे जाया ।**
**संमुच्छिमा असन्नी, आइमपुढवीइ बोधव्वा ॥ ८३ ॥**

**અર્થ**—નારકીના સાત પ્રકાર છે. તેમાં સંજ્ઞી ગર્ભજ પંચેંદ્રિય જીવો ઉપજે છે અને અસંજ્ઞી સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચ પહેલી નરકપૃથ્વીમાં જ ઉપજે છે. ( ૮૩ )

**किं च-अस्सन्नी खलु पढमं, दुच्चिं च सरीसवा तईअ पक्खी ।**
**सीहा जंति चउत्थिं, उरगा पुण पंचमिं पुढविं ॥ ८४ ॥**

**छट्ठिं च इत्थिआओ, मच्छा मणुआ य सत्तमिं पुढविं ।**
**एसो परमुववाओ, बोधव्वो नरयपुढवीसु ॥ ८५ ॥**

**અર્થ**—પહેલી નરકમાં જ અસંજ્ઞી તિર્યંચ જીવો ઉપજે છે. ભુજપરિસર્પ બીજી નરક સુધી ઉપજે છે. પક્ષી ત્રીજી નરક સુધી ઉપજે છે. સિંહાદિ ચતુષ્પદ ચોથી નરક સુધી ઉપજે છે. ઉરપરિસર્પ પાંચમી પૃથ્વી સુધી ઉપજે છે. છઠ્ઠી નરક સુધી સ્ત્રી ઉપજે છે અને સાતમી નરક સુધી મત્સ્ય અને મનુષ્યો ઉપજે છે. આ પ્રમાણે નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ ઉપપાત (ઉપજવાપણું) જાણવું. ( ૮૪–૮૫ ).

**वेए नपुंसए छय, पज्जत्तीओ अ छच्च अपजत्ता ।**
**सम्मा य सम्ममिच्छा, मिच्छादिट्ठी तहा तेसिं ॥ ८६ ॥**

**અર્થ**—વેદ નપુંસક જ હોય છે. પર્યાપ્તિઓ છએ હોય છે. તેની અપર્યાપ્તાવસ્થા પણ હોય છે. ( પરંતુ અપર્યાપ્તાવસ્થામાં તે મરણ પામતા નથી. ) તેને સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ ને મિથ્યાદૃષ્ટિ–એમ ત્રણે દૃષ્ટિઓ હોય છે. ( ૮૬ ).

**चक्खू अचक्खु ओही, नारयजीवाण दंसणं तिविहं ।**
**आभिणिबोहिअ सुअ ओहि, नाणिणो एवमन्नाणी ॥८७॥**

**અર્થ**:—નારકી જીવોને ચક્ષુ, અચક્ષુ ને અવધિ એ ત્રણ દર્શન હોય છે. આભિનિબોધિક (મતિ), શ્રુત ને અવધિ એ ત્રણ જ્ઞાન હોય છે અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન ને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન હોય છે.[1] ( ૮૭ ).

**मणवयणकायजोगी, सागारागारसहिअ उवओगो ।**
**कालाणि जाणि दव्वाणि, छद्दिसिं तेसिमाहारो ॥ ८८ ॥**

**અર્થ**:—મન, વચન ને કાયયોગવાળા હોય છે, સાકાર ને અનાકાર ઉપયોગવાળા હોય છે અને જે (અશુભ) કાળા દ્રવ્યો છે તેનો તેને છએ દિશાનો આહાર હોય છે. ( ૮૮ ).

**उववाओ असंखाऊ, वज्जिअ पज्जत्ततिरिअमणुआओ ।**
**तित्तीस य उक्कोसा, ठिई उ दसवाससहस्सिअरा ॥ ८९ ॥**

**અર્થ**:—તેનું ઉપજવું અસંખ્યાયુવાળા સિવાયના પર્યાપ્તા તિર્યંચ ને મનુષ્યમાં હોય છે. તેની સ્થિતિ ઉત્કૃષ્ટી તેત્રીશ સાગરોપમની છે ને જઘન્ય દશ હજાર વર્ષની છે. ( ૮૯ ).

---

૧. આમાં પણ જે અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય પહેલી નરકમાં આવે છે તેને એ અજ્ઞાનવાળા જાણવા.

**मरणसमुग्घाएणं, मरंति तह अन्नहा वि नेरईआ ।**
**उववट्टिऊण गच्छंति, सन्निसंखाउ नरतिरिसु ॥ ९० ॥**

**અર્થ**:—તે મરણ સમુદ્‍ઘાતવડે મરે છે અને અન્યથા પણ મરે છે. તેમાંથી નીકળીને તે સંજ્ઞી સંખ્યાતા આયુવાળા મનુષ્ય ને તિર્યંચમાં ઉપજે છે. ( ૯૦ ).

**नेरइआ दोगइआ, दोआगईआ य हुंति पत्तेआ ।**
**अस्संखिज्जा एवं, नेआ नेरइअ तेवीसी ॥ ९१ ॥**

**અર્થ**—નારકી જીવો બે ગતિ ને બે આગતિવાળા હોય છે. પ્રત્યેક શરીરી છે. સંખ્યાએ અસંખ્યાતા છે. આ રીતે નારકીના ત્રેવીશ દ્વાર જાણવા ( ૯૧ ).

હવે તિર્યંચ પંચેંદ્રિયનું સ્વરૂપ કહે છે:-

**संमुच्छिमा य गब्भय, पंचिंदिअतिरिअजोणिआ दुविहा ।**
**जलयर थलयर खयरा, तिविहा संमुच्छिमा तिरिआ ॥९२॥**

**અર્થ**—પંચેંદ્રિય તિર્યંચયોનિવાળા જીવો સંમૂર્છિમ ને ગર્ભજ એમ બે પ્રકારના હોય છે. સંમૂર્છિમ તિર્યંચ જળચર, થળચર ને ખેચર-એમ ત્રણ પ્રકારના છે. ( ૯૨ )

**पंचविहा जलचारी, मच्छा तह कच्छभा य मगरा य ।**
**गाहा य सुंसमारा, तत्थ य मच्छा अणेगविहा ॥ ९३ ॥**

**અર્થ**—જળચર જીવો પાંચ પ્રકારના છે. મચ્છ, કાચબા, મગર, ગાહા (જળતંતુ) અને સુસુમાર ( પાડા જેવા ), તેમાં મચ્છો અનેક પ્રકારના હોય છે. ( ૯૩ )

**जुंगमच्छ सण्हमच्छा, खवल्लमच्छा य लिहिअमच्छा य ।**
**तह चिब्भडिआ मच्छा, रोहिअमच्छा य गग्गरिआ ॥९४॥**

**नक्का तंडुलमच्छा, तिमिंगिला वडगरा वडातिमिआ ।**
**कणिगा लंभणमच्छा, तह य पडागा अइपडागा ॥९५॥**

**અર્થ**—જુંગમત્સ્ય, સન્હુમસ્ત્ય, ખવલ્લમત્સ્ય, લિહિઅમત્સ્ય, ચિર્ભટીયમત્સ્ય, રોહિતમત્સ્ય, ગર્ગરીકમત્સ્ય, નક્રમત્સ્ય, તંદુલમત્સ્ય, તિમિંગિલમત્સ્ય, વડગરમત્સ્ય, વડાતિમિઅમત્સ્ય, કણિક-મત્સ્ય, લંભણમત્સ્ય, પતાકામત્સ્ય, અતિપતાકામત્સ્ય. (૯૪-૯૫).

**मंसट्ठिमया दुविहा, कच्छभ जलचारिणो तहा गाहा ।**
**मुदुगा य दिली वेढग, सीमागारा पुलागक्खा ॥ ९६ ॥**

**અર્થ**—કાચબા બે પ્રકારના છે. માંસમય ને અસ્થિમય. તથા ગાહા પાંચ પ્રકારના છે, તે આ પ્રમાણે-મુદુકા, દિલી, વેઢક, સીમાકારા અને પુલાક નામના છે. ( ૯૬ )

**दुविहा मगरा नेआ, सोंडयमगरा य मट्ठमगरा य ।**
**भणिआ य सुंसमारा, एगागारा जिणिंदेहिं ॥ ९७ ॥**

**અર્થ**—મગર જાતિના જળચર બે પ્રકારના છે. સુંઢવાળા અને મૃષ્ટમગર ( સુંઢ વિનાના ). સુસમાર એક જ પ્રકારના જિનેશ્વરોએ કહ્યા છે. ( ૯૭ )

**पज्जत्तापज्जत्ताण-मेसिं पंचविहनीरचारीणं ।**
**देहाइदारविंदं, नेअं चउरिंदियसमाणं ॥ ९८ ॥**

**અર્થ**—પાંચે પ્રકારના (સંમૂર્છિમ) જળચર પર્યાપ્તા ને અપર્યાપ્તા એમ બે પ્રકારના હોય છે. દેહાદિ દ્વારનો સમૂહ ચૌરેંદ્રિય પ્રમાણે જાણવો. ( ૯૮ ).

**ओगाहणा य नवरं, जहन्न अंगुलअसंखभागो अ ।**
**जोअणसहस्समिअरा, इंदिअपणगं तह असन्नी ॥ ९९ ॥**

**અર્થ**—એટલું વિશેષ કે સંમૂર્છિમ જળચરની અવગાહના જઘન્ય અંગુળના અસંખ્યાતમા ભાગની છે. ઉત્કૃષ્ટ એક હજાર યોજનની છે. તેને ઇંદ્રિયો પાંચ હોય છે અને અસંજ્ઞી હોય છે. ( ૯૯ ).

**संखाउअ तिरिमणुआ, उववाओ ठिइ जहन्नमंतमुहू ।**
**उक्कोस पुव्वकोडी, उववज्जंति अ गइचउक्के ॥ १०० ॥**

**અર્થ**—સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ ને મનુષ્ય તેમાં ઉપજે છે. તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે અને ઉત્કૃષ્ટી ક્રોડ પૂર્વની છે. તે મરણ પામીને ચારે ગતિમાં ઉપજે છે. ( ૧૦૦ ).

**नरएसु पढमपुढवी, तिरिआ सव्वे वि कम्मभूमणूआ ।**
**भवणवइ वाणमंतर-सुरा य अन्नेसु पडिसेहो ॥ १०१ ॥**

**અર્થ**—નારકીમાં પહેલી નરકમાં જ જાય છે અને મનુષ્ય ને તિર્યંચમાં જાય તો કર્મભૂમિમાં જ જાય છે. દેવગતિમાં જાય તો ભવનપતિ ને વાણવ્યંતરમાં ઉપજે છે. અન્યત્ર જવાનો પ્રતિષેધ છે ( ૧૦૧ )

**चउगइअ दुआगइआ, पत्तेअसरीरिणो असंखिज्जा ।**
**थलयर तिरिआ दुविहा, चउप्पया तह य परिसप्पा ॥ १०२॥**

**અર્થ**—ચારમાં ગતિવાળા ને બેની આગતિવાળા છે. પ્રત્યેક શરીરી છે. સંખ્યાએ અસંખ્યાતા છે. હવે થળચર તિર્યંચ બે પ્રકારના હોય છે. ચતુષ્પદ અને પરિસર્પ. ( ૧૦૨ )

**एगखुरा तह दुखुरा, गंडीपया सण(ख)प्पया चउहा ।**
**चउपय तिरिआ एवं, एगखुरा तत्थिमे नेआ ॥ १०३ ॥**

અર્થ—તેના ભેદો આ પ્રમાણે છે-એક ખરીવાળા, બે ખરીવાળા, ગંડીપદા અને સનખપદા-એમ ચાર પ્રકારના છે. તેમાં એકખુરા આ પ્રમાણે જાણવા. ( ૧૦૩ )

**अस्सा अस्सतरा घोडगा य, जह गद्दभा य गोरखुरा ।**
**आवत्ता कंदलगा, सिरिकंदलगाइ एगखुरा ॥ १०४ ॥**

અર્થ—અશ્વ, અશ્વતર ( ખચર ), ઘોટક, ગર્દભ (ગધેડા), ગોરખુરા, આવર્ત, કંદલક અને શ્રીકંદલક વિગેરે એકખુરા છે.(૧૦૪)

**उट्टा गोणा गवया, महिस वराहा य एलगा य अजा ।**
**गोकन्ना य कुरंगी, चमरी सरभाइआ दुखुरा ॥ १०५ ॥**

અર્થ—ઉંટ, ગોણ ( બળદ ), ગવય ( આખલા ), મહિષ ( ભેંશ ), વરાહ ( ભુંડ ), એલગા ( બોકડા ), અજા ( બકરી ), ગોકર્ણ, કુરંગી ( હરિણી ), ચમરી અને શરભ ( અષ્ટાપદ ) વિગેરે બે ખુરાવાળા જાણવાં. ( ૧૦૫ )

**हत्थी अ हत्थपुअण, मंकुणहत्थी अ खग्गगेंडा य ।**
**गंडीपयनामाणो, इच्चाईआ अणेगविहा ॥ १०६ ॥**

અર્થ—હાથી, હસ્તિપુતન, મંકુણહસ્તી, ખગા ( ખડ્ગા ) અને ગેંડા વિગેરે અનેક પ્રકારના ગંડીપદ હોય છે. ( ૧૦૬ ).

**सीहा वग्घा दीविअ, अच्छतरच्छा य चित्तगा सुणगा ।**
**सीआला चित्तलगा, ससगाइ सणखप्पया नेआ ॥ १०७॥**

**અર્થ**—સિંહ, વાઘ, દીપડા, અચ્છ ( રીંછ ), તરચ્છ, ચિત્રા, કુતરા, સીયાળ, ચિત્તલગા ( ચિત્તા ) અને સસલા વિગેરે સનખપદવાળા જાણવા. ( ૧૦૭ ).

**एएसिं पज्जत्ता-पज्जत्ताणं च जलयरसमाणा ।**
**देहादिदारचिंता, कायव्वा तह विसेसोअं ॥ १०८ ॥**

**અર્થ**—આ ચારે પ્રકારના ચતુષ્પદ પર્યાપ્તા અને અપર્યાપ્તા છે. તેમનો જળચર સમાન દેહાદિક દ્વારનો વિચાર કરવો. તેમાં વિશેષ આ પ્રમાણે છે.-( ૧૦૮ ).

**ओगाहणा य अंगुल-असंखभागो जहन्निआ होइ ।**
**गाउअपुहत्तमेसिं, उक्किट्ठं देहपरिमाणं ॥ १०९ ॥**

**અર્થ**:—જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે અને ઉત્કૃષ્ટ દેહનું પરિમાણ ગાઉપૃથકત્વ હોય છે. ( ૧૦૯ ).

**अंतमुहुत्त जहन्ना, ठिई अ उक्कोसओ पवत्तव्वा ।**
**चुलसीइ सहस्साणि अ, वरिसाणि तहेव सेसं तु ॥ ११० ॥**

**અર્થ**—જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ચોરાશી હજાર વર્ષની છે, બાકીનું તે જ પ્રમાણે ( જળચર પ્રમાણે ) જાણવું. ( ૧૧૦ ).

**अह य परिसप्प थलयर, उरभुअपरिसप्पभेअओ दुविहा ।**
**उरपरिसप्पा सप्पा, तत्थ य दुविहा अही नेआ ॥ १११ ॥**

**અર્થ**—હવે થળચર પરિસર્પ બે પ્રકારના છે-ઉરપરિ-

સર્પ અને ભુજપરિસર્પ. તેમાં ઉરપરિસર્પ તે બે પ્રકારના સર્પ જાણવા. ( ૧૧૧ ).

**दव्वीकरा य तह मउलिणो अ दव्वीकरा अणेगविहा ।**
**आसीविस दिट्ठीविस, उग्गविसा चेव भोगविसा ॥११२॥**

**तहय तयाविस लालाविसा य निस्सासविसा य किण्हाही ।**
**सेआहि दब्भपुप्फा, काकोदर सेलिमिंढा य ॥ ११३ ॥**

**અર્થ**—દર્વીકર (ફણાવાળા) અને મુકુલિ ( ફણા વિનાના ). તેમાં દર્વીકર અનેક પ્રકારના જાણવા. તે આ પ્રમાણે—આશીવિષ દૃષ્ટિવિષ, ઉગ્રવિષ અને ભોગવિષ. તથા ત્વચાવિષ, લાલાવિષ, નિ:શ્વાસવિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, દર્ભ, પુષ્પ, કાકોદર, અને સેલિમિંઢ. ( ૧૧૨–૧૧૩ ).

**मउलि अ सप्पा भणिआ, अणेगहा नाणदंसणधरेहिं ।**
**दिव्वा गोणसरूवा, एगागारा अयगरा य ॥ ११४ ॥**

**અર્થ**—મુકુલિ જાતિના સર્પ અનેક પ્રકારના જ્ઞાન-દર્શનને ધારણ કરનારા પરમાત્માએ કહ્યા છે. દીવ્ય, ગોણસ, એકાકાર અને અજગર. ( ૧૧૪ ).

**पन्नवणाए भणिअं, आसालिअ मणुअखित्तमज्झम्मि ।**
**अड्ढाइअ दीवेसुं, पन्नरससु कम्मभूमीसु ॥ ११५ ॥**

**અર્થ**—પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે–આસાલિક જાતિના સર્પ મનુષ્યક્ષેત્રમાં એટલે અઢી દ્વીપમાં પંદર કર્મભૂમિને વિષે હોય છે. ( ૧૧૫ ).

मुच्छइ निव्वाघायं, वाघाए पुण महाविदेहेसु ।
नासे उवट्ठिअंमि अ, नगरनिवेसाइ ठाणेसु ॥ ११६ ॥

અર્થ—દશ ક્ષેત્રમાં નિર્વ્યાઘાત સ્થાનમાં તે ઉત્પન્ન થાય છે અને પાંચ મહાવિદેહમાં વ્યાઘાત સ્થાનમાં ઉત્પન્ન થાય છે. તથા નાશ પ્રાપ્ત થયે સતે નગર અને નિવેશ વિગેરે સ્થાનમાં ( અધોભાગે ) ઉપજે છે. ( ૧૧૬ ).

तह चक्किरामकेसव-मंडलिआणं च खंधवारेसु ।
एसिं हिट्ठा भूमिं, दलइत्तासालिआ होइ ॥ ११७ ॥

અર્થ—તેમજ ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અને મંડલિક રાજાના સ્કંધાવાર ( સૈન્યની છાવણી )નીચેની ભૂમિને પરિણમાવીને આસાલિકા સર્પ ઉપજે છે. ( ૧૧૭ ).

अंगुल असंखभागो, जहन्न जोअणदुवालसुक्कोसो ।
देहो विक्खंभो तह, बाहल्लं तदणुमाणेणं ॥ ११८ ॥

અર્થ—આ ઉરપરિસર્પનું જઘન્ય શરીર અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ બાર યોજનનું હોય છે. આ દેહની લંબાઈ જાણવી અને જાડાઈ તેના અનુમાને જાણવી. (૧૧૮).

मिच्छादिट्ठी निअमा, अन्नाणजुआ असन्निणी अ तहा ।
आसालिग संमुच्छिम, अंतमुहुत्ताउआ होइ ॥ ११९ ॥

અર્થ—તે મિથ્યાદૃષ્ટિ જ હોય છે, બે અજ્ઞાનવાળા છે, તથા અસંજ્ઞી છે. અને આસાલિક સર્પ સંમૂર્છિમ અને અંતર્મુહૂર્ત્તના આયુષ્યવાળા હોય છે. ( ૧૧૯ )

एगे महोरगा इह, अंगुलमित्ता य अंगुलपुहत्तं ।
रयणी रयणिपुहत्तं, कुच्छी कुच्छीपुहत्ता वि ॥ १२० ॥
धणुहं धणुहपुहत्तं, गाउअ गाउअपुहत्तमित्ता वि ।
तह जोअणं च जोअण–पुहत्तिआ जोअणसयं च ॥ १२१ ॥
जोअणसयप्पुहत्तं, उक्कोसेणं महोरगा हुंति ।
उववज्जंति थलिच्चिअ, विचरंति थले अ सलिले अ ॥ १२२ ॥

**અર્થ**—કેટલાક મહાસર્પો અંગુલ માત્ર, અંગુલપૃથક્ત્વ, હસ્ત, હસ્તપૃથક્ત્વ, કુક્ષિ ( બે હાથ ) અને કુક્ષિપૃથક્ત્વ, ધનુષ, ધનુષપૃથક્ત્વ, ગાઉ, ગાઉપૃથક્ત્વ, યોજન, યોજનપૃથક્ત્વ, સો યોજન, તથા યોજનશતપૃથક્ત્વ, આટલા સુધીના મહોરગા ઉત્કૃષ્ટ શરીરવાળા હોય છે. તેઓ સ્થળને વિષે ઉત્પન્ન થાય છે અને સ્થળ તથા જળને વિષે વિચરે છે. ( ૧૨૦–૧૨૧–૧૨૨ )

अंतो मणुस्सखित्ते, न हवंति अ तेण ते न दीसंति ।
तत्थ ह गिरिसुरनगरी–ठाणेसु थले अ जायंति ॥ १२३ ॥

**અર્થ**—આ મહોરગો મનુષ્યક્ષેત્રને વિષે હોતા નથી, તેથી તેઓ દેખાતા નથી. તે અઢી દ્વીપની બહાર પર્વત અને દેવનગરીઓના સ્થાનમાં અને અન્ય સ્થળમાં ઉત્પન્ન થાય છે ( ૧૨૩ )

उरपरिसप्पा नेआ, जे अन्ने हुंति सप्परूवा य ।
पज्जत्तापज्जत्ता, जलयरतुल्लं सरीराइं ॥ १२४ ॥

**અર્થ**—જે બીજા-સર્પરૂપ હોય તેને પણ ઉરપરિસર્પ

જાણુવા. તેઓ પર્યાપ્તા અને અપર્યાપ્તા હોય છે. તેના શરીરાદિ દ્વાર જળચર સમાન જાણુવા. ( ૧૨૪ )

**ओगाहणा जहन्ना, नवरं अंगुलअसंखभागो अ ।**
**उक्कोसओ अ जोअण–सयपुहत्तं विणिद्दिट्ठं ॥ १२५ ॥**

અર્થ—વિશેષ એ કે-તેમની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે અને ઉત્કૃષ્ટ યોજનશતપૃથક્ત્વ કહેલ છે. ( ૧૨૫ )

**तेवन्नवाससहसा, ठिई अ उक्कोसओ हवइ एसिं ।**
**अंतमुहुत्त जहन्ना, सेसं तु तहेव बोधव्वं ॥ १२६ ॥**

અર્થ—તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ ૫૩ હજાર વર્ષની જાણુવી. બાકીના દ્વાર પૂર્વ પ્રમાણે જાણુવા. (૧૨૬).

**भुअपरिसप्पा गोहा, नउला सरडा घरोइला सारा ।**
**खारा च्छीरविरालिअ, देसविसेसा बहू एए ॥ १२७ ॥**

અર્થ—હવે ભુજપરિસર્પનું સ્વરૂપ કહે છે. તે ગોધા (ઘો), નોળીયા, સરડા( કાકીડા ), ગરોળી, સારા, ખારા, ક્ષીરવિરાળી ( ખીસકોલી ) વિગેરે દેશ વિશેષે અનેક પ્રકારના જાણુવા. (૧૨૭).

**पज्जत्तापज्जत्ताण–मेसि देहाइ पुव्वमिव नवरं ।**
**अंगुलअसंखभागो–वगाहणा धणुपुहत्तं च ॥ १२८ ॥**

અર્થ—તે પર્યાપ્તા ને અપર્યાપ્તા એમ બે પ્રકારના છે. એના દેહાદિ દ્વાર પૂર્વની પેઠે જાણુવા. તેમાં એટલું વિશેષ કે તેની જઘન્ય અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની ને ઉત્કૃષ્ટ ધનુષ્યપૃથક્ત્વની જાણુવી. ( ૧૨૮ ).

चायालीस सहस्सा, वासाणि अ एसिमाउमुक्किट्टं ।
अंतमुहुत्त जहन्नं, थलयरजीवाण विन्नेअं ॥ १२९ ॥

અર્થ-એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૨૦૦૦ વર્ષનું જાણવું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું જાણવું. આ પ્રમાણે થળચરનું સ્વરૂપ કહ્યું. (૧૨૯).

खयरा चउहा भणिआ, चम्मपक्खी अ लोमपक्खी अ ।
तईआ समुग्गपक्खी, तह य चउत्था वियपक्खी ॥१३०॥

અર્થ—હવે ખેચરનું સ્વરૂપ કહે છે-ખેચરો ( પક્ષી ) ચાર પ્રકારનાં છે. ચામડાંની પાંખવાળાં, રૂવાંડાંની પાંખવાળા, ત્રીજા સમુદ્ગપક્ષી અને ચોથા વિતતપક્ષી જાણવાં. ( ૧૩૦ ).

( સમુદ્ગપક્ષી જેની પાંખો ભેળી થયેલી જ રહે એવા અને વિતતપક્ષી જેની પાંખ વિસ્તરેલી જ રહે એવા જાણવાં. )

वग्गुलि अडिल जलोआ, जीवंजीवा समुद्दकागा य ।
भारंडपक्खिपमुहा, अणेगहा चम्मपक्खी अ ॥ १३१ ॥

અર્થ—વાગોળ, અડીલ, જલૌકા (ચામચીડીયાં), જીવંજીવ, સમુદ્રકાક અને ભારંડપક્ષી વિગેરે ચામડાની પાંખવાળા જાણવાં.(૧૩૧)

ढंका कंका कुरला, चक्खागा वायसा तहा हंसा ।
कलहंसरायहंसा, सुगपमुहा लोमपक्खी अ ॥ १३२ ॥

અર્થ—ઢંક, કંક, કુરલ ( તેતર ), ચખ્ખાકા ( ચકલા ), વાયસ ( કાગડા ), હંસ, કલહંસ, રાજહંસ અને શુક ( પોપટ ) વિગેરે લોમપક્ષીઓ જાણવાં ( ૧૩૨ )

एगागारा हुंति अ, समुग्गपक्खी अ विअयपक्खी अ ।
माणुसनगाओ बाहिं, हवंति तेणं न दीसंति ॥ १३३ ॥

**અર્થ**—સમુદ્ગપક્ષી અને વિતતપક્ષી એકાકારવાળા હોય છે અને તે માનુષોત્તર પર્વતની બહાર હોય છે તેથી તે અહીં દેખાતાં નથી. ( ૧૩૩ )

**पज्जत्तापज्जत्ता, जलयरतुल्लं तु होइ देहाई ।**
**अंगुलअसंखभागो, उक्किट्ठं धणुपुहत्तं च ॥ १३४ ॥**

**અર્થ**—તે પર્યાપ્તા ને અપર્યાપ્તા બે પ્રકારના હોય છે. તેના દેહાદિ દ્વાર જળચર પ્રમાણે જાણવા. એટલું વિશેષ કે તેની જઘન્ય અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની હોય છે અને ઉત્કૃષ્ટ ધનુષ્યપૃથક્ત્વની હોય છે. ( ૧૩૪ )

**बावत्तरि संवच्छर–सहसाणि अ एसिमाउ उक्किट्ठं ।**
**अंतमुहुत्त जहन्नं, संगहणीगाहदुगमेअं ॥ १३५ ॥**

**અર્થ**—એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૭૨ હજાર વર્ષનું છે અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું હોય છે. આ અધિકારવાળી સંગ્રહણી પ્રકરણની બે ગાથા નીચે પ્રમાણે છે–( ૧૩૫ )

**जोअणसहस्स गाउअ–पहुत्त जोयणसयप्पहुत्तं च ।**
**धणुहपहुत्तं मुच्छिम–जलथलुरगभुअगपक्खीणं ॥ १३६ ॥**

**અર્થ**—હજાર યોજન, ગાઉપૃથક્ત્વ, યોજનશતપૃથક્ત્વ અને ધનુષ્યપૃથક્ત્વ સંમૂર્ચ્છિમ જળચર, થળચર ( ચતુષ્પદ ), ઉરપરિસર્પ, ભુજપરિસર્પ ને પક્ષીનું શરીર અનુક્રમે જાણવું. ( આમાં ભુજપરિસર્પનું ને પક્ષીનું–બન્નેનું ધનુષ્યપૃથક્ત્વ જાણવું. ) (૧૩૬)

**संमुच्छ पुव्वकोडी, चउरासीई भवे सहस्साइं ।**
**तेवन्ना बायाला, बावत्तरिमेव पक्खीणं ॥१३७॥**

અર્થ—ક્રોડપૂર્વ, ૮૪૦૦૦ વર્ષ, ૫૩૦૦૦ વર્ષ, ૪૨૦૦૦ વર્ષ અને ૭૨૦૦૦ વર્ષનું આયુષ્ય સંમૂર્ચ્છિમ જળચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને પક્ષીનું અનુક્રમે જાણવું. (૧૩૭).

**गब्भयतिरिआ जलयर–थलयर खयरा तिहा विणिद्दिट्ठा ।**
**मच्छाइ पंचरूवा, तहेव जलचारिणो नेआ ॥ १३८ ॥**

અર્થ—હવે ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયનું સ્વરૂપ કહે છે. તે જળચર, સ્થળચર અને ખેચર એમ ત્રણ પ્રકારના કહ્યા છે. તેમાં જળચર પ્રથમ કહ્યા પ્રમાણે મત્સ્યાદિક પાંચે જાતિના જાણવા. ( ૧૩૮ ).

**संमुच्छिम व्व देहाइ–दारचिंता तहा विसेसो अ ।**
**चत्तारि सरीराणि अ, विउव्विअस्सादिभावाओ ॥ १३९ ॥**

અર્થ—સંમૂર્ચ્છિમ પ્રમાણે દેહાદિ દ્વારનો વિચાર જાણવો. તેમાં એટલું વિશેષ કે-શરીર વૈક્રિય સહિત ચાર જાણવા. તેમાં વૈક્રિય નવું કરવાનું હોવાથી સાદિસાંત જાણવું ( ૧૩૯ ).

**ओगाहणापमाणं, उक्किट्ठं होइ जोअणसहस्सं ।**
**संघयणा संठाणा, सव्वे वि हवंति एएसिं ॥ १४० ॥**

અર્થ—અવગાહનાનું પ્રમાણ ઉત્કૃષ્ટ એક હજાર[1] યોજનનું જાણવું. સંઘયણ અને સંસ્થાન એમને બધા એટલે છએ જાણવા. ( ૧૪૦ ).

**छच्च वि लेसा तेसिं, सुक्कल्लेसा वि होइ केसिं पि ।**
**वेउव्वितेएण सहिआ, पंच य तेसिं समुग्घाया ॥ १४१ ॥**

---

૧. ઉત્કૃષ્ટ વૈક્રિય નવસો જોજનનું હોય છે.

અર્થ—તેને છએ લેશ્યા હોય છે, કારણ કે કોઇક જીવને શુકલ લેશ્યા પણ હોય છે. વૈક્રિય ને તૈજસ સહિત તેને સમુદ્ઘાત પાંચ હોય છે. ( ૧૪૧ )

सन्नी वेआ तिन्नि वि, पंच य पज्जत्ति पंच अपज्जत्ती ।
भासामणपज्जत्ती, एगत्तं तेण नो छक्कं ॥ १४२ ॥

અર્થ—તે સંજ્ઞી ( મનવાળા ) હોય છે. તેને વેદ ત્રણે હોય છે. તેને પાંચ પર્યાપ્તિ હોય છે. અપર્યાપ્તાને પણ પાંચ હોય છે. ભાષા ને મનપર્યાપ્તિ એક સાથે થતી હોવાથી પર્યાપ્તાને પણ છ પર્યાપ્તિ કહી નથી. ( પાંચ કહી છે. ) ( ૧૪૨ ).

सम्मा सम्मामिच्छा, मिच्छादिट्ठी अ दंसणतिगं च ।
चक्खु अचक्खू ओही, मइ सुअ ओही अ नाणतिगं ॥१४३॥

અર્થ—સમ્યગ્, મિશ્ર ને મિથ્યા એ ત્રણે દૃષ્ટિ હોય છે. ત્રણ દર્શન ચક્ષુ, અચક્ષુ ને અવધિ હોય છે અને મતિ, શ્રુત ને અવધિ એ ત્રણ જ્ઞાન હોય છે. ( ૧૪૩ ).

एवं अन्नाणतिअं, मिच्छादिट्ठीण जलयरजीआणं ।
जोगुवओगो नारय व, संखाउअ सयलतिरियाणं ॥१४४॥

અર્થ—એ પ્રમાણે અજ્ઞાન ત્રણ મિથ્યાત્વી જળચર જીવોને હોય છે. તે નારકીની જેમ ત્રણે યોગવાળા તથા બંને પ્રકારના ઉપયોગવાળા અને સંખ્યાતા આયુવાળા સર્વ (જળચર) તિર્યંચો હોય છે. ( ૧૪૪ ).

संखाउअमणुएहिं, चउहिं वि देवेहिं जा सहस्सारो ।
उववाओ जलयराणं, परओ जीवाण पडिसेहो ॥ १४५ ॥

**અર્થ**—સંખ્યાતા આયુવાળા મનુષ્ય, તિર્યંચ અને દેવ તથા નારક એમ ચારે ગતિવાળા જીવો તેમાં ઉપજે છે અને જળચર તિર્યંચનો ઉપપાત ( ઉપજવું ) દેવોમાં આઠમા સહસ્રાર દેવલોક સુધી છે તેથી આગળ ઉપર ઉપજવાનો પ્રતિષેધ છે. ( નીચે સાતમી નરક સુધી છે ) ( ૧૪૫ ).

**अंतमुहुत्त जहन्ना, ठिईअ उक्कोस पुव्वकोडी अ ।**
**आणयसुरा य वज्जिअ, चविऊणं जंति सव्वेसु ॥ १४६ ॥**

**અર્થ**—તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વની છે. આનતાદિ દેવલોકના દેવોને વર્જીને બીજા દેવો ચવીને સર્વ જળચરોમાં ઉપજે છે. ( ૧૪૬ ).

**चउगइ चउआगइआ, पत्तेअसरीरिणो असंखिज्जा ।**
**संमुच्छिम आसालिअ-वज्जिअ पुव्वं व थलचारी ॥१४७॥**

**અર્થ**—ચાર ગતિવાળા ને ચાર આગતિવાળા છે. પ્રત્યેક-શરીરી છે અને સંખ્યાએ અસંખ્યાતા છે.

સંમૂર્ચ્છિમ આસાલિકને વર્જીને પૂર્વની જેવા સર્વે થળચર જીવો જાણવા. ( ૧૪૭ ).

**गब्भयजलयरतुल्लं, दारकदंबयमिमेसिमुन्नेअं ।**
**नाणत्तं ओगाहण-ठिइउवट्टणकयं नवरं ॥ १४८ ॥**

**અર્થ**—ગર્ભજ જળચર પ્રમાણે એના દ્વારનો સમૂહ પણ જાણવો. બાકી અવગાહના, સ્થિતિ અને ઉદ્વર્તનને અંગે નાનાપણું ( જુદાપણું ) જાણવું. ( ૧૪૮ ).

**ओगाहणा य गाउअ-छक्कं गब्भयचउप्पयाणं च ।**
**पलिओवमाणि तिन्नि अ, ठिई अ उक्कोसओ होइ ॥१४९॥**

**અર્થ**—ચતુષ્પદ ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયની અવગાહના છ ગાઉની જાણવી અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની જાણવી. ( આ અવગાહના ને આયુ યુગલિકમાં સમજવું ) ( ૧૪૯ ).

**आरब्भ तुरिअपुढवी, सव्वेसु जिएसु जा सहस्सारं ।**
**उववज्जंति अ गब्भय-चउप्पया काउ ठिइ चवणं ॥१५०॥**

**અર્થ**—ગર્ભજ ચતુષ્પદ ચોથી નરક પૃથ્વીને આરંભીને સહસ્રાર સુધી સર્વ જીવોમાં એટલે પહેલી પૃથ્વીથી ચોથી પૃથ્વી ( નરક ) સુધી, ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાં અને દેવગતિમાં આઠમા સહસ્રાર દેવલોક સુધી ઉપજે છે.

આ પ્રમાણે ગર્ભજ ચતુષ્પદનું સ્થિતિ ને ચ્યવન ( ઉપજવું ) જાણવું. ( ૧૫૦ ).

**जोअणसहस्समुरगा, उक्किट्ठं आउ पुव्वकोडी अ ।**
**उवट्टणा य पंचम-पुढवीओ जा सहस्सारो ॥ १५१ ॥**

**અર્થ**—ગર્ભજ ઉરપરિસર્પનું શરીર હજાર યોજનનું હોય છે અને આયુ ક્રોડ પૂર્વનું હોય છે. તેનું ઉદ્વર્તન એટલે ઉપજવું પાંચમી નરક સુધી અને આઠમા સહસ્રાર દેવલોક સુધી છે એટલે પાંચમીથી પહેલી નરક સુધી, મનુષ્ય અને તિર્યંચમાં અને સહસ્રાર દેવલોક સુધી છે. ( ૧૫૧ ).

**गाउअपुहत्त भुअगा, पुव्वाणं कोडि आउमुक्कोसं ।**
**सहसार बीअमहिअं-तरंमि सव्वत्थ गच्छंति ॥ १५२ ॥**

**અર્થ**—ભુજપરિસર્પનું ગાઉ પૃથક્ત્વ ઉત્કૃષ્ટ શરીર હોય છે ને ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય છે, અને બીજી નરક પૃથ્વીથી સહ-

આર દેવલોક સુધી એટલે બીજી અને પહેલી નરકમાં, મનુષ્ય અને તિર્યંચમાં તથા સહસ્રાર સુધી દેવોમાં ઉપજે છે ( ૧૫૨ ).

**जह संमुच्छिम खयरा, चउविहा गब्भया वि तह खयरा ।**
**गब्भयजलयरतुल्ला, देहाइद्दारचिंतणया ॥ १५३ ॥**

**અર્થ**—જેમ સંમૂર્છિમ ખેચર ચાર પ્રકારના છે તેમ ગર્ભજ ખેચર પણ ચાર પ્રકારના છે, તેમાં દેહાદિ દ્વાર ગર્ભજ જળચર પ્રમાણે ચિંતવવા ( જાણવા ). ( ૧૫૩ ).

**ओगाहणठिइउवट्टणासु परमेसिं होइ नाणत्तं ।**
**उक्कोस धणुपुहत्तं, अंगुलअसंखंस लहुअतणू ॥ १५४ ॥**

**અર્થ**—અવગાહના, સ્થિતિ ને ઉદ્વર્તનને વિષે તેનું નાનાપણું એટલે જુદાપણું છે, અવગાહના ઉત્કૃષ્ટ ધનુષ્ય પૃથક્ત્વની છે અને જઘન્ય અંગુળના અસંખ્યાતમા ભાગની છે. ( ૧૫૪ )

**अंतोमुहुत्त लहुअं, पलिआसंखंस आउमुक्कोसं ।**
**सहसार तइअमहिअं-तरंमि उवट्टणा होइ ॥ १५५ ॥**

**અર્થ**—આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનું છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું ( અસંખ્યાતા વર્ષનું ) છે. તેનું ઉપજવું ત્રીજી નરકથી સહસ્રાર દેવલોક સુધી છે. એટલે પહેલી, બીજી, ત્રીજી નરક, મનુષ્યને તિર્યંચ, તથા સહસ્રાર દેવલોક સુધી છે ( ૧૫૫ ).

**गब्भम्मि पुव्वकोडी, तिन्नि अ पलिओवमाइं परमाउं ।**
**उरभुअग पुव्वकोडी, पलिअअसंखिज्ज भागो अ ॥ १५६ ॥**

**અર્થ**—ગર્ભજ જલચરનું આયુ ક્રોડ પૂર્વ, ચતુષ્પદનું ત્રણ પલ્યોપમ, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પનું ક્રોડ પૂર્વ અને

ખેચરનું પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ-એમ પાંચેનું અનુક્રમે ઉત્કૃષ્ટ આયુ જાણવું. ( ૧૫૬ ).

**जोअणसहस्स छगाउआउ तत्तो अ जोअणसहस्सं ।**
**गाऊ अ पुहत्त भुअगे, धणुहपुहत्तं च पक्खीसु ॥ १५७ ॥**

**અર્થ**—શરીર જલચરનું હજાર જોજન, ચતુષ્પદનું છ ગાઉ, ઉરપરિસર્પનું હજાર યોજન, ભુજપરિસર્પનું ગાઉપૃથક્ત્વ અને પક્ષીનું ધનુષ્યપૃથક્ત્વ અનુક્રમે જાણવું. ( ૧૫૭ ).

**अह मणुआण सरूवं, जिणगणहरभासिअं परूविज्जा ।**
**संमुच्छिमा य गब्भय-मणुआ दुविहा जिणमयम्मि ॥१५८॥**

**અર્થ**—હવે જિન અને ગણધરોએ કહેલું મનુષ્યનું સ્વરૂપ કહેવાય છે.-જિનેશ્વરના મતમાં સંમૂર્છિમ અને ગર્ભજ એમ બે પ્રકારના મનુષ્યો કહ્યા છે. ( ૧૫૮ ).

**अंतोमणुस्सखित्ते, अड्ढाईदीववारिनिहिमज्झे ।**
**पन्नरसकम्मभूमीसु, तीसाइ अकम्मभूमीसु ॥ १५९ ॥**
**छप्पन्नाए अंतर-दीवेसुं गब्भया य जे मणुआ ।**
**तेसिं उच्चारेसुं, पासवणेसुं च खेलेसुं ॥ १६० ॥**
**सिंघाणएसु वंतिसु, पित्तेसु च सोणिएसु सुक्केसु ।**
**तह चेव सुक्कपुग्गल-परिसाडेसु व मयगेसु ॥ १६१ ॥**
**थीनरसंजोगेसु व, पुरनिद्धमणेसु जल्ल तह चेव ।**
**सव्वासुइठाणेसु त्ति, संमुच्छिममाणुसा हुंति ॥ १६२ ॥**

**અર્થ**—મનુષ્યક્ષેત્રમાં એટલે અઢીદ્વીપ અને બે સમુદ્ર મધ્યે પંદર કર્મભૂમિને વિષે, ત્રીશ અકર્મભૂમિને વિષે અને

છપ્પન અંતરદ્વીપને વિષે જે ગર્ભજ મનુષ્યો છે, તેમના ઉચ્ચારમાં ( વડીનીતિમાં ), પ્રસ્રવણમાં ( લઘુનીતિમાં ) અને ખેળમાં, નાકનો મેલ, વમન, પિત્ત, રુધિર, વીર્ય, શુક્રપુદ્ગલનો પરિષાટ, મૃતક, સ્ત્રી–પુરુષનો સંયોગ, નગરની ખાળ, કાનનો મેલ તથા સર્વ અશુચિસ્થાન–આ ચૌદસ્થાનક વિષે સંમૂર્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. ( ૧૫૯–૧૬૦–૧૬૧–૧૬૨ ),

**ओरालिअ तेजस कम्मणाणि देहाणि हुंति एएसिं ।**
**अंगुलअसंखभागो, जहन्नमुक्कोसतणुमाणं ॥ १६३ ॥**

અર્થ—તેમને ઔદારિક, તૈજસ અને કાર્મણ ત્રણ શરીર હોય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું જ હોય છે. ( ૧૬૩ ).

**पंच य अपजत्तीओ, दिट्ठी दंसण तहा अनाणं च ।**
**जोगो उवओगो वि अ, पुढवीकाय व्व बोधव्वं ॥ १६४ ॥**

અર્થ—તેમને પાંચ પર્યાપ્તિઓ હોય છે અને તે અપર્યાપ્તા જ હોય છે. દૃષ્ટિ, દર્શન, અજ્ઞાન, યોગ અને ઉપયોગ એ સર્વ પૃથ્વીકાય પ્રમાણે જાણવા. ( ૧૬૪ ).

**आहारो जह बेइंदिआण, नेरइअदेववायगणी ।**
**वज्जिअ असंखआऊ, उववाओ सेसजीवेहिं ॥ १६५ ॥**

અર્થ—તેમનો આહાર બેઇંદ્રિય પ્રમાણે હોય છે. અને નારકી, દેવતા, વાયુકાય, અગ્નિકાય અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિકોને વર્જીને બીજા જીવો તેમાં ઉપજે છે. ( ૧૬૫ ).

ठिइ उक्कोस जहन्ना, अंतमुहुत्तं पमाणओ होइ ।
मरणसमुग्घाएणं, मरंति ते अन्नहा वावि ॥ १६६ ॥

અર્થ—તેમની સ્થિતિ ( આયુષ્ય ) જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તની જ હોય છે, અને મરણસમુદ્ઘાતવડે તેઓ મરે છે અથવા અન્યથા પણ મરે છે. ( ૧૬૬ ).

उवट्टिऊणणंतर-मुववज्जंते अ जीवठाणेसु ।
नेरइअदेववज्जिअ, तहा असंखाउ सेसेसु ॥ १६७ ॥

અર્થ—અને તેમાંથી ચ્યવીને નારકી, દેવતા અને અસંખ્યાતા આયુવાળા યુગલિકોને વર્જીને બીજા જીવસ્થાનકોને વિષે ઉપજે છે. ( ૧૬૭ ).

दोआगइअ दुगइआ, माणुसतिरिगाई अ विक्खाए ।
पत्तेआ य असंखा, संमुच्छिममाणुसा हुंति ॥ १६८ ॥

અર્થ—તેમની બે ગતિ અને બે આગતિ છે, તે ( સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ) મનુષ્ય અને તિર્યંચમાં ઉપજે છે. તે પ્રત્યેક શરીરી છે અને તે સંમૂર્છિમ મનુષ્યો અસંખ્યાતા છે. (૧૬૮).

गब्भयमणुआ तिविहा, कम्मगभूमा अकम्मभूमा य ।
तइआ अंतरदीवय, अपजत्ता हुंति पजत्ता ॥ १६९ ॥

અર્થ—હવે ગર્ભજ મનુષ્યનું સ્વરૂપ કહે છે. તે ત્રણ પ્રકારના છે: કર્મભૂમિના, અકર્મભૂમિના અને ત્રીજા અંતરદ્વીપના છે. તે પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બન્ને પ્રકારના હોય છે (૧૬૯).

ओरालिअवेउव्विअ-आहारगतेअकम्मणनिहाणा ।
एए पंच सरीरा, हवंति गब्भयमणुस्साणं ॥ १७० ॥

**અર્થ**—તે ગર્ભજ મનુષ્યોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચે શરીર હોય છે. ( ૧૭૦ ).

**उक्कोसओ अ तिन्नि अ, गाउअ ओगाहणा जहन्नेणं ।**
**अंगुलअसंखभागो, संघयणाइं तु छच्चेव ॥ १७१ ॥**

**અર્થ**—ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની અને જઘન્ય અંગુળના અસંખ્યાતમા ભાગની છે. સંઘયણ છએ હોય છે. (૧૭૧).

**संठाणाणि अ छच्चवि, कोहकसाई वि मयकसाई वि ।**
**माई लोहकसाई, हवंति अकसाइणो तिविहा ॥ १७२ ॥**

**અર્થ**—સંસ્થાન છએ હોય છે. ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી ને લોભકષાયી હોય છે. અકષાયી ત્રણ પ્રકારના ( બારમે, તેરમે અને ચૌદમે ગુણઠાણે ) હોય છે. (૧૭૨).

**आहारभीइमेहुण-परिग्गहसन्नोवउत्तया मणुआ ।**
**नोसन्ना उवउत्ता, चारित्ती वीअरागा य ॥ १७३ ॥**

**અર્થ**—આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચારે સંજ્ઞાવાળા મનુષ્યો હોય છે, અને નોસંજ્ઞા ઉપયુક્ત ( માત્ર ) વીતરાગ ચારિત્રી હોય છે. ( ૧૭૩ ).

**किण्हा नीला काऊ, तेऊ पम्हा य सुक्कलेसा य ।**
**सत्तमिआ अलेसा, इंदिअनोइंदिउवउत्ता ॥ १७४ ॥**

**અર્થ**—કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ ને શુકલ છએ લેશ્યા હોય છે. સાતમા અલેશી ( ચૌદમા ગુણસ્થાનકે ) હોય છે અને ઇંદ્રિય તથા નોઇંદ્રિયવાળા હોય છે. ( ૧૭૪ ).

**सत्त वि अ समुग्घाया, कसाय मरणे अ वेअणतेए अ ।**
**वेउव्विअ आहारे, केवलि सत्त य समुग्घाया ॥ १७५ ॥**

**અર્થ**—સાતે સમુદ્ઘાત કષાય, મરણ, વેદના, વૈક્રિય, તેજસ, આહારક અને કેવળી એ નામના હોય છે. (૧૭૫).

**सन्नी तहा असन्नी, केवली असन्निणो अ बोधव्वा ।**
**पुरिसित्थी अ नपुंसा, सुहुमकसाई अ अवेआ ॥१७६॥**

**અર્થ**—ગર્ભજ મનુષ્ય સંજ્ઞી ને અસંજ્ઞી બન્ને પ્રકારના હોય છે તેમાં કેવળીને[1] અસંજ્ઞી સમજવા. પુરુષ, સ્ત્રી ને નપુંસક એ ત્રણે વેદવાળા હોય છે અને સૂક્ષ્મકષાયી તથા અવેદી પણ હોય છે. ( ૧૭૬ ).

**भासामणसो एगत्तणेण, पज्जत्ति पंच अपज्जत्ती ।**
**मिच्छादिट्ठी सम्म-दिट्ठी तह उभयदिट्ठी अ ॥१७७॥**

**અર્થ**—ભાષા ને મનપર્યાપ્તિ એક સાથે થતી હોવાથી પર્યાપ્તા ને અપર્યાપ્તા બન્ને પાંચ પર્યાપ્તિવાળા હોય છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ એમ ત્રણે દૃષ્ટિવાળા હોય છે. ( ૧૭૭ ).

**चक्खुअचक्खूओही-केवलदंसणजुआ य नाणी अ ।**
**अन्नाणी मिच्छत्ती, सम्मदिट्ठी तहा नाणी ॥१७८॥**

**અર્થ**—ચક્ષુ, અચક્ષુ, અવધિ ને કેવળ-એ ચાર દર્શનવાળા હોય છે. તેમજ જ્ઞાનદ્વારમાં સમકિતી જ્ઞાનવાળા હોય છે ને મિથ્યાત્વી અજ્ઞાનવાળા હોય છે. ( ૧૭૮ ).

**नाणाणि पंच अन्नाण-तिन्नि अ भयणाइ हुंति जीवाणं ।**
**भयणा एवं केइ अ, दुनाणी मइसुअभिलावा ॥१७९॥**

---

૧. કેવળીને મનના વ્યાપાર વિનાના હોવાથી અસંજ્ઞી સમજવા.

**ओहिमणपज्जवेहिं, सहिआ तिन्नाणिणो नरा हुंति ।**
**मइसुअओहिमणपज्जवेहिं चउनाणिणो मणुआ ॥१८०॥**
**केवलनाणुवओगो, केवलिणो एगनाणिणो हुंति ।**
**छाउम्मित्थिअनाणे, नट्ठम्मि अ केवलं एगं ॥१८१॥**

**અર્થ**—ગર્ભજ મનુષ્ય જીવોને પાંચ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. જ્ઞાન માટે ભજના આ રીતે છે–કોઇ મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની એમ બે જ્ઞાનવાળા હોય છે. ( મતિશ્રુત સાથે) અવધિ જ્ઞાનવાળા અથવા મનઃપર્યવ જ્ઞાનવાળા એમ ત્રણજ્ઞાનવાળા હોય છે. અને મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યવવડે કરીને ચાર જ્ઞાનવાળા હોય છે. કેવળજ્ઞાનના જ ઉપયોગથી કેવળીઓ એક જ્ઞાનવાળા હોય છે; કેમકે છાદ્મસ્થિક ( ચાર ) જ્ઞાન નાશ પામવાથી એક કેવળજ્ઞાન જ હોય છે. ( ૧૭૯–૧૮૦–૧૮૧ ).

**मइसुअअन्नाण विभंग–जोगओ दुतिअनाणिणो नेआ ।**
**मणवयणकायजोगी, तहा अजोगी सिलेसं च ॥१८२॥**

**અર્થ**—મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના યોગથી બે અને ત્રણ અજ્ઞાની જાણવા. અને મન, વચન તથા કાયાના યોગવાળા હોય છે, શૈલેશી અવસ્થામાં અયોગી હોય છે. (૧૮૨).

**उवओगो आहारो, नेओ बेइंदिअ व मणुआणं ।**
**उववाओ सत्तममहि–नेरइआदी उ वज्जित्ता ॥१८३॥**

**અર્થ**—મનુષ્યોને ( સાકાર, નિરાકાર ) ઉપયોગ હોય છે અને આહાર બેઇંદ્રિયની જેમ હોય છે. તથા સાતમી પૃથ્વીના નારકી વિગેરેને વર્જીને ( મનુષ્યને વિષે ) ઉપપાત ( ઉપજવું ) હોય છે. તે વિષે કહ્યું છે કે–( ૧૮૩ ).

**सत्तममहिनेरइआ, तेऊ वाऊ अणंतरुवट्टा ।**
**न वि पावे माणुस्सं, तहा असंखाउआ सव्वे ॥१८४॥**

**અર્થ**—સાતમી નરકના નારકી, અને તેઉ વાયુ ત્યાંથી નીકળીને અનંતર મનુષ્યપણું પામતા નથી, તથા સર્વે અસંખ્યાત વર્ષના આયુવાળા યુગલિકો પણ મનુષ્યપણું પામતા નથી. ( १८४ ).

**पलिओवमाणि तिन्नि अ, ठिई अ उक्कोसओ अ मणुआणं ।**
**अंतमुहुत्त जहन्नं, मरणं दुविहं च मणुआणं ॥१८५॥**

**અર્થ**—મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું હોય છે. તથા મનુષ્યોનું મરણ સમુદ્ઘાતવડે અને સમુદ્ઘાત વિના એમ બે પ્રકારે હોય છે. (१८५).

**उव्वट्टिऊण गच्छंति, सव्वनेरइअतिरिअमणुएसु ।**
**सव्वेसु सुरेसुं तह, केइअ पावंति निव्वाणं ॥१८६॥**

**અર્થ**—મનુષ્યમાંથી નીકળીને સાતે નરકમાં, તિર્યંચમાં, મનુષ્યમાં અને સર્વ જાતિના દેવોમાં ઉપજે છે, તથા કેટલાક નિર્વાણને પણ પામે છે. ( १८६ ).

**चउरागईआ मणुआ, पंचगइआ य सिद्धिगइसहिआ ।**
**संखिज्ज कोडिकोडी-परिमाणा हुंति पत्तेआ ॥१८७॥**

**અર્થ**—મનુષ્યો ચાર આગતિવાળા અને સિદ્ધિગતિ સહિત પાંચ ગતિવાળા હોય છે, સંખ્યાએ સંખ્યાતા કોટાકોટિ પ્રમાણ-વાળા અને પ્રત્યેક શરીરવાળા હોય છે. ( १८७ ).

**भवणवइवाणमंतर-जोइसवेमाणिआ सुरा चउहा ।**
**दस सोले पंच दुन्नि अ, भेआ देवाण य हवंति ॥१८८॥**

અર્થ—હવે દેવોનું સ્વરૂપ કહે છે-ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવો હોય છે. તેના અનુક્રમે દસ, સોળ, પાંચ અને બે ભેદ છે. ( ૧૮૮ ).

अपजत्ता पज्जत्ता, दुविहा देवा हवंति अपजत्ता ।
उप्पत्तिकालि अ पजत्ति-नामकम्मोदया नेआ ॥१८९॥

અર્થ—તથા તે દેવો અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારના હોય છે. તેમાં અપર્યાપ્તા ઉત્પત્તિકાળે હોય છે, પણ તેને પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જાણવા. ( ૧૮૯ ).

नारयदेवा तिरिमणुअ-गब्भजा जे असंखवासाऊ ।
एए उ अपज्जत्ता, उववाए चेव बोधव्वा ॥ १९० ॥

અર્થ—નારકી, દેવ અને અસંખ્યાતા વર્ષના આયુષ્ય-વાળા ગર્ભજ તિર્યંચ ને મનુષ્ય આ સર્વને ઉત્પત્તિ સમયે જ અપર્યાપ્તા જાણવા. ( ૧૯૦ ).

वेउव्विअतेअकम्माणं च काया हवंति तिन्नेव ।
भवधारणिज्ज उत्तर-विउव्वि ओगाहणा दुविहा ॥ १९१ ॥

અર્થ—વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ જ શરીર હોય છે, તેની અવગાહના ભવધારણીય અને ઉત્તરવૈક્રિય એમ બે પ્રકારની હોય છે. ( ૧૯૧ ).

अंगुल असंखभागो, पढमा उक्कोसओ अ सत्तकरा ।
अंगुलसंखिज्जंसो, जोअणसयसहस्समिअरा य ॥ १९२ ॥

અર્થ—તેમાં પહેલી એટલે ભવધારણીય શરીરની જઘન્ય

અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ સાત હાથની હોય છે, અને બીજી એટલે ઉત્તરવૈક્રિયની જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ એક લાખ યોજનની હોય છે. (૧૯૨).

छण्हं संघयणाणं, संघयणेणावि अन्नतरगेण ।
रहिआ हवंति देवा, नेवट्ठिसिराइ तद्देहे ॥ १९३ ॥

અર્થ—છ સંઘયણ મધ્યે અન્યતર કોઇપણ સંઘયણે કરીને રહિત દેવો હોય છે, કારણ કે તેમના શરીરને વિષે અસ્થિ અને સિરા વિગેરે હોતું નથી. ( ૧૯૩ ).

जे पुग्गला य इट्ठा, कंता य पिआ तहा मणुन्ना य ।
सुहरसगंधप्फासा, तद्देहे ते परिणमंति ॥ १९४ ॥

અર્થ—જે પુદ્ગલો ઇષ્ટ, કાંત, પ્રિય અને મનોજ્ઞ છે અને જે શુભ (વર્ણ), રસ, ગંધ અને સ્પર્શવાળા છે તે તેના દેહને વિષે આહારપણે પરિણમે છે. ( ૧૯૪ ).

भवधारणिज्जदेहो, सव्वेसि सुराण पढमसंठाणे ।
इअरो नाणासंठाण-संठिओ इच्छया भावा ॥ १९५ ॥

અર્થ—સર્વ દેવોનું ભવધારણીય શરીર પ્રથમ સંસ્થાન-( સમચતુરસ્ત્ર )વાળું હોય છે, અને ઉત્તરવૈક્રિય શરીર નાના પ્રકારના સંસ્થાનવાળું અને ઇચ્છિત ભાવવાળું હોય છે. ( ૧૯૫ ).

चउरो कसायसन्ना, लेसाछक्कं च इंदिआ पंच ।
वेअणकसायमारण-वेउव्विअतेअसंघाया ॥ १९६ ॥

અર્થ—ચાર કષાય, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઇંદ્રિય તથા વેદના, કષાય, મારણ, વૈક્રિય અને તેજસ એ પાંચ સમુદ્ઘાત હોય છે. ( ૧૯૬ ).

**सन्नी तहा असन्नी, नेरइआ इव असन्निणो अमरा ।**
**थीपुरिसा पज्जत्ती, दिट्ठी दंसण जहा निरया ॥ १९७ ॥**

**અર્થ**—તથા તે દેવો સંજ્ઞી અને અસંજ્ઞી હોય છે. તેમાં અસંજ્ઞી નારકીની જેમ હોય છે. તથા સ્ત્રી અને પુરુષ એ વેદવાળા હોય છે. અને પર્યાપ્તિ, દૃષ્ટિ અને દર્શન નારકીની જેમ હોય છે. ( ૧૯૭ ).

**मइ सुअ ओही तिन्नाण-संजुआ सम्मदिट्ठि देवा य ।**
**अन्नाणदुगतिएणं, संजुत्ता मिच्छदिट्ठि सुरा ॥ १९८ ॥**

**અર્થ**—સમ્યગ્દૃષ્ટિ દેવો મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સહિત હોય છે. અને મિથ્યાદૃષ્ટિ દેવો બે અથવા ત્રણ અજ્ઞાનવડે યુક્ત હોય છે.[1] ( ૧૯૮ ).

**जोगुवओगाहारा, नेरइआणं व होइ देवाणं ।**
**सन्नि असन्नि पणिंदिअ, तिरि सन्निनराउ उववाओ ॥१९९॥**

**અર્થ**—દેવોને યોગ, ઉપયોગ અને આહાર નારકીની જેમ હોય છે. સંજ્ઞી અને અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચો અને સંજ્ઞી મનુષ્યો તેમાં ( દેવોમાં ) ઉપજે છે. ( ૧૯૯ ).

**दसवाससहस्साणि अ, ठिई जहन्ना य होइ देवाणं ।**
**तित्तीससागरोवम-परिमाणा होइ उक्किट्ठा ॥ २०० ॥**

**અર્થ**—દેવોની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની હોય છે અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ પ્રમાણ હોય છે. ( ૨૦૦ ).

**दुविहं मरणं तेसिं, गच्छंति अ ते अणंतरुव्वट्टा ।**
**भूदगवण संखाउअ-गब्भयतिरिमणुअजीवेसु ॥२०१॥**

---

૧ જે જીવો અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયમાંથી આવેલ હોય તેને બે અજ્ઞાન હોય છે.

**અર્થ**—તેનું મરણ બે પ્રકારે હોય છે. અને તે ત્યાંથી ચ્યવીને અનંતર બાદર પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને સંખ્યાતા આયુવાળા ગર્ભજ તિર્યંચ ને મનુષ્યમાં ઉપજે છે. ( ૨૦૧ ).

**दो आगइ अ दुगइआ, माणुसतिरिअग्गइअ विक्खाए ।**
**पत्तेअ असंखिज्जा, एसा य सुराण तेवीसी ॥ २०२ ॥**

**અર્થ**—તે બે ગતિવાળા ને બે આગતિવાળા એટલે મનુષ્ય, તિર્યંચ બે ગતિ અને તેજ બે આગતિવાળા વિખ્યાત છે. પ્રત્યેક શરીરી છે અને સંખ્યાએ અસંખ્યાતા છે. આ પ્રમાણે દેવોના ત્રેવીશ દ્વાર જાણવા. ( ૨૦૨ ).

**तसभावे अ जिआणं, अंतमुहुत्तं भवट्ठिइ जहन्ना ।**
**तित्तीसयरपमाणा, नारयदेवेसु उक्कोसा ॥ २०३ ॥**

**અર્થ**—હવે સર્વ જીવોની ભવસ્થિતિ ને કાયસ્થિતિ કહે છે. ત્રસ જીવોની જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની નારકી અને દેવોમાં છે. ( ૨૦૩ ).

**थावरभाव भवो खलु, अंतमुहुत्तं जहन्नओ होइ ।**
**उक्किट्ठ सहस बावीस–वासमाणो अ पुढवीए ॥ २०४ ॥**

**અર્થ**—સ્થાવર ભાવ પામેલા જીવોની જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષની પૃથ્વીકાયને આશ્રયીને છે. ( ૨૦૪ ).

**अंतोमुहुत्तमित्ता, तसेसु कायठिई जहन्नेणं ।**
**भणिया य जिणवरेहिं, कालमसंखिज्जमुक्किट्ठा ॥२०५॥**

**અર્થ**—ત્રસ જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની છે અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ જિનવરોએ અસંખ્યકાળની કહી છે (૨૦૫).

**उसप्पिणी अ उस्सप्पिणी उ अस्संखकालओ हुंति ।**
**लोगा उ असंखिज्जा, काले एअम्मि खित्तओ हुंति ॥२०६॥**

**અર્થ**—એટલે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીની સમજવી અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ ઉત્સર્પિણીની સમજવી. ( ૨૦૬ ).

**अह थावरत्तकालो, थावरजीवाण किच्चिरं होइ ।**
**अंतमुहुत्त जहन्नो, अणंतकालं च उक्किट्ठो ॥२०७॥**

**અર્થ**—હવે સ્થાવરપણાને પામેલા સ્થાવર જીવોની કેટલી કાયસ્થિતિ હોય ? તે કહે છે. જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અનંતકાળની છે. ( ૨૦૭ ).

**ओसप्पिणी अणंता, लोआ काला उ खित्तओ हुंति ।**
**पुग्गलपरिअट्टा पुण, आवलिआसंखभागसमा ॥२०८॥**

**અર્થ**—કાળથી અનંત ઉત્સર્પિણીની અને ક્ષેત્રથી અનંતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ ઉત્સર્પિણીની જાણવી અને પુદ્ગળ-પરાવર્ત આવળીના અસંખ્યાત ભાગના સમય પ્રમાણ અસંખ્યાત જાણવા. ( ૨૦૮ ).

**तसभावस्स वणस्सइ–कालो उक्किट्ठमंतरं होइ ।**
**तस संचिट्ठणया या जा, थावरभावस्स अंतरयं ॥२०९॥**

**અર્થ**—ત્રસભાવ ફરીને પામવાનું અંતર વનસ્પતિના કાળ પ્રમાણ જાણવું અને ત્રસપણામાં રહેવા જેટલા કાળનું સ્થાવરપણું ફરીને પામવાનું અંતર સમજવું. ( ૨૦૯ ).

**पुढवीकाओ पुढवी–काउ त्ति अ किच्चिरं हवइ जीवो ।**
**अंतमुहुत्त जहन्नं, कालमसंखिज्जमुक्कोसो ॥ २१० ॥**

અર્થ—પૃથ્વીકાય જીવોની પૃથ્વીપણાની કાયસ્થિતિ કેટલી હોય ? જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળની હોય છે. ( ૨૧૦ ).

ओसप्पिणी असंखा, कालाओ खित्तओ तहा लोआ ।
एवं दगग्गिवाउसु, कायठिइकालपरिमाणं ॥२११॥

અર્થ—અપ્કાય, તેજસ્કાય અને વાયુકાયની કાયસ્થિતિ કાળથી અસંખ્ય ઉત્સર્પિણી અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ ઉત્સર્પિણીની સમજવી. ( ૨૧૧ )

कालोऽणंतो भणिओ, वणसइ जीवाण कायठिइ भावे ।
तम्मिअ उस्सप्पिणीओ,कालओ हुंति अ अणंता ॥२१२॥

અર્થ—વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંતા કાળની કહી છે એટલે કાળથી અનંત ઉત્સર્પિણી પ્રમાણ હોય છે. ( ૨૧૨ )

तह य अणंता लोआ, हुंति असंखिज्ज पुग्गला ते अ ।
आवलिअ असंखंसे, जे समया तप्पमाणा य ॥२१३॥

અર્થ—તથા ક્ષેત્રથી અનંતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ ઉત્સર્પિણીની સમજવી અને આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય તેટલા અસંખ્યાતા પુદ્ગલપરાવર્તની સમજવી. (૨૧૩)

कइवयवासब्भहिअं च, सागराणं सहस्सजुअलं तु ।
लद्धितसाणं नेअं, कायठ्ठिइकालपरिमाणं ॥ २१४ ॥

અર્થ—લબ્ધિત્રસની કાયસ્થિતિના કાળનું પરિમાણ કેટલાક વર્ષ અધિક બે હજાર સાગરોપમનું સમજવું. ( ૨૧૪ )

संववहारिअ जीवे, अहिगिच्च पवन्निओ इमो कालो ।
इअराणं कायठिई, अणाइ भणिआ जिणमयम्मि॥२१५॥

**અર્થ**—સાંવ્યવહારિક જીવોને આશ્રીને આ ઉપર પ્રમાણે કાળ કહ્યો છે, અને બીજાની ( અસંવ્યવહારિકની ) કાયસ્થિતિ જિનેશ્વરના મતમાં અનાદિ કહી છે. ( ૨૧૫ )

**अत्थि अणंता जीवा, जेहिं न पत्तो तसाइपरिणामो ।**
**तेऽवि अणंताणंता, निगोअवासं अणुहवंति ॥ २१६ ॥**

**અર્થ**—એવા અનંતા જીવો છે કે જેઓ ત્રસાદિ પરિણામને પામ્યા નથી. તેઓ સંખ્યાએ અનંતાનંત છે અને નિગોદવાસને અનુભવે છે. ( ૨૧૬ ).

**केसिंचि जिआणं किर, अणायणंता तणुठिई जे अ ।**
**अव्ववहारिअमज्झा, न जाउ समुविंति ववहारं ॥२१७॥**

**અર્થ**—કેટલાક જીવોની કાયસ્થિતિ અનાદિઅનંત છે કે જેઓ અવ્યવહારરાશિમાંથી નીકળીને વ્યવહારરાશિને કદાપિ પામવાના નથી. ( ૨૧૭ ). આ જીવો જાતિભવ્ય કહેવાય છે.

**केसिंचि अ कायठिई, अणाइ संता य भासिआ सुत्ते ।**
**जे अ असंववहारिअ-रासीओ जंति ववहारं ॥२१८॥**

**અર્થ**—તથા કેટલાક જીવોની કાયસ્થિતિ સૂત્રમાં અનાદિસાંત કહી છે કે જેઓ અવ્યવહારરાશિમાંથી નીકળીને વ્યવહારરાશિમાં જાય છે. ( જવાના છે. ) ( ૨૧૮ ).

**जिणभद्दखमासमणा, संवायं बिंति इत्थ य विआरे ।**
**पुव्वायरिअपवुत्तं, सत्थे अ विसेसणवईए ॥ २१९ ॥**

**અર્થ**—વિશેષણવતી નામના શાસ્ત્રમાં પૂર્વાચાર્યે જે કહ્યું છે તેના સંવાદને આ વિચારમાં જિનભદ્રક્ષમાશ્રમણ કહે છે કે–(૨૧૯).

**सिज्झंति जत्तिआ किर, इह संववहारजीवरासीओ ।**
**इंति अणाइवणस्सइ-रासीओ तत्तिआ तम्मि ॥ २२० ॥**

**અર્થ**—સંવ્યવહાર જીવરાશિમાંથી જેટલા જીવો અહીં સિદ્ધિપદને પામે છે તેટલા જીવો અનાદિ વનસ્પતિ જીવ-રાશિમાંથી અહીં વ્યવહારરાશિમાં આવે છે. ( ૨૨૦ ).

**अप्पबहुत्तविआरे, सव्वत्थोवा तसा असंखाया ।**
**तत्तो अ अणंतगुणा, थावरकाया समक्खाया ॥२२१॥**

**અર્થ**—અલ્પબહુત્વના વિચારમાં સર્વથી થોડા ત્રસ જીવો છે અને તે અસંખ્યાતા છે. તેનાથી અનંતગુણા સ્થાવરકાય કહ્યા છે. ( ૨૨૧ )

**ते अ जहन्नुक्किट्ठा, णंताणंता पमाणओ नेआ ।**
**संसारसमावन्ना, सेत्तं जीवा दुहा वुत्ता ॥२२२॥**

**॥ इति संग्रहणीसूत्रं संपूर्णम् ॥**

**અર્થ**—અને તે ( સ્થાવરકાય ) જઘન્ય અને ઉત્કૃષ્ટથી અનંતાનંત પ્રમાણવાળા જાણવા. આ પ્રમાણે સંસારને પ્રાપ્ત થયેલા જીવો બે પ્રકારના ત્રસ ને સ્થાવર કહ્યા. ( ૨૨૨ )

ઇતિ જીવાભિગમોપાંગ સંગ્રહણીપ્રકરણ સમાપ્ત.

આ પ્રકરણની સં. ૧૬૫૫ના ફાલ્ગુન શુકલ પ્રતિપદાને દિવસે લખેલી હસ્તલિખિત પ્રત પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના પ્રશિષ્ય સાક્ષરવર્ય પુણ્યવિજયજી મહારાજે મોકલેલી તે ઉપરથી પ્રેસકૉપી કરાવીને યથામતિ ભાષાંતર લખ્યું છે. તેમાં જે કાંઈ સૂત્રવિરુદ્ધ લખાયું હોય તેને માટે મિચ્છાદુક્કડં આપવામાં આવે છે.

ज्ञान

दर्शन चारित्र

ज्ञानक्रियाभ्यां मोक्षः

सि

सा अ आ

उ

सम्यग् ज्ञानं परम निधानं

श्री जैनधर्म प्रसारक सभा.